

'ક્રીડા' · કલાકાર: એ. એ. આલમેલકર · વિશેષ આ અંકમાં

સંસ્થાપક · રવિશંકર રાવળ
વર્ષ ૩૮ · અંક ૪ · એપ્રિલ ૧૯૬૧

કુમાર

તંત્રી · બચુભાઈ રાવત





ગૉન્ડ જાતિના ઘરની પરશાળ

મથાળે: 'રામચરણ'–બૈગા જાતિનો જુવાન નીચે: 'બજાર ભણી'
(ચિત્રકાર: એ. એ. આલમેલકર)

કલાકાર અબ્દુર્રહીમ આલમેલકરે આદિવાસીઓનાં કરેલાં આ (તથા પાછળનાં) ચિત્રોમાં તેમની લાક્ષણિક મુખમુદ્રાઓ ઉપરાંત તેમનાં આભૂષણો, ગૃહ-ઉપસ્કરો, જીવનસાધનો તથા તેમની કલાવૃત્તિ દાખવતાં ભીંત પરનાં ચિત્રો સુધી કલાકારના અભ્યાસની પ્રતીતિ જણાશે.



ગૉન્ડ મા-દીકરો





મંદિરે · ચિત્રકાર: એ. એ. આલમેલકર (કલાકારના સૌજન્યથી)

આ અંકની 'કલાવાર્તા'માં જણાવ્યા પ્રમાણે કલાકાર આલમેલકરે પોતાની ચિત્રશૈલી દક્ષિણનાં રાજ્યોમાં પ્રચલિત પરંપરાગત શૈલી પર ઘડી છે એ તો આ ચિત્ર પરથી પ્રતીત થશે. પરંતુ તેના નિર્જીવ અનુકરણમાં જ એમની શક્તિ પુરાઈ રહી નથી તેની સાક્ષી ૩૫ આ અંકના પૂઠા પરનું તેમજ સાથેનાં અન્ય ચિત્રો પૂરશે. ભર્યાભર્યા લાગતાં એમનાં સર્વ ચિત્રોમાંની એકેએક નાની વસ્તુ પણ ઉચિત ભારસામ્ય જાળવતી પોતાના સ્થાનમાંથી સુંદરરીતે ઉપસી આવે છે એ તેમના સંયોજનાકૌશલને આભારી છે. ગયે વર્ષે તેમણે મધ્ય ભારતની આદિવાસી જાતિઓ—ગૉન્ડ, બૈગા આદિ વચ્ચે રહીને લીધેલી નોંધો પરથી કરેલાં મબલખ ચિત્રોમાંના થોડા નમૂના આ સાથે છે, તો એમની શરૂની શૈલીનું સ્મરણ કરાવતાં પ્રકૃતિ દશ્યો પણ અન્યત્ર આપ્યાં છે. સંયોજના-સૌંદર્યની સાથોસાથ ઊભા રહે એવી એમની રંગાવટ પણ પોતાનો આગવો ઉઠાવ ધરાવે છે.

કુમાર
એપ્રિલ ૧૯૬૧ • અંક ૪૪૮

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૯: પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ: ૧ રૂપિયો

આવતી કાલનાં નાગરિકો માટે જ્ઞાન, સંસ્કાર અને ચારિત્ર્યઘડતર પ્રબોધતું આદર્શ માસિક

વાચકો લખે છે.....

[આ વિભાગમાં પ્રકટ થતા દરેક 'તારાંકિત પત્ર' માટે ૧ રૂપિયો પુરસ્કાર અપાશે.]

★ ગુજરાતના કેટલાક પ્રદેશોમાં તરબૂચ બે જાતનાં થાય છે: એક ખાઈ શકાય તેવાં અને બીજાં જંગલી growing wildly. આ તરબૂચ નદીના કાંઠે કે તળમાં થાય છે. આમાંથી જે જંગલી પ્રકારનાં છે તે ઉનાળામાં થાય છે અને જ્યારે એ પાકી જાય ત્યારે ફાટી જાય છે ને તેમાંથી ઘણાં બી નીકળે છે. તરબૂચનાં બીને તેલ મેળવવા માટે એકઠાં કરી લેવામાં આવે છે. કહેવાય છે કે એકલા બનાસકાંઠા જિલ્લામાંથી લગભગ ૧૫૦૦ ટન જેટલાં આવાં તેલીબિયાં મળી શકે. તરબૂચનાં આ બિયામાં લગભગ ૧૭ થી ૧૯ ટકા તેલ હોય છે અને હજુ આ તેલ મેળવવા માટે પૂરતા પ્રયાસ થવા જરૂરી છે. આ બિયાંને પીલીને તેલ કાઢી શકાય છે, ને પીલ્યા પછી રહેતા ખોળમાં બાકી રહી ગએલું તેલ સૉલ્વન્ટ એક્સ્ટ્રૅક્શન પ્રોસેસથી શોષી લઇ શકાય છે. તરબૂચના આ તેલનો રંગ આછો હોય છે અને દેખાવે શીંગતેલ જેવું લાગે છે. સાબુના ઉદ્યોગમાં શીંગતેલને બદલે તરબૂચના તેલનો ઉપયોગ થઈ શકે. એમ મનાય છે કે આ તેલનું કેમિકલ કૉમ્પોઝિશન લગભગ શીંગતેલ જેવું હોય છે.

(ભાવનગર) —લલિત ભટ્ટ

શ્રી મહેતાની 'રંગ-ગઠરિયાં'માં માઇકલ ઍન્જેલોનું ઇશુ ખ્રિસ્તને ખોળામાં રાખેલી શોકગ્રસ્ત મેરીનું ચિત્ર બતાવ્યું છે, તેમાં ઈશુ ઉમરે વૃદ્ધ દેખાય છે. માતા વધુ વૃદ્ધ હોવી જોઇએ, પણ તેના મોં ઉપર વૃદ્ધાવસ્થાનું ચિહ્ન નજરે પડતું નથી. તો આ ક્ષતિ ના કહેવાય? અહીં મને વાસ્તવિકતાનો ભંગ થતો જણાયો છે ને આજે આપણે તેને શ્રેષ્ઠ કલાસર્જન તરીકે આવકારી રહ્યા છીએ.

(માનકુવા) —પ્રફુલ્લ આરતીય

[● એ ચિત્ર નથી પણ શિલ્પ છે. ઈશુના માતા 'વર્જિન' મેરી (કુમારી મેરી) કહેવાય છે: ને કલામાં અમુક ગુણવિશેષ દર્શાવવા માટે વાસ્તવિકતા ત્યજવામાં આવે છે.]

હું 'કુમાર'નો તેના ૧લા અંકથી જ વાચક અને ગ્રાહક છું. પહેલા વર્ષમાં 'કિરીટ' મદનિયાની વાર્તા મને ખૂબ જ ગમેલી. તેમજ છેલ્લું પાનું પણ રસપ્રદ અને ઉપયોગી માહિતીથી ભરપૂર હોય છે. પહેલાં પૂ. કાકાસાહેબની સ્મરણયાત્રા તથા શ્રી નવનીત સેવકની પંચતન્ત્રનું અનુકરણ કરતી રમૂજી વાર્તાઓ તથા શ્રી બકુલ ત્રિપાઠીની હળવી નિબંધિકાઓ આવતી. હવે તેમાંથી કંઈ પણ 'કુમાર'માં આવતું નથી. તો તે પૈકી વારાફરતી આપતા રહો તો મારા જેવા ઘણાની રુચિને પોષક નીવડશે એમ ધારું છું.●

પૂ. કાકાસાહેબના આકાશદર્શનના ઘણા રસાળ ને જ્ઞાનવર્ધક લેખો પણ ખાસ આવતા. તે પૈકી પણ હાલમાં કોઈ લેખ આવતા નથી. તો ખગોળના લેખ પણ 'કુમાર'માં આપતા રહો તો ઘણું સારું. જેવા કે ચંદ્ર, શુક્ર, મંગળ, શનિ જેવા ગ્રહોના ઘણા જ લેખો વાંચ્યા. પણ રાહુ અને કેતુ નામના ગ્રહો કહેવાય છે ખરા પણ તે ક્યાં આવ્યા, કઈ રીતે તેને જોઈ શકાય? વગેરે માહિતીનો લેખ આપો તો મારી જેમ ઘણા વાચકો રાજી થશે.

(ઉમરેઠ) —મોતીલાલ રણછોડલાલ વ્યાસ

[● એ મિત્રોને આપની આ જાહેર વિનતિ હજી યે કાંઇક અસર કરી શકે તો અમે એમનો ને આપનો બંનેનો આભાર માનીશું. રાહુ અને કેતુ ફલજ્યોતિષના ગ્રહો છે, આકાશના નહિ.]

જાન્યુઆરી 'કુમાર'ના છેલ્લા પાના પર ભારતીય ખેલાડી મિલ્ખાસિંગે ૪૬.૫ સેકન્ડમાં ૪૪૦ વાર દોડવાનો વિક્રમ કર્યાની નોંધ છે. પરંતુ મિલ્ખાસિંગે રોમની ઑલિમ્પિક રમતોમાં ૪૦૦ મીટર દોડની અંતિમ સ્પર્ધામાં ૪૫.૬ સેકન્ડનો વિક્રમ કર્યો હતો.

નવેમ્બર ૧૯૫૯ના 'કુમાર'માં 'अव्याद्‌ वः करणोरणः' એ શ્લોકનો શબ્દાર્થ આપે પ્રગટ કર્યો છે. તેમાં કેટલાક શબ્દોનો અર્થ આપવાનો કદાચ રહી ગએલો લાગે છે. (તે રાવણ કેવો?) करणोरणः = करणे યુદ્ધકાર્યમાં करण ઇવ ઘંટાની માફક પાછો ન પડનાર; रणरणः = રણ (યુદ્ધ)માં સિંહનાદ કરનાર; गण = દાનવીર; अरण = રણસંગ્રામમાંથી નિવૃત્ત થએલો (હારેલો); अत = નરમાંસભક્ષક; अर्मा: = અવિનયથી ભય પામનાર. સંક્ષેપ અથવા અન્ય કારણોસર ન છપાયું એવું ના હોય તો એ તરફ આપનું ધ્યાન દોરું છું.

(અમદાવાદ) —સિદ્ધાર્થ ન. ત્રિવેદી

ફેબ્રુઆરી અંકમાં મારા સિક્કાના ફોટા છપાયા છે તેમાં વજનમાં તોલા ૨૫ ભૂલથી ખોટું છપાયું છે. ૨॥ તોલા જોઇએ.

(માંડવી) —દોલતલાલ ખેતસી

'ઇફ'ની માફક દર વખતે જગત સાહિત્યનાં કાવ્યરત્નોમાંથી એકાદનો રસાસ્વાદ કરાવતા રહો તો કેવું સારું! પ્રતિદિન વધતા જતા સાહિત્યમાંથી શું વાંચવું અને શું ન વાંચવું તે એક સમસ્યા છે. જીવન વધારે ને વધારે દોડધામવાળું બનતું જાય છે. સામાન્ય કક્ષાનાં પુસ્તકો વાંચવામાં સમય વેડફવો પાલવે તેમ નથી. 'કુમાર'માં દર મહિને દુનિયાના સાહિત્યમાંથી પસંદ કરીને એકાદ સત્ત્વશીલ પુસ્તકનો પરિચય આપતા રહો તો મારા જેવા અનેકોને દિશાસૂચન મળશે.

'If'માં બે'ક વખત loose શબ્દ આવ્યો છે, તેની જોડણી બરાબર છે?●

(રાજકોટ) —લાલસિંહ માનસિંહ રાઓ

[● અગાઉ એવી માળા અમે શરૂ કરી હતી. અધિકારી લેખકને અભાવે તે અટકી ગઈ. તે ચાલુ રહે એવી અમારી યે ઘણી ઇચ્છા છે; પણ... ના; lose જોઇએ. આભાર.]

'કુમાર' જે સાઇઝમાં નીકળે છે તે સાઇઝમાં દરેક વર્ષના અંકો સચવાઈ રહે તે માટે પાકા બાઈન્ડિંગનું 'કુમાર' નામવાળું કવર ન બનાવી શકો? ઇંગ્લન્ડનાં સામયિકો આવાં ખાલી બાઈન્ડિંગ કિંમત લઇને આપે છે. તેમાં વચ્ચે બાર દોરા હોય છે, જેથી જેવો અંક મળે કે તેમાં નંબર વાર ભરાવી દેવાય. અંક બગડે નહિ ને પુસ્તકરૂપે રહી શકે. 'કુમાર'ના બધા અંકો તો reference book જેવા અગત્યના હોય છે.

(લિમ્બે-નાયાસાલૅન્ડ) —એન. સી. વૈષ્ણવ

[● ખર્ચાળ વસ્તુ છે, કેટલા ગ્રાહકો નીકળશે?]

જાન્યુ. '૬૧ના અંકમાં છેલ્લા પૃષ્ઠ પરનો દોહો 'વૃન્દ'નો જણાવાયો છે. મારા ખયાલ પ્રમાણે તે કવિવર બિહારીનો છે.

(ગઢડા) —છોટાલાલ પુ. ભટ્ટ

ડિસેમ્બર અંકમાંનો 'મનુષ્યનો વડવો માછલી' લેખ રસપ્રદ નીવડશે. આ લેખ મૂળ અંગ્રેજીમાં 'રીડર્સ ડાઈજેસ્ટ'ના જાન્યુઆરી ૧૯૫૬ના અંકમાં આવી ગયો છે. ત્યાર બાદ પણ અવારનવાર અંગ્રેજી સામયિકોમાં આ બાબતમાં લખાતું રહ્યું છે. 'લાઈફ' નવેમ્બર ૧૯૫૯માં આવેલો લિન્કન બાર્નેટનો લેખ પણ જિજ્ઞાસુ વાચકોએ જોઇ જવા જેવો છે.

મૂળ લેખક જેમ્સ ટુગનનો નામોલ્લેખ કર્યો હોત તો સારું થાત.

(ગાંધીધામ) —રામજી ધનજી પઢીઆર

[● મૂળ 'પ્રકૃતિ'માં તે છે અમે તારવણીમાં તે પડતો મૂકેલો.] (અનુસંધાન પૃષ્ઠ ૧૫૨)

ઉનાળો આવ્યો આ

· શિખરિણી ·

ઉનાળો આવ્યો આ પૃથિવીની કડાઇમહીં બૃહદ્
મનુષ્યો ભૂંજાતાં વિવશ, જ્યમ ભૂંજાય જ ચણા!
કરાળી ઝાળે રે, વિહગ ગરતાં મૂર્છિત બની!
તરુચ્છાયે હાંફે પશુ દગ મીંચી, દીન વદને.

ઉનાળાની આવી પુનરપિ બપોરો જ વસમી
ન ખૂટે રે કેમે! સમદર શું સો યોજનતણો!
સુદૂરે સંધ્યાનો તટ અગમ હા, લંક સરખો:
કશી સ્હાયો! જેવો અગનનિધિ ઉન્મત્ત ધગતો.

ઉનાળો છો આવ્યો સતત ઋતુચક્રભ્રમણમાં:
અહો, કાંકે ભોગે ઋત નિયમથી એ જ અહિંયાં
ઉષાઓ, સંધ્યાઓ, પૂનમશશી, સર્વર્તુકુસુમો:
વસન્તો ખીલંતી, જલધર ધનુષ્યો વિલસતાં:
નવાં દૂંડાં ઊંચાં સઘન કણથી પુષ્ટ લચતાં:
ભરે નાનાનાના શિશુચરણ પા પા પગલીઓ!

પ્રજારામ

ભાઈ પ્રત્યે

· પૃથ્વી ·

હવે ઘણી ય વાર એમ વીતી જાય દ્‌હાડા કંઇ
અને સ્મરણ આપણે કર્યું ન હોય અન્યોન્યનું
અશા વિકસતા પ્રલંબતર કાળગાળા જતા;
ન પત્ર તણી આપ-લે; યદિ લખાય, ટાઢા-ટૂંકા;
નથી જ ક્યહીં કંપતી કલમ સ્નેહથી વ્યાકુળી,
ન પત્ર તણી રાહ, ને પઠનથી ન રોમાંચ ક્યાં,
પડે કરવું યાદ કે ક્યહીં સુદૂરના ભૂતમાં
હતી જનની એક—એક ઘર તો હતું આપણું;
પડે ઢૂંઢવું યત્નથી ઉર-પગેરું કો કૂખમાં
સમાન ભજવાથી જે રુધિર એક બન્નેયમાં;

પછી, પણ પછી, સદા જનનીકૂખના બિંદુથી
—જુઓ પ્રગતિ!-કોણના બઢત બાહુ બે વેગળા...
સ્થળે કદી શકાય પાછું ઘરઆંગણે તો મળી,
પરંતુ સમયે? અરે, સમય એકમાર્ગી ગલી.

ઉશનસ્

ઠામ

· ચોપાઈ ·

ચાંદો તારા તમરાં ચૂપ,
માળે ડૂબી ઘુવડ-ઘૂક;
પાને પાને પોઢી રાત,
તળાવ જંપ્યું કહેતાં વાત.

બાંધી લીલી તરણુંઝૂલ,
ઝૂલતાં લેટ્યાં ફૂલે ફૂલ;
ઠંડા ધારો વહેતો વા,
મીઠા કો હૈયાની હા.

ફરતું ફરતું શમણું એક,
આવ્યું વગડે અહીંઆં છેક;
થાક્યુંપાક્યું બોલ્યું 'રામ!'
સૂવા માટે જોયે ઠામ.
મ્હેકી ઊઠી ફૂલસુવાસ,
'આવો દઉં અંતરમાં વાસ.'

નલિન રાવળ

ધોમ

· ગાન ·

આકરા તપે ભાણ
ભૂંજાઇ ચાલી ભોમકા ને કાંઈ તતડી ઊઠ્યા પ્હાણ!
જહીં ભાળું તહીં લપકે બધે આજ શું અગનઝાળ?
ઝરતી જાણે તણખા તીખા કેરના પાંખી ડાળ!
હમણાં રે'શે ભભકી આવ્યું સાવ સુકું ચરિયાણ.
આકરા તપે ભાણ.

કોક મેલી ગ્યું વગડા માંહીં દીવડિયું'ના ઠગ?!
થોરને ડાંડે-ડાંડલે કેવી પ્રગટી જાંને શગ!
ટેકરે-ટીંબે ભટકે બધે ખાખરા કેરાં રાન!
આકરા તપે ભાણ.

વાયરો ય તે થઇને વેરી અવળોસવળો વાય,
ગવન ઘેરાં લાલ રે સહી! રહીરહી લહેરાય:
ઝળહળ ઝીલે ઝાંય એની આ નાતરેલાં નવાણ!
આકરા તપે ભાણ

આંબા કેરી ગાગરે હારે માંહતું જાણે હેત,
તગતગે કે મુખડું તારું તડકે રાતું ચોળ!
ન્યાળ, લે આંહીં આભલામાં, જો થાય ન સાચું માન!
આકરા તપે ભાણ.

પ્રદ્યુમ્ન તન્ના

વર્ષારંભે

· મિશ્ર ·

થાતી નિરાંત: ઋણભાર હવે ન ઝાઝો,
ત્યાં તો ઉપાધિ-વણઝારથી કર્જ કેરા
પાછા ગણેશ:ત્યમ તાપ,શમ્યો ન કાલનો,
ત્યાં તો વિંઝાય ફરી પૂર્વદિશાથી કોરડો:

અંધાર, આહ! ઉકળાટ અસહ્ય કેટલો!
ના એક અભ્ર નભ. (હેલીની વાત મૂકો)
જ્વાલામુખી કહીં અહીંક ઊંચે શું ફાટ્યો?
ચોમેર ઉગ્ર બસ ઉગ્ર જ અગ્નિ ચાટકયો!

સાંજે પરંતુ શિશુને પયપાન કાજ
સીમેથી ગામતળ ધેનુ ધસે ઉતાવળી—
રે તેમ આવી જલભારસભેલ વાદળી
ને ઊભી ચાર દિશ પાય પ્રસારી આવરી:

ધારે સહસ્ર નભ ધેનુ પછી રહી દૂઝે!
ને વિશ્વવત્સ ઊછળી ઊછળી શું રીઝે!

જશવંત લ. દેસાઈ

જલ્પના!

કોઇ ભૂખ્યું નથી,
કોઇ તરસ્યું નથી.
તારી આ સૃષ્ટિમાં સ્નેહના સાગરે
દુ:ખ હૈયે, અગર નયન અશ્રુ નથી.
પ્હેરવા વસ્ત્ર ને નિવસવા સદન છે,
ભૂખ સંતોષવા ખાદ્ય લખલૂટ છે.
શ્રેય ને પ્રેયની ના કમીના જરી,
ધરતી-આભે બધે વિહરવા છૂટ છે.
સરિત કલકલ વહે, પંખી કલ્લોલતાં,
પુષ્પ સૌરભવતાં અનિલમાં ડોલતાં,
શિશુજનોસ્મિતવદનધરતીપેનાચતાં.
ગૃહિણી આનંદ, ઉષ્માભર્યા વદનથી
માત્ર દૃષ્ટિ પડ્યે શ્રમ હરે કાન્તનાં;
ક્લેશ ના, ક્લાન્તિ ના,
સૂર ગુંજે શાન્તિના!
રાગ ને દ્વેષ કેરી અહીં છાય ના,
દંભ ને જૂઠ કેરો અહીં પાય ના,
અન્ય સુખે રહે રાજી ને ઇતરનાં
દુ:ખ દેખી ધસે સ્હાય કાજે:
અંતરે સ્નેહ ને વાણી પ્રિયંકરા
મુખ ઉપર માધુરી, તેજ રાજે.
લોભ ના મોહ ના,
અંતરે દ્રોહ ના.
પૃથ્વી નીચે અને ગગન છે શિર પરે
મુક્ત મન, બુદ્ધિ: ઉન્નત મુખે વિચરે:
મુક્ત વાણી સદા, મૃત્યુથી નવ ડરે,
જીવન સર્વત્ર માંગલ્યરસ નિર્ઝરે!
એવી ભૂમિ ક્યહાં? કે પછી જલ્પના?
કલ્પના? કલ્પના! આજ તો જલ્પના!

શશિન્ ઓઝા

જમા પાસું

જે કાંઇ મેં ગુમાવ્યું એ મારી ખતા હતી,
જે કાંઇ મેળવ્યું એ તમારી કૃપા હતી.
કેદી બદામ પણ ન હતી મુજ કને, છતાં-
તમ ફેંકિતાં જિંદગીઆખી જમા હતી.

સાકિન કેશવાણી

કુતૂહલ

· અછાંદસ ·

મોંઘા દિવસ ને રાતના
તાણા અને વાણા ગૂંથીને
આવડી મોટી બિછાવી જિંદગી-ચાદર;
અતિથિ કેવડા મોટા હશે?

ચીમન કલાલ

વિચાર... આજનાં લગ્ન ...વિશેષ

આજનાં યુવક-યુવતીઓની દૃષ્ટિ લગ્ન સંબંધે બદલાઈ છે. માતપિતાએ જોડી આપેલા સંબંધથી તેમને સંતોષ થતો નથી. પત્નીમાં અમુક આવશ્યક ગુણોનો અભાવ જણાય છે, ત્યારે તે આગલા જમાનાના પતિઓની માફક ચલાવી લેતો નથી અને અસંતુષ્ટ બને છે. પરિણામે અનેક સમસ્યાઓ ઊભી થાય છે. નીતિનું ધોરણ શિથિલ થાય છે, અથવા વિસંવાદ, ગૃહક્લેશ, આપઘાત ને ખૂનના બનાવો બને છે. પત્ની પણ, જો તે શિક્ષિત અગર તો વધારેપડતી કૂણી લાગણીવાળી હોય તો, પતિના વર્તન, સ્વભાવ, ઉપેક્ષા, અનીતિ, દુર્વ્યસન વગેરેથી દુ:ખી થાય છે, કંટાળે છે અને તેનું જીવન ખારું થઈ જાય છે. અગાઉની પત્નીઓ જેટલી તે સહનશીલ નથી હોતી અને 'પડ્યુ પાનું નભાવી લેવાનું' તેને વસમું લાગે છે. કેટલીક વખત તો એ સૂત્ર એને અન્યાયી ને ગેરવાજબી લાગે છે. દંપતીજીવન બોજારૂપ, કંટાળા ભરેલું અને દુ:ખમય બની જાય છે. આવી બન્ને તરફની વિષમ પરિસ્થિતિ હિન્દુ સમાજમાં વધતી જાય છે.

જે થોડાંજ લગ્નોમાં પરસ્પરની પસંદગી થઈ હોય છે ત્યાં કેટલીક વખત મોહ, અધીરાઈ, દીર્ઘદૃષ્ટિનો અભાવ, લગ્ન-જીવનની ગંભીરતા અને જવાબદારીની સમજની ખામી ને ઊર્મિવશતા જોવામાં આવે છે. આવી કહેવાતી પસંદગી કૉલેજનાં સહાધ્યાયીઓ વચ્ચે થાય છે. એ બંનેની ઉમર કાચી હોય છે, અને મોહ તથા બાહ્ય આકર્ષણને વશ થઈ પરસ્પરનો થોડોક જ પરિચય હોવા છતાં જીવનભરના સહવાસનો નિર્ણય કરી લેવામાં આવે છે. આવા ઉતાવળા નિર્ણયને અન્તે જે જોખમ જીવનભર વેઠવું પડે તેનો ભાગ્યે જ ખયાલ રાખવામાં આવે છે.

આજના કૉલેજિયન યુવક-યુવતીઓમાં ભવિષ્યની ગમે તેવી તંગી કે કષ્ટમય જીવન વેઠવાની તૈયારી કે માનસિક દૃઢતા હોતી નથી. આવાં લગ્નોમાં, ખાસ કરીને તે આંતરજ્ઞાતીય હોય ત્યારે, માતપિતાની સંમતિ મળેલી હોતી નથી. એટલે સંકટ સમયે, માંદેસાજે કે ખાસ જરૂરને સમયે વડિલો તરફથી હૂંફ કે મદદ મળવાની આશા થોડી રહે છે. ગમે તેવી આર્થિક સ્થિતિમાં ચલાવી લેવાની તૈયારી લગ્ન કરતી વખતે તો બન્ને જણ બતાવે છે, પરંતુ જ્યારે ખરેખરી તંગીના પ્રસંગ આવી પડે છે ત્યારે એ દૃઢતા રહેતી નથી અને પરસ્પર વિસંવાદ ઉપસ્થિત થાય છે. એકબીજાના સ્વભાવ, રુચિ, વર્તન વગેરેનો સાચો ખયાલ લાંબા અને નિકટના પરિચય સિવાય આવી શકતો નથી એ વાતનું એ બન્નેને વિસ્મરણ થએલું હોય છે.

અત્યારે આપણા સમાજમાં આ સ્થિતિ છે. આદર્શ દૃષ્ટિએ જોતાં તેમજ દંપતીજીવનની ઉન્નત ભાવના લક્ષમાં લેતાં, લગ્ન તો પરસ્પરની પસંદગીથી જ થવાં જોઇએ. લગ્ન એ જીવન-પર્યંતનાં અંગત સુખદુ:ખનો પ્રશ્ન હોઈ લગ્ન કરનાર સિવાય બીજા કોઈની પસંદગીને એમાં અવકાશ ન જ હોવો જોઇએ. પરંતુ તે પુખ્ત વયે, સારાસારનો વિચાર કરવાની શક્તિ થાય ત્યારે, ઘણા લાંબા ને નિકટના પરિચય પછી, અને માત્ર આકર્ષણ નહિ પણ પરસ્પરનો ઊંડા હૃદયનો પ્રેમ જાગ્રત થયા પછી જ યોગ્ય પાત્રની પસંદગી થવી જોઇએ. વળી લગ્ન કરનાર બંનેને એકબીજાના વિચાર અને વર્તનની પરીક્ષા કરવાની આવડત હોવી જોઇએ.

ગ. ગો. ધ્રુ

ગુજરાતના મિલઉદ્યોગના આદ્ય

રણછોડલાલના પિતા સાઠોદરા નાગર છોટાલાલ શરૂમાં પાટણ અને પાછળથી વડોદરામાં દીવાનને ત્યાં કારભારીની નોકરી કરતા હતા. જીવનનાં પાછલાં વર્ષોમાં તેમણે અમદાવાદમાં કાયમનો વસવાટ સ્વીકાર્યો હતો. કહેવાય છે કે છોટાલાલ તેમની પત્ની અને બે પુત્રીઓ સાથે ગિરનારની યાત્રાએ ગયેલા ત્યારે, કોઈ તપસ્વીએ આશીર્વાદ આપ્યાથી તેમને મોટી ઉમરે પુત્રપ્રાપ્તિ થઈ, તે જ આ રણછોડલાલ. તેમનો જન્મ સંવત ૧૮૭૯ના ચૈત્ર વદ અમાસના દિવસે, સને ૧૮૨૩ના એપ્રિલની ૨૯મી તારીખે અમદાવાદમાં થયો હતો.

એકના એક પુત્રને માબાપે લાડકોડથી ઉછેર્યા. માબાપ લાડમાં તેમને 'બાપાભાઇ' કહીને બોલાવતાં. બાપાભાઇની વર્ષગાંઠને દિવસે મોટો જમણવાર થતો. આ લાડકવાયા બાપાભાઈની પાંચ-છ વર્ષની ઉમર થઈ ત્યાં સુધી તે ઘરની બહાર એકલા નીકળેલા નહિ! ઘરમાં જ એ રમ્યા કરે. રાત્રે અંધારામાં તો બહાર નીકળી જ શાના શકે? પણ કોને ખબર કે આ જ બાપાભાઇ આગળ જતાં સાહસવીર થશે? દર બીજે ત્રીજે દિવસે તેમનાં માતુશ્રી નજર બાંધે. મરચું કે રાઇ બળ્યાની સોડમ આવે કે પાડોશીઓ બોલી ઊઠે: 'એ બાપાભાઇની નજર બાંધી!' સાત વર્ષની વયે બેડાના શિરસ્તેદાર બાપુજીની પુત્રી જેડીબા સાથે તેમનું લગ્ન થયું. વરઘોડામાં હાથીઘોડાની સવારીનો ઠાઠ ઘણો હતો.

એ વેળાએ આધુનિક કેળવણી વિસ્તાર પામી નહોતી. આખા અમદાવાદમાં બેત્રણ ખાનગી ગામઠી નિશાળો હતી. રણછોડલાલ આ ગામઠી શાળાએ ભણવા બેઠા. દસેક વર્ષની વયે ફારસી ભાષાના ને ચૌદ વર્ષની વયે અંગ્રેજી ભાષાના અભ્યાસનો ખાસ પ્રબંધ તેમને માટે કરવામાં આવ્યો. ભોળાનાથ સારાભાઈ તેમના સહાધ્યાયી હતા.

અભ્યાસ પૂરો થતાં રણછોડલાલ ઈ.સ. ૧૮૪૨માં ૨૦ વર્ષની વયે સરકારી નોકરીમાં જોડાયા. પ્રથમ કસ્ટમ ખાતામાં માસિક રૂ. ૧૫ના પગારે દાખલ થયા અને પોતાની હોશિયારીને લીધે વધતાં વધતાં પોલિટિકલ એજન્ટની ભલામણથી ૨૮ વર્ષની વયે રેવાકાંઠાના દફતરદાર થયા. પાછળથી ખટપટને લીધે તેમને એ નોકરી છોડવી પડી.

તેઓ નોકરીમાંથી મુક્ત થયા એ એકંદરે તો ઠીક જ થયું. હવે તેમણે કોઈ નવો ઉદ્યોગ શરૂ કરવાનો વિચાર કર્યો. પ્રથમ તો, ખાંડનાં કારખાનાં કાઢવાનો મનસૂબો કર્યો, પણ તેનો આધાર શેરડી પર રહે, અને તેની પેદાશ બારે માસ એકસરખી ન પણ થાય, એ કારણે એ વિચાર પડતો મૂક્યો.

ઈ.સ. ૧૮૪૭માં તેમને કાપડઉદ્યોગ શરૂ કરવા અંગે સૌ પ્રથમ વિચાર આવ્યો. હિંદુસ્તાનનું રૂ છ હજાર માઇલ દૂર વિલાયત જઇને કાપડ બનીને આવે છે છતાં પરદેશીઓને નફો મળે છે, તો અહીંનું રૂ અહીં જ કામમાં લેવાય તો કેટલો બધો નફો થાય! સત્તરમી સદીમાં મછલીપટ્ટમ અને ઢાકાના કાપડની યુરોપમાં નિકાસ થતી. વળી, એક જમાનો એવો હતો કે અમદાવાદમાં બનતી અતલસો અને મશરૂની દેશપરદેશમાં ઘણી માગ હતી. મહેમદી અતલસ સત્તાવીસ રૂપિયે ગજ વેચાતુ અને 'ગુજરાતી'ના નામે પંકાએલું થાન (તાકો) ચારસો રૂપિયે વેચાતુ. છીંટ અને સોનાસળીના વસ્ત્રો પર તો યુરોપીય લલનાઓ ફિદા થઈ જતી હતી. પાછળથી બ્રિટિશ પાર્લામેન્ટે ભારતના કાપડ પર પ્રતિબંધ મૂકતાં ભારતના એ ઉદ્યોગ પર જીવલેણ ફટકો પડ્યો, એટલું જ નહિ પણ ભારતનું રૂ પરદેશ જઇને કાપડ રૂપે પાછું આવીને પરદેશીઓનાં ગજવાં ભરવા લાગ્યું.

સ્થાપક અને આજના અમદાવાદના ઘડવૈયા દીર્ઘદ્રષ્ટા ગુજરાતી

આજથી એક સો ને આડત્રીસ વર્ષ પહેલાં આ માસ એપ્રિલની ૨૯મીએ જેમનો જન્મ થયો, ને આજથી બરાબર સો વર્ષ પર મેની ૩૦મી તારીખે જેમણે પહેલી મિલ સ્થાપી હોઈ આ વર્ષે એ ઉદ્યોગની શતાબ્દી ઊજવાય છે ત્યારે, એ દેશદાઝી ને દીર્ઘદ્રષ્ટા ગુજરાતીનું જીવનસ્મરણ કરીએ.

લેખક · **નરોત્તમ વાળંદ** એમ.એ.



રાવ બહાદુર

રણછોડલાલ છોટાલાલ

સી.આઈ.ઈ.

આ સર્વ બાબતોએ રણછોડલાલને વિચાર કરતા કરી મૂક્યા અને તેમણે સૂતર કાંતવાનું કારખાનું નાખવાનો નિશ્ચય કર્યો. ગુજરાતના રસાલાના ઉપરી મેજર ફુલજેમ્સ સાહેબની આ બાબતમાં સલાહ લઇને તેમણે વિલાયતની બ્રાયન ઍન્ડ ડંકન કંપનીને પત્ર લખીને યંત્ર-સામગ્રીની તેમજ તે બાબતના કરારની માહિતી મગાવી. ત્યાંથી એ સર્વ માહિતી આવી પહોંચતાં તેમણે રૂના મબલખ પાકની ભૂમિ ભરૂચમાં, નર્મદાકિનારે એ કારખાનું નાખવાની તૈયારી કરી.

આ સાહસ કરતાં પહેલા તેમણે વર્તમાનપત્રોમાં જાહેરાત કરીને કેટલાક વેપારીઓને તેમાં ભાગીદાર થવાને નોતર્યાં. પણ કોઈ ઝંપલાવવા તૈયાર ન થયું. સૌના મનમાં એમ હતું કે આ ઉદ્યોગમાં હાથ નાખવા જેવું હોત તો અમારાથી યે વધારે કાબેલ અને શ્રીમંત ગણાતા મુંબાઈના વેપારીઓ અત્યાર લગી હાથપગ જોડીને બેસી શાના રહેત?

આમ કોઇનો ય સહકાર ન સાંપડતાં અને રણછોડલાલે જાતે જ આ સાહસ માથે લીધું. નિષ્ણાતોની સલાહ અને પુસ્તકોના વાચન દ્વારા એની માહિતી મેળવી લીધી. આ વિષયનાં ઘણાં પુસ્તકો પોતાના પુસ્તકાલયમાં વસાવ્યા. એવામાં ઈ.સ. ૧૮૫૨ની સાલમાં ભરૂચમા કપાસ લોઢવાના સંચાના માલિક જેમ્સ લૅન્ડન નામના અમેરિકન સદ્‌ગૃહસ્થનો ભેટો થયો, તેમણે કારખાનામાં સંચા ગોઠવી આપવાનું અને મેનેજર તરીકે કામ કરવાનું કબૂલ કર્યું. આખરે, રૂપિયા ચાર લાખના ભંડોળથી ભરૂચમાં સૂતરનું પ્રથમ કારખાનું ઈ.સ. ૧૮૫૨માં નંખાયું. (પછી તો ઈ.સ. ૧૮૫૪માં મુંબઈમાં શેઠ કાવસજી દાવર નામના ઉદ્યોગવીરે પણ સૂતર કાંતવાની મિલ કાઢી.)

શરૂઆતમાં અનેક મુશ્કેલીઓ નડી. કારખાનામાં બળતણ માટે કોલસા કે લાકડાં તો જોઈએ. પંચમહાલ જિલ્લાના પ્રદેશમાં લોઢાની અને કોલસાની ખાણો નીકળી શકે તેમ છે એમ ફુલજેમ્સ સાહેબે જણાવતાં રણછોડલાલે એ ખાણો શોધવા માટે 'ગુજરાત કોલ ઍન્ડ આયર્ન કંપની લિમિટેડ' સ્થાપી. પણ સંશોધન કરવાની સરકારી પરવાનગી ન મળી એટલે એ કંપનીનું કામ આટોપી લેવું પડ્યું. વળી, સૂતરના કારખાનામાં અણશિખાઉ કારીગરો ભાંગફોડ ઘણી કરતા, તેમને સમજાવીને ધીરજપૂર્વક કામ લેવું પડતું. પાછળથી અમેરિકન સદ્‌ગૃહસ્થ સાથે મતભેદ થતાં ભરૂચનું કારખાનું બંધ કરવું પડ્યું.

છતા રણછોડલાલ હિંમત હાર્યા નહિ. તેમણે ભરૂચને બદલે અમદાવાદમા કારખાનું શરૂ કરવાનું નક્કી કર્યું. એ વેળાએ હિંદના દાદા દાદાભાઇ નવરોજી વિલાયતમાં હતા. રણછોડલાલે તેમને સંચાની ખરીદી અંગે લખી જણાવ્યું. દાદાભાઇએ મિલના સંચા ખરીદીને સ્ટીમરમાં એક નિષ્ણાત અંગ્રેજ ઇજનેર સાથે રવાના કર્યા. સંચા મુંબઇ આવ્યા. તે વખતે દેશમાં હજી રેલવે આવી નહોતી, એટલે સંચા હોડી મારફતે ખંભાત લાવીને, ખંભાતથી ગાડામાર્ગે અમદાવાદ લાવવાની યોજના હતી, પણ સંચા ખંભાત પહોંચે એ પહેલાં જ હોડીઓએ જળસમાધિ લીધી અને પેલો નિષ્ણાત ઇજનેર કૉલેરા થતાં મૃત્યુ પામ્યો. અન્ય કોઈ પ્રારબ્ધવાદી કે કાચા કાળજાનો માનવી હોત તો આટલી અપશુકનિયાળ એંધાણીથી ચેતીને આગળ વધતો જરૂર અટકી ગયો હોત. પણ એ ખંતીલા ઉદ્યોગવીરે પાછી પાની કરી નહિ. ફરી સંચા ખરીદવામાં આવ્યા અને મુંબઇ ને ખંભાત થઇને એ અમદાવાદ આવ્યા.

અમદાવાદમાં શાહપુરના વેરાન વિસ્તારમાં કામચલાઉ છાપરાં ખડા કરીને એ સંચા ગોઠવવામાં આવ્યા. ઈ. ૧૮૫૯માં 'અમદાવાદ કૉટન સ્પિનિંગ ઍન્ડ વીવિંગ કંપની' સ્થાપીને એક લાખ રૂપિયાની મૂડીથી મિલ ઊભી કરવા માંડી, અને ૬૩ કામદારો તથા ૨૫૦૦ સ્પિન્ડલો સાથેની એ મિલે ઈ.સ. ૧૮૬૧ના મે માસની ૩૦મી તારીખે સાંજે પોણા પાંચ વાગ્યે પહેલી સીટી વગાડી. જાણે ગુજરાતના ભાવિ માન્ચેસ્ટરના ઉજ્જ્વળ ભાવિના આનંદની એ ચીસ હતી!

અમદાવાદની મ્યુનિસિપાલિટીના કારભાર પરત્વે પણ ઉદ્યોગવીર રણછોડલાલની યશસ્વી કારકિર્દી હતી. તેઓ ઈ.સ. ૧૮૬૯માં સરકાર તરફથી મ્યુનિસિપાલિટીના સભાસદ નિમાયા. ઈ.સ. ૧૮૮૪માં તેઓ મ્યુનિસિપાલિટીના કાયમ અને પ્રથમ પ્રમુખ થયા. 'ધૂળ, ધન અને ધુમાડા'થી પંકાએલા અને 'ગદાંબાદ' તરીકે તિરસ્કારાએલા અમદાવાદની કાયાપલટ કરવાના તેમણે પ્રયત્નો આદર્યાં. શહેરનું આરોગ્ય

જાળવવાના ચાંપતા ઉપાયો લીધા. કચરો નાખવા-ની જગાઓ દૂર ખસેડી. જ્યાં પાણી ભરાઈ રહેતું તે ખાડાઓની પુરામણી કરાવી. નવાં મેદાનો અને મોટા રાજમાર્ગો તૈયાર કરાવ્યા. શહેરમાં જાજરૂ અને પેશાબખાનાં વધારાવ્યાં.

તેમની ખાસ સેવા તો પાણીના નળ અને ગટરની યોજના પરત્વે છે. એ વેળા શહેરમાં કૂવાનું પાણી વપરાતું. ઘણાંખરાં (આશરે આઠ હજાર જેટલાં) ઘરોમાં ટાંકાંમાં વરસાદનું પાણી સંઘરીને બારે માસ પીવાના ઉપયોગમાં લેવાતું. સાબરમતી નદીનું પાણી પૂરતું સ્વચ્છ નહોતું રહેતું. વળી, ઉનાળામાં તેનું વહેણ પાતળુ પડી જતાં તેના પાણીનો પૂરો ઉપયોગ થઈ શકતો નહિ. જમણવારોમાં ગાડાં મારફત પાણીની કોઠીઓ લાવવી પડતી. આવા સંયોગોમાં આગનો બનાવ બને ત્યારે ઘણી મુશ્કેલી નડતી. ગંદા પાણીનો નિકાલ મોરી ને ખાળકૂવા મારફતે થતો. એને લીધે જમીન કાયમ ભેજવાળી રહેતી. વળી, પાણી પીવાના કૂવામાં પણ ખાળકૂવાનાં પાણી ઝમતાં, એથી આરોગ્યને નુકસાન થતું. જે ઘરોમાં ખાળકૂવા નહોતા, તેનાં ગંદા પાણીનો નિકાલ રસ્તા પર થતો. આમ ભેજવાળી અને અનારોગ્યક હવાને કારણે મૅલેરિયા, પ્લેગ વગેરે રોગોમાં દર વર્ષે સેંકડો લોકો મૃત્યુવશ થતાં.

પાણીના નળની યોજના રણછોડલાલે રજૂ કરી ત્યારે ખૂબ વિરોધ થયો. ખુદ મ્યુનિસિપાલિટીના સભાસદોએ ટંકશાળમાં મોટી વિરોધ-સભા બોલાવી. નળનું પાણી અપવિત્ર છે, તેથી પીવા લાયક નથી, એમ અનેક ધર્મપ્રેમીઓએ જાહેર કર્યું. વિરોધના આ વંટોળને ન ગણકારીને રણછોડલાલે યોજના અમલમાં મૂકી. નળ માટે રસ્તા ખોદાવા લાગ્યા ત્યારે લોકો ગાળો ભાંડતા કહેવા લાગ્યા કે આ તો રણછોડલાલની ઘોર ખોદાય છે! અંતે રૂપિયા અગિયાર લાખના ખર્ચે શહેરમાં નળ આવ્યા.

પાણીનું સુખ તો થયું, પણ વધુ છૂટથી વપરાતા પાણીનો ગટરના અભાવે યોગ્ય રીતે નિકાલ થતો નહિ, અને ભવિષ્યમાં રોગચાળો ફેલાવાનો ભય ઝઝૂમી રહ્યો હતો. આથી રણછોડલાલે ડ્રેનેજની યોજના વિચારી. આની જાહેરાત થતાં ફરી લોકો અને છાપાંએ ધાંધલ કરી મૂકી. અલબત્ત, કેટલાક શાણા લોકોએ નળના કાર્યની સફળતા જોઈને આ યોજનાને ઉમળકાભેર વધાવેલી, પણ મોટા ભાગના લોકો તો એની વિરુદ્ધમાં પડ્યા. ફરીથી ટંકશાળામાં મોટી સભા મળી અને લોકોએ ગટર વિરુદ્ધ ધુમરાણ મચાવ્યું! છતાં રણછોડલાલ ડગ્યા નહિ. તેમણે એક નિષ્ણાત ઇજનેરને રોકીને રૂપિયા ત્રણ લાખના ખર્ચે આ કામ સફળતાપૂર્વક પાર પાડ્યુ. આમ, લોકોની ગાળો ને પથરા ખાઈને, તેમને સમજાવવાના પ્રયત્નો જારી રાખીને અને છેવટે વિરોધ સહી લઈને પણ રણછોડલાલે નળ અને ગટરની યોજના પાર પાડી.

ઉદ્યોગપ્રેમી અને ઉદારચરિત રણછોડલાલે એ ઉપરાંત પણ અનેક લોકોપયોગી કાર્યો કરીને પ્રજાની પ્રીતિ મેળવી હતી. ઈ. સ. ૧૮૭૦માં તેમણે અન્નાશ્રમની સ્થાપના કરી, જેમાં આળસુ સાધુઓ કે અણઘડ બ્રાહ્મણોને નહિ પણ અપંગ માણસો ને અનાથ બાળકોને પોષવામાં આવતાં. મિલમા કામ કરી શકે તેવા માણસોને યોગ્ય રોજી પણ આપવામાં આવતી. બજારમાં જતા આવતા મુસાફરોની પીવાના પાણીની સગવડ માટે જાહેર રસ્તા પર તેમણે ઈ.સ. ૧૮૯૪માં 'રણછોડલાલ ફુવારો' બનાવરાવ્યો. તેના હોજમાંથી જાનવરોને માટે પાણીની સગવડ કરવામાં આવી.

ઈ.સ.૧૮૭૯માં પાંચકુવા દરવાજા બહાર 'રણછોડલાલ ડિસ્પેન્સરી' શરૂ કરી. તે વેળાના વાઈસરૉય લૉર્ડ ડફરીનનાં પત્નીના નામના 'લેડી ડફરીન ફંડ' દ્વારા ઈ.સ. ૧૮૮૯માં પચાસ હજારના ખર્ચે, 'વિક્ટોરિયા જ્યૂબિલી હૉસ્પિટલ' સ્થાપવામાં આવી. ગરીબ ને અશક્ત માણસોને ઘેર બેઠાં સારવાર મળે એ હેતુથી રૂપિયા વીસ હજારના ખર્ચે ઈ.સ. ૧૮૯૪માં 'રછોડલાલ મેડિકલ હોમ રીલીફ ડિસ્પેન્સરી' તૈયાર થઈ. તેમજ આજુબાજુનાં ગામડાંનાં માણસોના લાભાર્થે તે વેળાના મુંબઈના ગવર્નર લૉર્ડ હૅરિસની યાદગીરીમાં તેનું નામ 'લૉર્ડ હેરિસ ટ્રાવેલિંગ ડિસ્પેન્સરી' નામથી ફરતા દવાખાનાની વ્યવસ્થા પણ કરી.

કેળવણીના ક્ષેત્રે પણ રણછોડલાલે ઉદાર હાથે ને મોકળા મને દાન કર્યાં. ઈ. ૧૮૯૨માં તેમણે ગુજરાત વર્નાક્યુલર સોસાએટીને રૂપિયા સાડા બાર હજાર આપી 'રા.બ. રણછોડલાલ છોટાલાલ કન્યાશાળા' સ્થપાવી તથા શાળા માટે પાંચ હજાર રૂપિયાનું મકાન ખરીદી આપ્યું. રૂપિયા સાત હજારના ખર્ચે તેમણે 'વેદ સનાતન આર્યધર્મ સંરક્ષક સભા' સ્થાપી. અમદાવાદની ગુજરાત કૉલેજના ફાળા માટે અનેક સદ્‌ગૃહસ્થો પાસે અને રાજારજવાડાંમાં જઈને ભંડોળ એકઠું કરવામાં મદદ કરી. તેમના પુત્રના જ નામથી ગુજરાત કૉલેજની વિજ્ઞાનશાખાને 'માધવલાલ રણછોડલાલ સાયન્સ ઇન્સ્ટીટ્યૂટ' નામ અપાયું છે. પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે 'રા.બ. રણછોડલાલ છોટાલાલ વિદ્યાલય'ની સ્થાપના કરવામાં આવી. ઉપરાંત પોતાના ખાનગી વિદ્યોત્તેજક ફંડમાંથી પણ તેઓ ગરીબ અને લાયક વિદ્યાર્થીઓને ફીની મદદ આપતા. હુન્નરકળાના ઉત્તેજન માટે તેમણે અમદાવાદનો જે કોઈ વિદ્યાર્થી મુંબઈની વિક્ટોરિયા જ્યૂબિલી ટેકનિકલ ઇન્સ્ટીટ્યૂટમાં અભ્યાસ માટે જાય તેને બે સ્કૉલરશિપો આપવાની જોગવાઈ કરી.

સેવાપરાયણ ને પ્રવૃત્તિશીલ રણછોડલાલ આયુષ્યના અંત લગી અનેકવિધ પ્રવૃત્તિઓમાં પરોવાએલા રહ્યા. ઈ. ૧૮૬૮થી તે ગુજરાત વર્નાક્યુલર સોસાએટીના આજીવન સભ્ય બન્યા ને ઈ.૧૮૮૮થી ૧૮૯૮ સુધી તેના પ્રમુખ તરીકે રહ્યા. અમદાવાદની મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે પણ ઈ. સ. ૧૮૮૪થી ઈ.સ. ૧૮૯૮ લગી સતત ૧૪ વર્ષ સુધી સેવા બજાવી. અમદાવાદના મિલઓનર્સ એસોસીએશનના પણ તેઓ પ્રમુખ હતા. તેમની ઉચ્ચ પ્રતિષ્ઠાને કારણે સરકારે તેમને ઈ.સ. ૧૮૯૨મા લેજિસ્લેટીવ કાઉન્સિલના સભ્ય નીમ્યા. તે પછી તો તેઓ ત્રણ વાર કાઉન્સિલમાં નિમાયા. તેમની સેવાઓની નોંધ લઈને મુંબઈ સરકારે ઈ. સ. ૧૮૮૬માં સી. આઈ. ઈ.નો ઈલકાબ આપ્યો. અમદાવાદના નાગરિકોની સભાએ પણ માનપત્ર આપ્યું.

તેઓ સ્વભાવે સૌજન્યશીલ અને ધાર્મિક વૃત્તિના પુરુષ હતા. પિતાની ધર્મપરાયણતાનો વારસો તેમને મળ્યો હતો, એટલે છેક નાનપણથી સંધ્યાપૂજાનો નિત્ય નિયમ સાચવતા. પાછળથી ભોળાનાથ ને મહીપતરામની મૈત્રીને કારણે તેઓ 'પ્રાર્થના સમાજ'માં જતા ખરા, છતાં જૂની ધર્મશ્રદ્ધા પર અસર નહોતી થઈ. લક્ષ્મીની છોળોમાં ઊછરેલા છતાં તેમનામાં કોઈ બાબતે ઉછાંછળાપણું પ્રવેશ્યું નહોતું. સુધારક વલણને લીધે બાળલગ્ન, મોટા જમણવાર અને મૃત્યુ પાછળના બારમાના રિવાજ તરફ તેમને નફરત હતી. તેમનું જીવન મિતાહારી અને સાદાઈભર્યું હતું. રસોઈ થતાં અગાઉ ઘરમાં માણસોને પૂછવામાં આવતું કે કેટલી દશમી ખાશો? અને એ ગણતરીએ રસોઈ થતી. સૂર્યોદય પહેલાં ઊઠીને, નિત્યકર્મથી પરવારીને, સંધ્યાતર્પણ કરીને મ્યુનિસિપાલિટીને લગતાં કાર્યો માટે ગાડીમાં નીકળી જવું એ તેમનો નિત્યક્રમ હતો. ૭૫ વર્ષની વય લગી આંખ, દાંત અને કાનની સંપૂર્ણ તંદુરસ્તી ભોગવનાર અમદાવાદના ઘડવૈયા રણછોડલાલનું ઈ.સ.૧૮૯૮ના ઑક્ટોબરની ૨૬મી તારીખે અવસાન થયું. એમની સેવાપરાયણતા અને ઉદારતાનો અમૂલ્ય વારસો તેમના પુત્ર માધવલાલ અને પૌત્ર ચિનુભાઈ સુધી પહોંચ્યો. એ ચિનુભાઈ તો પોતાની અનન્ય સખાવતો, ને ઉચ્ચ સંસ્કાર સેવાથી અંગ્રેજ સરકારનું મોંઘું બૅરોનેટપદ પામેલા. આમ, એ ત્રણ પેઢીઓએ કરેલી સેવા કૃતઘ્ન અને ઇતિહાસશત્રુ બન્યા સિવાય અમદાવાદ ભૂલી શકે તેમ નથી.

ઘર તરફ

★ જયદેવ પંડ્યા



હું પહોંચું તે પહેલાં સ્ટૅન્ડ ઉપર આવીને બસ ઊભી રહી. દોડતો પહોંચ્યો ત્યારે પાંચેક પૅસૅન્જર ચડતા હતાં : બે'ક કૉલેજિયન, એક યુવતી, એક દક્ષિણી ગૃહસ્થ અને એક પોલીસ.

યુવતી પર નજર પડતાં જ હું ચોંક્યો. એ સાધના હતી. મારી આંખ સાથે આંખ મળતાં એ ઝંખવાઇને નીચું જોઈ ગઈ. નિરપેક્ષ ભાવે હું તેની સીટ પાસેથી પસાર થઇ બસના અંદરના ભાગમાં ચાલ્યો ગયો. છતાં વિચારોનું આક્રમણ હું રોકી શક્યો નહિ. કેટલા લાંબા વખતે મેં એને જોઈ! આ દરમ્યાન કેવી જિંદગી એ જીવી હશે? એને પૂછું કે નહિ? હજી મારો એ હક ખરો? વિચારતો હું બેસી રહ્યો. બારી બહાર નજર નાખી તો સિનેમાનું બોર્ડ નજરે ચડ્યું : 'રાત કે રાહી'. હા, રાતનાં જ એ રાહી બનેલાં—સાધના અને સિદ્ધાર્થ. મારી સામે ધીમેધીમે ચિત્ર ઉપસી રહ્યું.

શરણાઈના મંગલ સૂરો કાનમા ગુંજી રહ્યા. મને યાદ આવી ગઈ મારા લગ્નની રાત. સાધના મારી બાજુમા બેઠી હતી. સુખનો શશી મારા આંગણે આળોટતો હતો. જિંદગીની શરૂઆત હતી. યૌવનની સૌ અભિલાષાઓ મોકળા મને ખેલતી હતી. હૈયાના બંધ તોડીને પ્રણયભાવ વહી રહ્યો હતો. અમારું પ્રણયલગ્ન હતું

જવાનીની શરૂઆતના દિવસો હતા. નવીનવી કૉલેજ જોઇ હતી. કૉલેજની રંગીનીઓને મારા સરખા કોક દૂરથી નિહાળતા. બીજા બને એ રીતે બને એટલો સંપર્ક સાધતા. તે દિવસે ઘેર જતી વખતે સાધના સાથે થઇ ગઈ. આગલી સીટ પર એ બેઠેલી. હું જરા દૂર હતો. નજરોની ઓળખાણ અમારી વચ્ચે હતી. વર્ગમાંનો હું એકમાર્ગી અભ્યાસનિષ્ઠ વેદિયો, અને એ વસંતવનની નાચતી હરિણી. ત્યાર સુધી મેળ નહોતો ખાધો. પણ ત્યારે, કોણ જાણે કેમ, સાધનાએ મારી ટિકિટ કઢાવી. કંડક્ટર મારી પાસે પહેલો આવ્યો હોત તો મેં ટિકિટ ન જ કઢાવી હોત. શરૂઆત એણે કરી. અંત પણ એણે જ આણ્યો.

અમે પરણ્યાં.

દિવસો વીતતા ગયા. મારી રેઢિયાળ નોકરી બાકીના કલાકોની રંગમસ્તીની આશાના સહારે હું ખેંચી કાઢતો. રંગછોળો મારા ગૃહકપવનને ભીંજવતી. નજર નાખું ત્યા સુખ ને સુખ જ દેખાતું હતું.

એ દિવસે ગ્રહણ હતું. એ સાંજે મારી બાજુની રૂમમાં એક નવજુવાન રહેવા આવ્યો. સિદ્ધાર્થ દેસાઈ એનું નામ. હસમુખો ને દેખાવડો. રંગીલો ને મોજીલો. દુનિયાને સદા ય હળવી આંખે જોનારો. બીજે દિવસે ઓળખાણ, ત્રીજે દિવસે મૈત્રી. અમે ત્રણ સાંજનો સમય સાથે જ ગાળતા. મોટે ભાગે હું પ્રેક્ષક જ બની રહેતો. એ બેની મૈત્રી જામની જતી હતી. હું તો સાધનાના સુખમાં જ સુખી હતો. એના હાસ્યમાં જ મારું નાનકડું સ્મિત સમાએલું હતું.

એ રાત મારાથી નથી ભૂલાતી. દૂરથી એક કારની કચડાટી સંભળાઈ. એકનો અવાજ ટાયરના ઘસડાવાના અવાજને સાથે લઈને મારા કાને અફળાયો. કોઇ બરાડ્યું : 'છતી આંખે આંધળા છો કે?' અને પછી બધું શાન્ત પડી ગયું. પણ મારી ઊંઘ ઊડી ગઈ હતી.

થોડીવારે મેં સાધનાને હળવેથી સરીને બૅગ લઈ બહાર જતી જોઈ. બહાર કંઇ આછી વાતચિતનો ભણકાર આવ્યો. દબાતા પગલાંનો અવાજ દૂર જતો ગયો. વળી પાછી શાન્તિ પથરાઇ ગઇ. ત્યાં તો એ શાન્તિને ભેદતો અવાજ આવ્યો : 'જાગતા રે'જો!

જાગતો જ હતો. મારી આંખો ઉઘાડી હતી. મેં સાધનાને સિદ્ધાર્થ સાથે ભળતી જોઇ હતી, વધુ નજીક જતી જોઈ હતી, મારી અવગણના કરતી જોઇ હતી, અને આજે સિદ્ધાર્થ સાથે ચાલી નીકળતી યે જોઈ. હું શું કરી શકું? શું કરી શકત?

જિંદગી જીવ્યે જતો હતો. પલંગ પર પડી કલાકો સુધી ભીંત પરના અમારા ફોટોગ્રાફ પાછળના ચકલીના પીંખાએલા માળાને હું જોયા કરતો. એ આશ્વાસન હતું કે સમભાવ?

કંડક્ટરનો અવાજ આવ્યો : 'કહાં જાના હૈ સાહબ?' ત્યાં તો આગલી સીટ પરથી પરિચિત શબ્દો સંભળાયા : 'ટિકટ લે લિયા હૈ મૈંને ઇનકા.'


હું મુંઝાઈ ઊઠ્યો. મારી ટિકિટ લેવાનો શો અર્થ? તે દિવસે કૉલેજથી પાછાં વળતાં એણે મારી ટિકિટ લીધી હતી. એ દિવસ પછી હમેશાં મારી ટિકિટ એ જ લેતી આવી હતી. એનું પરિણામ લગ્નમાં આવ્યું. હવે આજે ટિકિટ લેવાનો શો અર્થ?

એક આંચકો આવ્યો અને સાથે કંડક્ટરનો અવાજ પણ : 'દો રાસ્તા હૈ કોઈ?' મેં ઢીલા પગે શરીર ઊંચક્યું. બસમાંથી બહાર પગ મૂકતાં જોયું તો સાધના મારી પહેલાં ઊતરી ચૂકી હતી. પાછળ નજર ફેરવી ઘરાઇને એને જોઈ લીધી.

મેં ઊંધું માથું નાખી પગલાં ભરવા માંડ્યાં. સાતમા પગલે તો એ સાથે થઈ ગઈ હતી. મારે ખભે હળવો હાથ પડ્યો. મેં બાજુમાં જોયું.

ભરેલા હૈયે અને આશાવંત કદમે અમે ઘર તરફ વળ્યાં ત્યારે ટાવરમાં બારના આંકડા પર બન્ને કાંટા મળેલા હતા.

કવિવર રવીન્દ્રનાથની જન્મશતાબ્દી આ વર્ષે ઊજવાય છે તે પ્રસંગે એક વાત તરફ વાચકોનું ધ્યાન ખેંચીએ : કવિગુરુની શૈલી જ્યારે પૂરી ઘડાઈ હતી અને શબ્દશક્તિનો એમને પૂર્ણ સાક્ષાત્કાર થયો હતો તે એમની જીવનખેડના પાછલા ભાગમાં એમણે કેટલીક નાની મધુર કથનિકાઓ લખેલી. કલ્પનારંગી ને અર્થગર્ભ એ વાતો છે તો સરળ ગદ્યમાં, પણ એમાં જીવનનાં પરમ સત્યોનું ઓજ છે; અને સૌ કોઇને સ્પર્શે એવો કવિતાનો રણકો તો એમાં છે જ. નાની રત્નકણિકાઓ જેવી એ સુંદર કથનિકાઓને કુમાર કાર્યાલયે હોંશથી પોતાની આગવી શૈલીથી કદ, માંડણી અને મુદ્રણમાં એક કલાત્મક રૂપ આપ્યું છે. એનું નામ લિપિકા. મૂળ બંગાળીમાથી શ્રી વિનોદ કોઠારીએ એને એવી જ વિશદ-મધુર ભાષામાં ઉતારી છે. કિ. રૂ. ૨, પોસ્ટેજ વગેરે ૭૫ ન. પૈ. અલગ.



ગુરુદેવ રવીન્દ્રનાથ...અને જુઓ સામેના પાના પર...કુમાર રવીન્દ્રનાથ

રવીન્દ્રનાથ ઠાકુરના શિશુકાળની જીવનસ્મૃતિ

કવિવર રવીન્દ્રનાથે પોતાના શિશુકાળના સ્મરણો બેએક વખત જુદી જુદી રીતે લખ્યાં છે એમાં સૌપ્રથમ બંગાળીમાં લખેલી 'જીવનસ્મૃતિ' વધારે વિસ્તારવાળી (કવિત્વની છાંટવાળી તો ખરી જ) છે. આજથી પિસ્તાલીસ વર્ષ પર 'મૉડર્ન રિવ્યૂ'માં એનું અંગ્રેજી ભાષાંતર (કવિવરના ભત્રીજા ગગનેન્દ્રનાથ ઠાકુરનાં, એ સ્મરણોનાં જેવાં જ ગૂઢ-રમણીય ચિત્રો સાથે) આવતું. તે પરથી શ્રી અંબાલાલ પુરાણીએ કરેલો અનુવાદ ત્યારે સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલયે બહાર પાડેલો. તેમાંથી કવિવરના બાલ્યકાળનાં સ્મરણો તારવીને આ નીચે આપીએ છીએ.

'અમારા કુટુંબમાં અમે ત્રણ જણા સાથે ઊછરતા હતા. તેમાંના બે જણા મારાથી બે વર્ષ મોટા હતા. એ બે જણાનું શિક્ષણ શરૂ થયું એટલે એમની સાથે મારો પણ શિક્ષણક્રમ શરૂ થઈ ગયો; પરંતુ તે સમયનું મને હમણાં કાંઈ પણ યાદ રહેલું નથી.

મનમા માત્ર એટલું યાદ છે કે જોડણીનો વાવાઝોડાથી ભરપૂર પ્રદેશ વટાવીને હું 'જલ પડે પાતા નડે' (વરસાદ પડે છે અને પાંદડાં હાલે છે) એટલું વાંચવા સુધી આવી પહોંચ્યો હતો. જ્યારે જ્યારે તે દિવસોનું મને સ્મરણ થાય છે ત્યારે ત્યારે કવિતાને અનુપ્રાસ કેટલો અગત્યનો છે તેનું પણ મને ભાન થાય છે. પ્રાસને લીધે કવિતાનો છેડો આવવા છતાં પણ આવતો નથી. શબ્દો અટકયા છતાં પણ અર્થ ચાલ્યા કરે છે; ઉચ્ચાર બંધ થાય છે ખરો, પણ ધ્વનિ નહિ.

મારા વિદ્યાર્થીજીવનની શરૂઆતનો એક બીજો બનાવ હજી મને યાદ આવે છે. મારા મોટા ભાઈ અને ઉંમરે મારાથી સહેજ મોટો મારો ભાણેજ સત્યેન્દ્ર એક દિવસ મને ઘેર મૂકીને નિશાળે જતા રહ્યા. સાંજે જ્યારે સત્યાએ આવીને રસ્તામાં બનેલાં સાહસોનું મીઠુંમરચું ભભરાવીને વર્ણન કર્યું ત્યારે તો મને થયું કે મારાથી હવે ઘેર કેવી રીતે રહી શકાય? મેં પોતે જ રડીને નિશાળે જવાનું મારે માથે ઘણું જ વહેલું વહોરી લીધું.

એ નિશાળમાં હું શું શીખ્યો તે તો મને બિલકુલ યાદ નથી, પણ ત્યાં આગળ શિક્ષા કરવાની એક રીત હતી તે મને હજી યાદ છે. જે છોકરાને પાઠ મોઢે આવડતો નહિ તેને પાટલી પર ઊભો કરીને તેના હાથ પહોળા કરવામાં આવતા, અને તેની બન્ને હથેળીઓ ઉપર સ્લેટો ખડકવામા આવતી. આ પ્રકારના પ્રયોગ છોકરા પર કરવાથી તેની ગ્રહણશક્તિ વધે કે કેમ, ને વધે તો કેટલી એ તો માનસશાસ્ત્રીઓ જાણે!

અમારા ઘરના ચાકરોની ઓરડીઓમાં વપરાતી ચોપડીઓ દ્વારા મેં પાડેલવાડેલો સાહિત્યના ક્ષેત્રમાં પ્રવેશ કર્યો. તેમાં ચાણક્યનાં સૂત્રોનું બંગાળી ભાષાંતર ને કૃત્તિવસાનું રામાયણ એ બે મુખ્ય પુસ્તકો હતાં.

અમારી બાલ્યાવસ્થામાં મોજશોખનું તો અમે નામ પણ જાણતા ન હતા. તે સમયનો જીવનવ્યવહાર હાલના કરતાં ઘણો જ સાદો હતો. વળી તેમાં અમારા કુટુંબના બાળકો તો વડીલ તરફના સંભાળની વિટંબણાથી તદ્દન મુક્ત જ રહેતાં. અમારા ખોરાકમાં પણ સ્વાદ કે ચટાકા જેવું કાંઈ જ ન હતું. અમે તે વખતે જે કપડાં પહેરતા તેની જો હું યાદી આપું તો હાલના છોકરાઓને તો તેના તિરસ્કાર આવે. અમે દસ વર્ષના થયા ત્યાં સુધી મોજાં કે જોડા કોઈ પણ કારણસર પહેરતા જ નહિ. શિયાળામાં પહેરણ પર એક વધારાની સુતરાઉ બંડીથી કામ ચાલતું. પણ કપડાં ઓછાં મળવાને લીધે અમને કદી અસંતોષ થતો નહિ. માત્ર જ્યારે અમારો ઘરડો દરજી પહેરણને ગજવાં મૂકવાનું ભૂલી જતો ત્યારે જ અમે ગભડતા, કારણ કે જેને પોતાના ગજવામાં કાંઈ પણ મૂકવાનું ન હોય એવો ગરીબ છોકરો અત્યાર સુધી કદી થયો જ નથી.



કુમાર રવીન્દ્રનાથ: સ્કેચ જ્યોતિરીન્દ્રનાથ ઠાકુર
(મૉડર્ન રિવ્યૂના સૌજન્યથી)

અમે નોકરોના સામ્રાજ્યમાં ઊછર્યાં હતા. ઘરના ચાકરોએ પોતાની સગવડ ખાતર અમારો સ્વેચ્છાએ વર્તવાનો હક છીનવી લીધો હતો. બહારના ઓરડાના (અગ્નિ) ખૂણામાં આવી રહેલી ચાકરોની ખોલીઓમાં અમારા દિવસો નિર્ગમન થતા. અમારા ચાકરોમાં એક શ્યામ કરીને હતો; તે રંગે કાળો, ગટ્ટો અને વાંકડિયા વાળવાળો હતો. તે મને એક જગ્યાએ બેસાડીને મારી આસપાસ એક ચાકની આડ કરી લેતો અને પછી ગંભીર મોં કરી આંગળી બતાવીએ કુંડાળું ઓળંગીને બહાર આવ્યા પછી થનારાં અનિષ્ટ પરિણામોની મને બીક આપતો! એ નુકસાન શારીરિક હતું કે આધ્યાત્મિક તેનો મને બરાબર ખ્યાલ નથી; પરંતુ મારા મનમાં એક પ્રકારની બીક પેસી જતી. મારી આસપાસ કરેલી કુંડાળાની આડના સત્ય વિષે મને જરા પણ સંશય થતો નહિ, કારણ કે લક્ષ્મણજીએ કરેલી આડનું ઉલ્લંઘન કરવાથી સીતાજી પર ગુજરેલી વિપત્તિઓ મેં વાંચી હતી!

અમારા ચાકરોના ઘરની ખોલીના બારી નીચે જ એક હોજ હતો. તેની ચારે બાજુએથી છાબંધ ઓવારાનાં પગથિયાં છેક પાણી સુધી જતાં હતાં. એ હોજની પશ્ચિમ બાજુએ એક વિશાળ ઘટાદાર વડનું વૃક્ષ હતું. તેની દક્ષિણ દિશાએ નાળિયેરીની હાર આવી રહી હતી. એ

બારીની પાસે જ કુંડાળું કરી મને શ્યામો પૂરી રાખતો, એટલે બધો વખત હું બારીના પડદાઓમાંથી, એકાદ પુસ્તકના ચિત્રની પેઠે, બહારનો બધો દેખાવ જોયા જ કરતો. સવારથી અમારા પડોશીઓ એક પછી એક ત્યાં આગળ નહાવાને આવવા માંડતા. દરેક પાડોશીને આવવાનો ચોક્કસ સમય પણ મને બરાબર યાદ હતો. દરેકની લૂગડાં પહેરવાની અને વાળ ઓળવાની ખાસિયતથી પણ હું બિલકુલ અજાણ્યો ન હતો. દરેક જણની નહાવાની ઢબ પણ મારા ધ્યાનમાં રહેતી.

બપોર થતાં નહાવાની જગ્યા સૂનકાર બની શાન્ત પડી રહેતી. માત્ર બતકો પાણીમાંનાં જીવડાં પાછળ તર્યાં કરતાં, અથવા પાંખો ફફડાવી સાફ કરી આખો દિવસ તેમાં પડી રહેતાં. જ્યારે બધે શાંતિ પ્રસરતી ત્યારે મારું મન વડની છાયા તરફ આકર્ષાતું. એ ઝાડની કેટલીયે વડવાઈઓ નીચે આવી જમીનમાં ઊંડાં મૂળ નાખી રહી હતી અને તેનાં મૂળિયાંઓ આગળ ગૂંચવણભર્યું ગૂંથણ કર્યું હતું. વિશ્વનિયમો હજી તે ભેદી સ્થાનમાં પ્રવર્તતા નહિ એમ મને લાગ્યા કરતું. જાણે કોઈ પુરાતન જગતની સ્વપ્નમય સૃષ્ટિ પ્રભુની સર્વ સાક્ષી દૃષ્ટિની બહાર જ રહી ગઈ હોય નહિ એમ મને લાગતું. ત્યાં તે છાયામાં હું કોને જોતો હતો, તેઓ બધાં શું કરતાં હતાં એ બધું મારાથી સમજી શકાય એવી ભાષામાં મુકાય તેમ નથી. મોટા થયા પછી આ વડને વિષે જ મેં લખ્યું હતું કે,

'નિશિદિશિ દાંડિએ આછ માથાય લયે જટ,
છોટ છેલેટિ મને કિ પડે, ઓગો પ્રાચીન વટ?'

'જેની ડાળીઓમાંથી જાળી જેવી ગૂંથાએલી વડવાઈઓ લટકી રહેલી છે એવા હે પ્રાચીન વટવૃક્ષ! (તું અહોરાત્ર હાલ્યાચાલ્યા વગર ધ્યાનસ્થ યોગીની પેઠે રહે છે) પણ તારા છાંયડા જોડે જેની કલ્પના રમ્યા કરતી તે નાનકડો છોકરો તને સાંભરે છે ખરો?'

હાય! તે વડનું વૃક્ષ આજે તો હતું ન હતું થઈ ગયું છે! જંગલના એ રાજાને પ્રતિબિંબિત કરતું પેલું નાનું તળાવ પણ હવે નથી. એમાં નહાવા આવનારાઓમાંના ઘણાખરા પણ વડની છાયા ભેગા જ વિલાઈ ગયા છે. એ નાનો બાળક હવે મોટો થયો છે, ને તેણે પોતાની આસપાસ નાખેલાં મૂળિયાંઓએ તેને ઘેરી લીધો છે:

~

ઘરની બહાર જવાની અમને મના હતી, એટલું જ નહિ પણ તેની અંદરના બધા ભાગમાં ફરવાની પણ અમને છૂટ ન હતી. તેથી અમે અમારા પડદા પાછળથી કુદરત તરફ માત્ર ડોકિયાં કરી લેતા. બાહ્ય સૃષ્ટિ નામની એક અનંત વસ્તુ અમારાથી ઘણી જ વેગળી હતી. તે બાહ્ય સૃષ્ટિના તેજનો ચમકાર અથવા તો ક્વચિત્ તેનો ધ્વનિમાત્ર, કોઈ વાર તો તેનો કેવલ પરિમલ, ક્ષણ માટે આવીને આંતરસૃષ્ટિનાં જાળિયાં દ્વારા અમારી ઇન્દ્રિયોને સ્પર્શ કરતો.

અમારા ઘરની અગાશીનો ઘેરો મારા કરતાં ઊંચો હતો. પણ જ્યારે હું ઊંચો વધ્યો ને અમારા પર નોકરોનો કાબૂ જરા ઢીલો પડ્યો, તથા ઘરમાં નવી વહુ આવવાને લીધે મને તેની સાથે વાતચીત કરવાની સ્વતંત્રતા મળી અને ઘરમાં મારું વજન પણ જરા વધ્યું ત્યારે કોઈ-કોઈ વાર બપોરને સમયે હું અગાશીમાં જતો. ઘરનાં બધાં માણસો જમી પરવારેલાં હોય, ઘરનું કામકાજ જરા મંદ પડ્યું હોય, અંતઃપુરમાં પણ બપોરની શાંતિનું વાતાવરણ વીંટાઈ વળ્યું હોય, ઘરનાં બૈરાંઓનાં લૂગડાં ઘોડા પર પડ્યાં પડ્યાં સુકાતાં હોય, વાડાના એક ખૂણામાં નાખેલા એંઠામાં કાગડાઓ ચાંચ ચોચતા હોય, એવે શાંતિને સમયે પાંજરામાંનું આ પક્ષી બહારના સ્વતંત્ર પક્ષી જોડે ઘેરાના બાકોરામાંથી ચાંચ મેળવી લેતું'

હું તો નિશ્ચલ થઈ એ સૃષ્ટિ ટગર ટગર જોયા જ કરતો. અંદરના બાગમાં આવી રહેલી નાળિયેરીની હાર પર મારી નજર સૌથી પહેલી પડતી. એ નાળિયેરીઓના હારની પેલે પાર થોડાંક ઝાડનાં ઝુંડ અને સિંધીનો હોજવાળો બાગ દેખાતો. પેલી તળાવડીને તીરે અમારી દૂધવાળી તારાની ઝૂંપડી આવેલી હતી. તેની પણ પેલી મેર નજર નાખતાં વૃક્ષોની ટોચ સાથે મળી જઈને ડોકિયાં કરતાં જુદાજુદા આકાર અને જુદીજુદી ઊંચાઈવાળાં કલકત્તાનાં અગાશીબંધ મકાનો, મધ્યાહ્નના સૂર્યનો પ્રકાશ પ્રતિબિંબિત કરતાં ભૂરા નિર્મળ આકાશમાં મળી જતાં. દૂર દેખાતા એ ઘરોની અગાશીમાં જવાની છાપરાંવાળી નિસરણીઓ અને દાદરો પણ નજરે પડતા. જાણે એ ઘર આંગળી ઊંચી કરીને નેત્રના પલકારાથી પોતાની અંદર રહેલા ઊંડા રહસ્યની સૂચના કરતાં હોય નહિ! જેમ કોઈ ભિખારી રાજમહેલ આગળ ઊભો રહી તેમાં અઢળક દોલત હશે એમ ધારે છે, કારણ કે તે પોતે અંદર જઈ શકતો નથી, તે જ પ્રમાણે હું પણ મારા ઘરની અગાશીમાંથી બીજાં ઘરોમાં છોકરાઓ માટે કેટલીયે રમતગમત અને છૂટ હશે એમ ધારતો હતો. મને તો એમ જ લાગતું કે આ અજાણ્યાં ઘરોમાં તો રમતગમતનો પાર જ નહિ હોય! પ્રખર સૂર્યના તાપની ઊંડામાં ઊંડી જગ્યાએથી સમડીનો તીણો અવાજ મારે કાને પડે, ને સિંધીના ઘર પાસેની ગલીમાંથી બપોરની શાંતમાં નિદ્રાવશ ઘરો પરથી 'બંગડી લો બંગડી!' એવું બંગડીવાળાનું ગાન આવે એટલે મારું મન ઉદાસ થઈ જતું!

મારા પિતાનું ઘરમાં રહેવાનું લગભગ નહિ જેવું જ હતું. તેમને તો હમેશાં ફર્યાં જ કરવાની ટેવ હતી. ત્રીજા માળ ઉપરનો એમનો ઓરડો હમેશાં બંધ રહેતો. એ ઓરડાના બારણામાંથી મારો હાથ નાંખીને સાંકળ ઉઘાડી હું અંદર જતો અને આખી બપોર સોફા પર હાલ્યાચાલ્યા વગર પડી રહી ગાળતો. મૂળ તો એ ઓરડો હમેશનો બંધ રહેતો, અને તેમાં છૂપો પ્રવેશ કરવાની તક મળતી, એટલે પછી એમાં કાંઈ ઓર મઝા આવતી! એ મારા છૂપા પ્રવેશમાં અને તે ઓરડામાં રહસ્યની સુવાસ પ્રસરેલી જણાતી. અને વધારામાં દક્ષિણે આવેલી પેલી વિશાળ સૂર્યના તેજમાં ઝગઝગતી અગાશી મને જાગ્રત સ્વપ્નાવસ્થામાં લાવી મૂકતી.

~

નૉર્મલ સ્કૂલમાં હું વધારે વખત રહ્યો હોઈશ નહિ, કારણ કે જ્યારે હું એ નિશાળમાં દાખલ થયો ત્યારે મારું વય તદ્દન નાનું હતું. એ નિશાળની એક ખાસ ખૂબી હજી મને યાદ રહી છે. નૉર્મલ સ્કૂલના નિશાળિયાઓને ક્લાસ શરૂ થતા પહેલાં છજામાં હારબંધ બેસાડી કોઈ એકાદ કવિતા ગવડાવવામાં આવતી, કે જેથી વર્ગનું નીરસ કાર્ય શરૂ થતાં પહેલાં છોકરાઓનાં મન પ્રસન્ન થાય. પણ એ કવિતાના અંગ્રેજી શબ્દોના ઉચ્ચારો અમારા મુખમાં એવા તો બની જતા કે શબ્દશાસ્ત્રીઓને પણ તેમાંથી ઘણું જાણવાનું મળે! તેમાંની એક લીટી મને યાદ છે તે આવું હતું: 'કાલોકી, પુલોકી, સંગીલ; મેલીલીંગ, મેલાલીંગ, મેલીલીંગ.' એ લીટીના કેટલાક શબ્દોનું શુદ્ધ અંગ્રેજી હું મહાન પ્રયત્ન કરીને ગોઠવી કાઢવામાં ફતેહમંદ થયો છું. 'કાલોકી' શબ્દ શામાંથી અપભ્રંશ થઈને આવ્યો છે તે હજી પણ મને સમજાતું નથી, પણ બાકીની લીટી નીચે પ્રમાણે હતી:

Full of glee, singing merrily, merrily, merrily.

નિશાળમાં આવતા બીજા છોકરાઓ એવા તો ગંદા ને ખરાબ ટેવોથી ભરેલા હતા કે મને તેમની સાથે ગોઠતું જ નહિ. આ કારણને લીધે બપોરની રજાને વખતે હું બીજે માળે ચડીને એક બારીમાંથી રસ્તા તરફ જોવામાં જ ગાળતો. પછી હું એક, બે, ત્રણ, એમ (અનુ. પૃ. ૧૪૪)

ગુરુદક્ષિણા

રેડિયો નાટિકા ☆
સુરંગી અધ્વર્યુ

વિદ્યાર્થીઓ : ૐ સહનાવવતુ
સહનૌ ભુનક્તુ
સહવીર્ય કરવાવહૈ
તેજસ્વીનાવધીતમસ્તુ
મા વિદ્વિષાવહૈ
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

વરતન્તુ : વત્સ કૌત્સ, આજે તારો વિદ્યાભ્યાસ પૂરો થાય છે. તારી આ વિદાય વેળાએ મારા આશીર્વાદ, કે તારું કલ્યાણ થાઓ.

વિદ્યાર્થીઓ : સત્યં વદ. ધર્મં ચર. સ્વાધ્યાન્માપ્રમદઃ. માતૃદેવો ભવ. પિતૃદેવો ભવ. આચાર્યદેવો ભવ. અતિથિદેવો ભવ...

મયૂર:(જરા દૂરથી અવાજ)Sister, may I Come in?

શિક્ષિકા: Yes, yes, take your seat. મયૂર, આમ મોડા ન આવવું જોઇએ, સમજ્યા?

મયૂર: Sorry sister (જોડેના વિદ્યાર્થીને) અલ્યા વિક્રમ, આ શું ચાલે છે? પેલા બધા ત્યાં કેમ ઊભા છે?

વિક્રમ: ખબર નથી? રઘુવંશમાના બ્રહ્મચારી કૌત્સ અને ગુરુ વરતન્તુના પ્રસંગ ઉપરથી નાટક કરવાનું છે તેનું રીહર્સલ ચાલે છે. આ તો ઇતર પ્રવૃત્તિનો સમય ને?

મયૂર: બરાબર, આજે નાટક હતું તે તો ભૂલી જ ગયો! તને આ વાર્તાની ખબર છે?

વિક્રમ: ના, પણ સાંભળ હવે–પેલો કૌત્સ બોલે છે.

કૌત્સ: ભગવન્ પ્રણામ! આપના આશીર્વાદથી કૃતાર્થ થયો. કિન્તુ આપની ગુરુદક્ષિણા?

વરતન્તુ: તાત કૌત્સ, તારી સેવા અને વિદ્યાપ્રાપ્તિથી જ હું પ્રસન્ન છું. તારી પાસેથી ગુરુદક્ષિણાની કોઈ અપેક્ષા નથી.

કૌત્સ: કિન્તુ ગુરુદેવ, ગુરુદક્ષિણા આપ્યા વગર હું કેમ જઈ શકું? મારા ધર્મમાંથી હું ચલિત થાઉં?

વરતન્તુ: કૌત્સ, ધર્મની ચિંતા ન કર, કારણ હું પોતે જ તને ઋણમાંથી મુક્ત કરું છું.

કૌત્સ: ભગવન્, આપે મહાન અનુગ્રહ કરી મને અધિક ઋણી કર્યો. છતાં હું તો ગુરુદક્ષિણા આપીને જ મુક્તિ અનુભવીશ. આદેશ આપો ગુરુદેવ.

વરતન્તુ: કૌત્સ, તું આગ્રહ જ રાખે છે એમ? તો જા ને આપવી જ હોય તો લઈ આવ ચતુર્દશ કોટિ સુવર્ણમુદ્રા.

કૌત્સ: જેવી આજ્ઞા ગુરુદેવ!

મયૂર: સિસ્ટર, ચતુર્દશ કોટિ એટલે?

શિક્ષિકા: ચૌદ કરોડ.

વિક્રમ: અધધધ! એટલા બધા સોનૈયા!

મયૂર: જોને ત્યારે, નકામો દોઢડાહ્યો થયો ને! ગુરુએ છૂટ આપી તો ય વળી હઠ કરીને આપવા બેઠો!

વિદ્યાર્થિની: તે જ તો એની મહત્તા છે ત્યારે!

વિક્રમ: અને ગુરુ પણ કેવા! વર્ષો સુધી વિદ્યાભ્યાસ કરાવ્યો અને વળી ગુરુદક્ષિણા લેવાની પણ ના પાડી!

મયૂર: અને માગ્યું ત્યારે? કેટલું બધું!

વિદ્યાર્થિની: એ તો બહુ આગ્રહ રાખ્યો એટલે ગુરુએ એની પરીક્ષા કરવા એક મોટી રકમ કહી નાખી! બાકી ગુરુને ધન શું કરવાનું? એ તો વનવાસી આશ્રમજન જ ને?

વિક્રમ: ભાઇ, મને તો બીચારા કૌત્સની ચિંતા છે! એ આટલું બધું ધન કયે જન્મારે લાવી શકશે.

મયૂર: અરે કૈંક ટ્રિક હશે, જોજેને હમણાં!

શિક્ષિકા: ચાલો હવે બીજું દૃશ્ય શરૂ કરીએ. બધું ગોઠવાઇ ગયું ને?

વિદ્યાર્થીઓ: હા, સિસ્ટર.

શિક્ષિકા: ઠીક; તો હવે આપણે રઘુરાજાના દરબારનું દૃશ્ય ભજવીએ. ચાલો... રઘુરાજા કોણ છે? તમે? તમારે અહીં બેસવાનું; અને કૌત્સ ત્યાંથી પ્રવેશ કરે એટલે આ પાત્ર લઈ તેનું સ્વાગત કરવા જવાનું છે. બરાબર યાદ છે ને? પ્રતિહારિણી, તમે ત્યાં.

પ્રતિહારિણી: હા સિસ્ટર.

શિક્ષિકા: ઠીક તો સૌ પોતપોતાની જગ્યાએ ગોઠવાઈ જાઓ, જોઉં. (અવાજ)

મયૂર: સમજી ગયા. વિક્રમ: શું સમજ્યો?

મયૂર: મેં કહ્યું'તું ને કાંઇક ટ્રિક હશે! બસ, હવે આ બ્રહ્મચારી કૌત્સ રાજા પાસે ભીખ માગશે એટલી મળી જશે.

વિક્રમ: તે એમ રાજા આટલું બધું દાન આપી દેશે?

વિદ્યાર્થિની: કેમ નહિ? એ તો એ વખતના રાજાઓ, દાનશીલ. એમને ધનવૈભવ કરતાં કીર્તિ જ વધુ વહાલી હતી. આ રઘુ જ જુઓ ને!

શિક્ષિકા: ચાલો, શરૂ. આ દૃશ્યની શરૂઆત ગાયકવૃન્દના શ્લોકથી થાય છે ગાઓ જોઉં.

વિદ્યાર્થીઓ :

तमध्वरे विश्वजिति क्षितीशं
निःशेष विश्राणितकोषजातं।
उपात्तविद्यो गुरुदक्षिणार्थी।
कौत्सः प्रपेदे वरतन्तुशिष्यः॥

પ્રતિહારિણી: મહારાજ, બહાર ભગવાન વરતન્તુના આશ્રમમાંથી બ્રહ્મચારી કૌત્સ આવ્યા છે.

રઘુ: ઓહો, અતિથિ અને તે ય વરતન્તુના જ્ઞાનવાન બ્રહ્મચારી શિષ્ય! પ્રતિહારિણી મને અર્ઘ્યસામગ્રી આપો એમનું સ્વાગત કરું.

(રાજાના ચાલવાનો અવાજ)

મયૂર: સિસ્ટર, જરા પૂછું?

શિક્ષિકા: બોલો.

મયૂર: રાજાના હાથમાં આવું માટીનું વાસણ ઠીક લાગે?

વિદ્યાર્થિની: એ જ છે ને ત્યારે!

વિક્રમ: બધામાં એ જ છે ને. પણ રાજાના હાથમાં તો સુવર્ણપાત્ર શોભે; એ કૈં ગરીબ...

શિક્ષિકા: હા, એ ગરીબ જ હતો.

મયૂર: રાજા ગરીબ?

શિક્ષિકા: હા, ચક્રવર્તી રાજા રઘુ અકિંચન. કારણ? ચક્રવર્તીપદ પામ્યા પછી વિશ્વજિત યજ્ઞ કરી એણે પોતાની સર્વ સંપત્તિ દાનમાં આપી દીધી અને પોતે અકિંચન થઇ રહ્યો! આ સાંભળો કૌત્સના શબ્દો...

કૌત્સ: અહો, મહારાજ રઘુ આવે છે! શી સાદાઇ! માત્ર સાદાં શુભ્ર વસ્ત્ર. કૈં શોભા કે અલંકાર નથી.

વૃન્દ: सम्मृण्मये वीतहिरण्मयत्वात्
पात्रे निधायार्घ्यमनर्घशीलः
श्रुतप्रकाशं यशसा प्रकाशः।
प्रत्युज्जगामातिथिमातिथेयः

કૌત્સ: માત્ર બે ચામર અને શુભ્ર શ્વેત વસ્ત્ર સિવાય કાંઇ વૈભવ પણ નથી.

મયૂર: એટલો ય વૈભવ શા માટે રાખ્યો?

શિક્ષિકા: अदेयमासित् त्रयमेव भूपतेः।
शशीप्रभं छत्र उभे च चामरे॥

એ તો એના રાજત્વનાં ચિહ્નો. એ વૈભવ તો રાજગાદીનો, રાજાની વ્યક્તિગત માલિકી નહિ.

વિક્રમ: આ તો ખરું છે અલ્યા!

મયૂર: પણ ત્યારે બિચારા કૌત્સની અવદશા! રાજા એને આટલું ધન ક્યાંથી આપશે?

શિક્ષિકા: તમે લોકો ત્યાં વાતો ન કરો, ને જરા ધીરજ રાખીને નાટક આગળ ચાલવા દો, બધું હમણાં સમજાશે. ચાલો... રઘુ હવે બ્રહ્મચારી કૌત્સનું સ્વાગત કરે.

રઘુ: બ્રહ્મચારી! મારા ભવનને આજે આપે પાવન કર્યું તેથી કૃતાર્થ છું. કહો, કુશળ છો ને? ઋષિઓમાં અગ્રણી અને કુશાગ્રબુદ્ધિ એવા આપના ગુરુ વરતન્તુ કુશળ છે ને?

કૌત્સ : મહારાજ, જ્યાં રઘુ જેવા પરાક્રમશીલ, દાનશીલ અને ધર્મશીલ રાજા રાજ્ય કરતા હોય ત્યાં પ્રજાને સુખ જ હોયને?

રઘુ : તો કહો, આપનું શું પ્રિય કરું!

કૌત્સ : મહારાજ, હું તો આપનું ઔદાર્ય જોઇને જ પ્રસન્ન થયો છું. યજ્ઞમાં સર્વસ્વનું દાન કરીને આપે જે અકિંચનત્વ સ્વીકાર્યું છે તે સર્વથા યોગ્ય છે.

વૃન્દ : स्थाने भवानेक न राधिप:सन्न
अकिंचनत्वं मखजं व्यनक्ति।
पर्यायपीतस्य सुरैर्हिमांशो:
कलाक्षय: श्लाघ्यतरो हि वृद्धे:॥

કૌત્સ : એટલે મહારાજ, ગુરુદક્ષિણા માટે હું અન્ય ક્યાંક પ્રયત્ન કરીશ. આપનું સર્વથા કલ્યાણ હો.

રઘુ : ઊભા રહો ઊભા રહો, બ્રહ્મચારી! રઘુને દ્વારેથી કોઇ શ્રોત્રિય પૂર્ણસંતુષ્ટથયા વગર પાછો ફરે તો રઘુની કીર્તિ લાંછિત થાય.

કૌત્સ : કિંતુ મહારાજ...

રઘુ : નહિ નહિ; કહો બ્રહ્મચારી, આપને ગુરુને–કેટલું આપવાનું છે?

કૌત્સ : મહારાજ, ગુરુ પાસેથી મેં ચૌદ પ્રકારની વિદ્યા પ્રાપ્ત કરી છે, તે મુજબ મારે તેમને ચૌદ કરોડ મુદ્રાઓ આપવાની છે.

રઘુ : બસ એ જ ને! બ્રહ્મદેવ, આપ મારી યજ્ઞશાળામાં નિવાસ કરો અને મને ત્રણ દિવસની મહેતલ આપો.

કૌત્સ : જેવી આપની ઇચ્છા, રાજન્.

વિક્રમ : આ રાજા યે અજબ છે! હાથમાં માટીનું પાત્ર છે તો ય આને વચન આપી બેઠા.

મયૂર : અને ક્યાંથી લાવશે હવે?

વિક્રમ : લાગે છે કે કોકના પર ચડાઇ કરશે.

મયૂર : મને તો આ વિદ્યાર્થી જ કોઈ અજબ પ્રાણી લાગે છે. વિક્રમ : કેમ?

મયૂર : ભલા માણસે માગીમાગીને બરાબર ચૌદ કરોડ જ માગ્યા! આવશે તેટલા ગુરુને આપી દેશે, ને પોતે તો...

વિદ્યાર્થિની : એ જ ખૂબી છે ને...

મયૂર : લો, આમને તો બધામાં ખૂબી જ દેખાય છે!

વિક્રમ : શી ખૂબી છે આમાં, કહો—

વિદ્યાર્થિની : કે, એ વિદ્યાર્થી પણ કેવો નિસ્પૃહ કે પોતાને માટે તો કૈં માગ્યું જ નહિ.

મયૂર : પણ આ નાટક કેમ ગોઠવાયું?

વિદ્યાર્થિની : મંત્રીનું પાત્ર લેનાર હાજર નથી.

શિક્ષિકા : સુરેશ ગેરહાજર છે?

ત્રણ વિદ્યાર્થીઓ : હા સિસ્ટર.

શિક્ષિકા : તો મંત્રીનું પાત્ર કોણ લેશે?

વિક્રમ : મયૂર તું લે, બધાની ભૂલો કાઢે છે.

મયૂર : (વિક્રમને) લઉં?

વિક્રમ : હા હા.

મયૂર : સિસ્ટર, હું લઉં?

શિક્ષિકા : જરૂર, આવી જા. લે આ સ્ક્રિપ્ટ.

મયૂર(મંત્રી તરીકે)(જોરથી બૂમ પાડીને): મહારાજ, આજ્ઞા. (બધા હસે છે.)

શિક્ષિકા : અરે અરે, જરાં ધીરેથી. આપણે માઈક આગળ બોલવાનું છે.

મંત્રી : સૉરી સિસ્ટર. (ફરીથી)—મહારાજ, આજ્ઞા!

રઘુ : મંત્રીશ્વર, મારે બ્રહ્મચારી કૌત્સને આપવા ચતુર્દશ કોટિ સુવર્ણ મુદ્રા જોઈએ.

મંત્રી : પણ આપ તો જાણો છો...

રઘુ : કે રાજ્યકોષ ખાલી છે. પણ રઘુના બાહુ તો પરાક્રમથી ભરેલા છે ને! મારો રથ તૈયાર કરો. શસ્ત્રાસ્ત્ર મુકાવો. મારા પરાક્રમ વડે હું ધનપતિ કુબેર પાસેથી ધન લઇ આવીશ.

વિક્રમ : કુબેર વિશ્વબેંક જેવા લાગે છે!

મંત્રી : પણ પ્રસ્થાન તો પ્રભાતે...

રઘુ : હા, જ્યાં સુધી પ્રતિજ્ઞા પૂરી ન થાય ત્યાં સુધી રઘુ રથમાં જ શયન કરશે.

વિક્રમ : કમાલ છે! પણ એને કુબેર પર જ ચડાઈ શું કરવા કરવી પડી? આ દુનિયામાં બીજો કોઈ રાજા નહોતો?

વિદ્યાર્થિની : ના, નહોતો જ. પૃથ્વી તો એણે જીતી જ લીધી હતી, એટલે તે તો તેના જ તાબાની તેની જ પ્રજા ગણાય.

મયૂર : સિસ્ટર, પણ કુબેરને ત્યાં રાજા પહોંચશે શી રીતે! એની પાસે રૉકેટ, સ્પુટનિક કે એક્સપ્લોરર તો નહિ હોયને?

શિક્ષિકા : સાંભળ, આ વૃન્દને.

વૃન્દ : वसिष्ठ मंत्रोक्षणजातप्रभावा
उदन्वदाकाशमहीधरेषु।
मरुत्सखस्येव बलाहकस्य
गतिर्विजघ्ने न हि तद्रथस्य॥

શિક્ષિકા : એટલે કે રાજગુરુ વસિષ્ઠની મંત્રશક્તિની મદદથી રાજાના અશ્વોને ક્યાંય અંતરાય નહોતો.

મયૂર : આ સારું, આવો એકાદ મંત્ર આવડી જાય તો આ રૉકેટ-ફૉકેટ બનાવવા મટે.

શિક્ષિકા : ચાલો હવે, તમારો પાઠ બોલો.

મયૂર : હા સિસ્ટર, (મંત્રી તરીકે) મહારાજ, મહારાજ.

રઘુ : કેમ મંત્રીશ્વર, હજી પ્રથમ પ્રહર થયો નથી. થતાં જ હું પ્રસ્થાન કરીશ.

મયૂર (મંત્રી) : પણ મહારાજ, હવે પ્રસ્થાનની જરૂર જ નથી.

રઘુ : કેમ? પેલા બ્રહ્મચારી...

મંત્રી : એ તો પ્રાતઃકર્મમાં ગૂંથાયા છે.

રઘુ : ત્યારે?...

મયૂર : મહારાજ, કુબેરને આપની ઇચ્છાની જાણ થતાં જ તેણે આપણો ધનભંડાર સુવર્ણવર્ષાથી ભરી દીધો છે. અને તેમના નગર પર આક્રમણ ન કરવા આપને વિનતિ કરી છે.

રઘુ : એમ? ભલે. તો હવે બ્રહ્મચારી કૌત્સને બોલાવીએ.

મંત્રી : જેવી આજ્ઞા. હું જ જાઉં છું... (શિક્ષિકાને) બસ, સિસ્ટર?

શિક્ષિકા : હા, હવે તમારે જવાનું છે.

મયૂર : પછી પાછા નહિ આવવાનું સિસ્ટર?

શિક્ષિકા : આવવાનું છે ને!

મયૂર : હાશ! તો તો સારું. વિક્રમ, દોસ્ત, કેવું બોલ્યો? વિક્રમ : બહુ સરસ.

વિદ્યાર્થિની : પણ જોરથી બોલતા હતા...

મયૂર : તે અમે રઘુરાજાના મંત્રી છીએ. કંઈ જેવાતેવા નથી.

વિદ્યાર્થિની : હા, પણ માઇકમાં બરાડા ના પાડતા.

શિક્ષિકા: ચાલો ચાલો મયૂર, કૌત્સને લઇને.

મયૂર : યસ સિસ્ટર. (મંત્રી તરીકે) મહારાજ, બ્રહ્મચારી કૌત્સ પધારે છે.

રઘુ : બ્રહ્મચારી કૌત્સ, આપની ઇચ્છા પૂર્ણ કરી શકવાનો મને સંતોષ છે. આ સૌ સુવર્ણ હવે આપનું છે.

મયૂર : સિસ્ટર, આ તો બધું આપી દે છે.

શિક્ષિકા : મયૂર, તમે અત્યારે મંત્રી છો.

મયૂર : હા, સિસ્ટર, પણ જરા પૂછવું હતું.

શિક્ષિકા : પણ તમે જુઓ તો ખરા, શું થાય છે તે. ચાલો કૌત્સ, બોલો.

કૌત્સ : મહારાજ ક્ષમા કરજો. પણ મારે તો માત્ર ગુરુદક્ષિણા પૂરતી ચૌદ કરોડ મુદ્રાની જ આવશ્યકતા છે. આટલું બધું સુવર્ણ લઇને હું શું કરું?

મયૂર : મને આપી દેજે.

શિક્ષિકા : મયૂર! મયૂર : સૉરી.

રઘુ : બ્રહ્મકુમાર, મેં તો આપના નિમિત્તે જ આ ધન મેળવવાનો સંકલ્પ કર્યો હતો... માટે આ બધું ધન આપનું જ ગણાય.

કૌત્સ : પણ મહારાજ, અનાવશ્યક યાચના ને અનાવશ્યક સંગ્રહ મારે માટે અધર્મ્ય છે.

વિક્રમ : આ વળી નવી આફત! પેલા ગુરુને લેવું ન હતું ને શિષ્યને આપવું જ હતું. અહીં રાજાને આપવું જ છે તો શિષ્યને લેવું નથી.

વૃન્દ : जनस्य साकेतनिवासनस्तौ
द्वावप्यभूतामभिनन्द्यसत्त्वौ।
गुरुप्रदेयाधिकनि:स्पृहोऽर्थी
नृपोऽर्थिकामादधिकप्रदश्च॥

વિદ્યાર્થિની: આનું જ નામ નિસ્પૃહત્વ. ગુરુ લોભી ન હોય, શિષ્ય ધર્મશીલ હોય, રાજા દાનવીર હોય, તે જ ઉત્તમ સમાજ!

વિક્રમ: હાસ્તો, આમાં તો બધા જ ત્યાગ કરવા તૈયાર! કોઇને લેવાની તો વૃત્તિ જ નથી. પણ હવે આ ધનના ઢગલાનું શું થશે?

વિદ્યાર્થિની: જુઓને, શું થાય છે તે.

મંત્રી: મહારાજ, આજ્ઞા હોય તો કંઈક કહું.

રઘુ: જરૂર જરૂર, મંત્રીશ્વર.

મંત્રી: મહારાજ, આપ ક્ષત્રિયનો ધર્મ સચવાય એમ કરવું હોય તો તો આપે બધું જ આપવું, પણ બ્રહ્મચારી કૌત્સે ન લેવું.

કૌત્સ: તો કરવું શું?

મયૂર: આપે આપને માટે ન સ્વીકારતાં મહારાજ તરફથી ગુરુના આશ્રમાર્થે સ્વીકારવું.

રઘુ: ધન્ય મંત્રીશ્વર, સ્વીકાર્ય છે આ માર્ગ.

કૌત્સ: એ યોગ્ય છે. આ સર્વ ધન તત્રભવાન્ ગુરુદેવને સમર્પિત હો.

રઘુ: તો મંત્રીશ્વર, આ ધનને ઊંટ પર ભરી મારા પ્રણામ સહિત આશ્રમમાં પહોંચાડવાની વ્યવસ્થા કરો.

મંત્રીશ્વર: જેવી આજ્ઞા.

કૌત્સ: તો મહારાજ, આપથી પરમ સંતુષ્ટ એવો હું પણ રજા લઇ ગુરુદક્ષિણાનું પ્રદાન કરવા આશ્રમ પ્રતિ પ્રયાણ કરીશ.

રઘુ: ખુશીથી. બ્રહ્મચારી કૌત્સ, પ્રણામ. ભગવાન વરતન્તુને પણ મારા પ્રણામ પહોંચાડજો.

કૌત્સ: અવશ્ય રાજન્; જ્યાં આપ જેવા પ્રજાકલ્યાણ માટે સ્વર્ગને દોહી લાવે તેવા રાજા હોય, તેની પ્રજા માટે ધરતી કામદુઘા થાય તેની શી નવાઈ? રાજન્! આપના જેવા જ મહાન ગુણોવાળો પુત્ર પામો એવા મારા આશીર્વાદ છે.

રઘુ: અનુગ્રહ થયો, બ્રહ્મદેવ!

મયૂર: સિસ્ટર, પછી તે રાજાને પુત્ર થયો?

શિક્ષિકા: હા કવિ કહે છે दीप इव प्रदीपात्–દીવામાંથી દીવો પ્રગટે તેમ રઘુરાજાને ત્યાં અજનો જન્મ થયો!

વિક્રમ: ચાલો, રાજાને પણ લાભ થયો!

વિદ્યાર્થિની: થાય જ ને? થવો જ જોઈએ? આવો રાજા!

વિક્રમ: ને આવા ગુરુ!

મયૂર: ને આવો શિષ્ય!

શિક્ષિકા: હા, ને આવા ઉત્તમ આદર્શગાથા જીવનને પ્રેરણા પાનાર આવો કાલિદાસ!

મયૂર: પણ આજે તો સિસ્ટર આવા માણસો ન મળે, હોં...

શિક્ષિકા: એમ નથી મયૂર. આજે પણ આવું જીવન પ્રાપ્ત થાય.

વિક્રમ: પણ આજે આ ગુરુદક્ષિણા ને રાજાનું દાન, બધું ક્યાં શક્ય?

શિક્ષિકા: હકીકત બદલાય, ભાવના તો નિત્ય રહી શકે. દેશકાળ પ્રમાણે વિગતો બદલાય, પણ ત્યાગ અને શીલ, તપ અને સંયમ, પરાક્રમ અને દાનશીલતાની આ ભાવનાઓને તો અપનાવી શકીએ ને?

વિદ્યાર્થિની: તેથી જ આ કાવ્ય અમર થયું ને?

શિક્ષિકા: હાસ્તો; પણ ચાલો, હવે આ આખું નાટક એકવાર સળંગ કરી જઇએ, વચ્ચે અટકવાનું નહિ. બોલવાનું શરૂ–

વિદ્યાર્થીઓ: હા, હા, જરૂર.

શિક્ષિકા: ચાલો ત્યારે વૃન્દગાન શરૂ કરો.

વૃન્દ: ॐ સહનાવવતુ સહનૌ...



ટિકિટસંગ્રહ: ફ્રેન્ચ સોમાલીલૅન્ડે એતદ્દેશીય પંખીઓ તથા માછલીઓની બહાર પાડેલી ટિકિટો તથા ફર્સ્ટ-ડે કવર રદ્દીકરણની છાપ સાથે મોકલનાર: જયંતીલાલ વીરચંદ શાહ, જિબુટી. ફ્રેન્ચ સોમાલીલૅન્ડ. એ ભાઈ ભારતીય પત્રમિત્રો સાથે પત્રવ્યવહાર કરવા ઇચ્છે છે.

તેર સ્ત્રીઓનો ખૂની

ચન્દ્રવદન મહેતાની 'રંગ-ગઠરિયાં' : નટ નાટક અને નાટકશાળા [૪

રલિ વશઝનના કાફેના ખૂણામાં આપણી ત્રગડી ગરમાગરમ ચર્ચામાં જામેલી. પીનોના હાથમાં પાનાં, બાજુમાં બે ત્રણ પુસ્તકો. બેમાંનું એક તો ગ્રૅાકે જ લખેલું: 'કેટલાક કિસ્સાઓ'. એ પુસ્તક જર્મનમાં, ને આ ત્રણે વાક્પ્રવાહો ચલાવે ઈટાલિયનમાં. એવા તો જામી પડેલા! મને જોતાં જ ઊભા થઈ ગયા; 'આવો, બેસો; ચા કે બીઅર?' અને અમે ચારે બેઠાં ત્યારે સંપૂર્ણ શાંતિ! પીનો એના કિસ્સાઓને અમુક હારમાળામાં ગૂંથવા માગે, ગ્રૅાક બીજી રીત સૂચવે; એમાં ચર્ચા! આખરે એ ગોઠવણી આવતી કાલ પર રાખી પીનો અને લૅારા સ્ટૂડિયોમાં ગયાં.

એ સાંજે પીનો અને લૅારા ગ્રૅાકની જીવનઝરમરને ટેલિવિઝનમાં રજૂ કરવા માટેનું રૂપ આપવાનાં હતાં. એટલે અમે બે શહેરમાં જ્યાં કલાકારોનો અડ્ડો જામેલો રહે છે એવા વિયા મારગુટા મહોલ્લામાં ઊપડી ગયા. ત્યાં થોડું ફરી, એમાંની રંગત જોઈ, રોમના પ્રખ્યાત ઓપેરા હાઉસમાં, ઓપેરાની ભજવણીના આખર દિવસો ચાલતા હતા ત્યાં જઈ 'આઈડા'ના ઓપેરા જોવા બેઠા.

આપણે ઓપેરાની પણ વાત જાણવી પડશે. આપણે ત્યાં ઈ. ૧૮૭૦ પછી નાટકો થતાં ત્યારે હાથમાં બે આને નાટકની 'ઓપેરા' (ચોપડી) વેચાતી લઈને જોતા. એ નાનકડી ચોપડીમાં હોય ફક્ત નાટકના ગાયનો! એટલે આપણો 'ઓપેરા'નો ખયાલ ત્યારે એટલો જ. એમાંથી વધી આજે એનો અર્થ 'ગીત-નાટિકા' કરતા થયા છીએ. એમાં પણ પ્રગતિ તો એટલી બધી કરી છે કે એક ખૂણામાં ચારપાચ બહેનો માઇક્રોફોનનું ઠાઠું પકડી બેસે, તે ગાય, ત્યાં બજવૈયા બેસી વગાડે, અને તખ્તા ઉપર મૂક અભિનય થાય એ જોઇએ; અને મનમાં તેમજ મોટેથી ભયોભયો!

ઓપેરા એ પાકો યુરોપીય બંધ છે. એના ખરા સ્વરૂપમાં હજી આપણે ત્યાં એ નથી પાગર્યો. કાવ્યમાં સૅાનેટ આપણને પચી ગયું પણ ઓપેરા ઉતારવાની હજી આપણે શક્તિ નથી ખીલવી. એ તો ખાસ સંગીત શીખવા માટે વર્ષોનાં વર્ષો સુધી તાલીમ લઇએ તો, ગળાં કેળવીએ તો, સાધના કરીએ તો.

યુરોપમાં એની ત્રણ પ્રણાલિકા: ઈટાલિયન, ફ્રાંસિયા અને જર્મન. એમાં ઇટાલિયનો લાંબી લાંબી ગુંજવાળી મેંડોરીની ગાઇને ગળામાંથી એવી જ મુલાયમ સુરાવલીઓ જે કાઢે કે એ સાંભળી આપણે છક થઈ જઇએ. ગ્લુક, મોત્સાર્ત, બેરોવન, વાગનર, રોસીની, વર્દી એવા કંઈક સંગીતજ્ઞોએ ઓપેરાના બંધને ખીલવ્યો. સોળમી સદીના અંતમાં ફ્લૉરેન્સમાં પહેલી ઓપેરા લખાઈ. ઈ. ૧૯૦૭ની સાલમાં લંડનમાં પહેલી ઓપેરા ભજવાઈ. પછી તો ધુરંધરોએ એમાં જાતજાતનાં શિખરો સર કર્યા, તે એટલે સુધી કે યુરોપભરમાં ઠેરઠેર ફક્ત ઓપેરા ભજવવાને લાયક જ ખાસ ઓપેરા હાઉસ બંધાયાં. આપણે એવાં થોડાં જૂનાં અને કેટલાંક નવાં જે ઓપેરા હાઉસો જોઈશું એનો આછો અધૂરો ખયાલ મુંબાઈના 'ઓપેરા હાઉસ' ઉપરથી આવે. પણ એ તો ત્યાંના પ્રમાણમાં મગતરું; અને 'સબ ફી જેર'—મુંબાઈના રૅાયલ ઓપેરા હાઉસમાં તો નાટક પણ થાય અને જલસા પણ થાય. યુરોપમાં કોઇ દેશના ઓપેરા હાઉસમાં સિનેમા નથી પૂગ્યો; પણ આપણે ત્યાં એ રઢીખડી રાંક ઓપરડીમાં સિનેમા અસવાર થઇને બેઠો છે!

'આઈડા'નો લેખક જિસેપ વર્દી ઈ. ૧૮૧૩માં જન્મ્યો, અને ૧૯૦૧માં રોમમાં જ ગુજર્યો. સંગીતની સૃષ્ટિમાં એની બહુ મોટી નામના પણ અઢારમે વર્ષે એને મિલાનમાં સંગીતનું કશું ભાન ન હોવાને કારણે સંગીતની શાળામાં દાખલ કરવામાં નહોતો આવ્યો! 'આઇડા' લખી તે પહેલાં 'રીગોલેટો' અને 'લા ટ્રૅવીઆટા'ની કૃતિઓથી એ ખ્યાતનામ તો થઈ જ ગએલો. શું ધારો છો? ઇજિપ્તના પાશા ઈસ્માઇલે કેરોમાંના થિએટરમાં ૨૪મી ડિસેમ્બર ૧૮૭૧માં ભજવવા માટે, 'આઈડા' લખવાના વર્દીને મોં માગ્યા કેટલા પૈસા આપ્યા હશે? વીસ હજાર ડૉલર, એટલે આશરે એક લાખ રૂપિયા! વાત ઇજિપ્તના ઇતિહાસમાંની છે, ને એની ભજવણી-સજાવટ માટે લાખોનો ખરચ થયો તે જુદો.

ઓપેરા હાઉસોમાં સર્વશ્રેષ્ઠ જગપ્રસિદ્ધ સ્થળ તે મિલાનમાંનું સ્કાલા થીએટર. ઈ. ૧૮૭૨માં ત્યાં એ ઓપેરા ભજવાઈ ત્યારે ભજવણી પછી પ્રેક્ષકોએ બત્રીસ વખત વર્દીને આદર આપી—વારંવાર બોલાવી તાળીઓથી વધાવ્યો હતો. ત્યારે હીરાજડિત 'આઇડા'ના નામાક્ષર સાથે હાથીદાંતનો દંડ એને ભેટ કરવામાં આવ્યો હતો.

'આઇડા' ઈથીઓપિયાની ગુલામ કન્યા... પણ એની આખી વાત આપને વાંચવી હશે તો ગમે ત્યાંથી મળી રહેશે, અહીં આપનો સમય નહિ બગાડું. ઈ. ૧૬૦૦થી ૧૯૫૯-૬૦ના સાડી ત્રણસો વર્ષમાં લખાએલી અસંખ્ય ઓપેરાની કથા કરવા બેસીએ તો મહાભારત જેટલું લખાણ થાય. પણ ઈલેક્ટ્રૉનિક્સના સંગીત સાથે ૧૯૫૯માં સ્ટૅાકહોમ ખાતે ભજવાએલી એક નવી જ ભાત પાડનારી 'અનિયારા' ઓપેરા વિશે તો આપણે વાત કરીશું હેલસિન્કી થઈ સ્ટૅાકહોમ જઈશું ત્યારે.

બે-અઢી કલાકની નિરાંત હતી. એ દરમ્યાન રોમની સ્વાદિષ્ટ રસોઈ જમવાની હતી અને વિદૂષકોના બાદશાહ 'કિંગ ઑફ ક્લાઉન્સ'નું બિરુદ પામેલા ઍટ્રીઅનની સોબત માણવાની હતી.

વાતે વાત નીકળી. એ મને કહે: 'સી. સી. તમે તો નાટકકાર છો; હજી લખો છો, લખ્યા કરશો; અમે તો નટ, ક્લાઉન; હવે આરામ લેતા થઈ ગયા; પણ નાટકકારને તો સંસારના બદલાતા રંગમાં અવનવા ખેલ જોયા કરવાના, અને એમાં ક્યાંક ગડ બેસી જાય તો કિસ્સા પકડી એમાંથી નાટકના ઘાટ ઘડ્યા કરવાના. કહો જોઈએ તમે જીવનમાંથી કોઈ કિસ્સો પકડી એનો ઘાટ ઘડો છો કે બધું જ કલ્પનાની સવારીએ ચડી લાવો છો?'

મેં કહ્યું, 'ક્યાંક મૂળિયાં તો જોઇએ.'

'સીધી વાત કરો: સત્ય ઉપરથી અસત્યનો દેખાવ આપો છો? કે અસત્ય-કલ્પનાની વસ્તુને સત્ય જેવી દેખાડવા પ્રયત્ન કરો છો?'

'ગ્રીક ગ્રિક્સ અને અમારે ત્યાં પુરાણોમાંની કથાઓ—'

'એ જૂની વાતો છોડો, આજે—આજે મૉડર્નવસ્તુઓમાં શું કરો છો?'

'ક્યાંક આધાર તો ખરો.'

'બરાબર, અગાથા ક્રિસ્ટીના 'વિટનેસ ફૉર ધ પ્રોસીક્યુશન'માં શું મૂળ?'

'અસલ તો એક વાર્તા જ છે. એમાંથી નાટકનો ઘાટ બનાવ્યો. સચોટતા લાવવા અંત બદલ્યો.'

'પણ આધાર શો! મૂળ ક્યું?' ઍાક પૂછે છે.

'ઘણી વાર્તાઓ વાર્તાઓ જ હોય છે, કલ્પનાને આધારે; પણ બે

દેશો વચ્ચે જાસૂસીનો એક આધાર તો ખરો જ; અને આ કિસ્સામાં સ્ત્રી નહિ, પણ પુરુષ ચંચળ મનનો; શેક્સપીઅર ભલે નારીને ચાંચલ્યની મૂર્તિ કહે, પણ અહીં પુરુષને ચંચળ ચીતર્યો છે. પુરુષો પણ ચંચળ મનના હોઇ શકે છે, એ આધાર.'

'સિનોર સી. સી., સમજો; શેક્સપીઅર કહે છે તે કંઈ ખોટું તો નથી. એ ભલે કહે : અહીં અગાધા નારી છે. એ કહે છે, એ શેક્સપીઅરને પડકારે છે, તે પણ કંઈ ખોટું નથી. પણ ત્યારે એને પણ મનુષ્યસ્વભાવનો આધાર તો ખરો જ, ખરું ને?'

'હાજી. ક્યાંક મૂળ, કંઈક આધાર—'

'એમ તો વાર્તામાં યે ક્યાંક અનુભવ–અવલોકનનો આધાર તો હોય છે જ.' ગ્રૅાક કહે. મેં કહ્યું, 'બનવા જોગ છે.'

'જુઓ સી. સી., હું કંઈ વિદ્વાન નથી. મેં તો ક્લાઉનની કલા હાથ કરવામાં જિંદગી ગાળી. એમાં ફાવ્યો અને ધન તથા કીર્તિ બંને કમાયો. પણ મારા એક અનુભવની વાત કરું. તમે નાટકકાર છો એટલે એમાંના સત્ય અને અસત્ય વિષે તમારો નિર્ણય આપજો. તમે જેને આધાર કહો છો, મૂળ કહો છો, તે આ સત્ય ઉપરનો ઓપ યા ગિલિટ છે કે ગિલિટની અંદરનું સત્ય છે એ બને તો તારવી બતાવજો.'

ખાસ્સો ખુશનુમા ખૂણો હતો. નમણા ગ્લાસમાં બીઅર મલકી રહ્યો હતો. નિરાતે વાત થઈ શકે એવી શાંતિ હતી. ગ્રૅાકે શરૂ કર્યું.

બ્યુએનો આરી(સ) શહેરમાં સિતારા તરીકે જવાનો મોકો આવતાં મેં છાતી ધડકાવી દે એવી રકમની માગણી કરી, અને મને તે મળશે એવી મારા ઇમ્પ્રેસારીઓએ ખાતરી બતાવી, એટલે ફરીથી દક્ષિણ અમેરિકાનું એ શહેર જોવાની જિજ્ઞાસાએ અમે ત્યાં ખેલ કરવા ઊપડયા. ૧૯૨૪ની એ સાલ. ઑગસ્ટમાં અમે—હું ને મારી વહુ ત્યાં પહોંચ્યાં. મારા લગ્ન વિષે તો મેં તમને કંઈ કહ્યું જ નથી, નહિ? એ બીજી કોઈ વાર. આઇનીસ એનું નામ. ૧૯૧૧માં હું એને પરણેલો.

પણ એ આડી વાત. અમે બંને ભારે માનમરતબા સાથે બંદર પર ઊતર્યા. ત્યાં સત્કાર કરવા એકઠું થએલું લોકોનું ખાસ્સું ટોળું; એમાં ઓળખાણનાં પણ ઘણાં. પણ મને એકદમ કેમ યાદ આવે? તરત તો બે જણા મને પહેલા મળ્યા. એક ત્યાંની નાટકશાળાનો અમારો વ્યવસ્થાપક, મૅનેજર; અને બીજા પોલીસના વડા અધિકારી. ત્યાં મેં એક ચહેરો જોયો અને એને ક્યાંક જોયો જ છે એમ સ્મૃતિ ખદબદી ઊઠી. પણ કંઈ નામઠામ યાદ આવે નહિ. સરસામાનની ગરબડમાં હું એને પૂછવું પણ ભૂલી ગયો, અને અમે અમારી હોટેલને ઉતારે પહોંચ્યા.

બીજે કે ત્રીજે દિવસે જ ખેલ. એમાં લોકોએ અમને હોંસથી વધાવ્યા. અમે ખેલમાં વળી સ્પૅનિશ ભાષામાં મજાકો ઉડાવી, એટલે બધા ખૂબ જ ખુશ. ખેલ પછી જમણ—વાળુ. ખૂબ ઠાઠઠઠેરાવાળા ખંડમાં એક ખાસ નાનકડો મેળાવડો યોજવામાં આવ્યો હતો. ત્યાં રંગના લપેડા ધોઈ, ટીકટાક થઇ જરા મોડા અમે ખેલ પછીના ખાણામાં હાજર થયા. દાખલ થતાં જ બધાએ ઊભા થઈ અમારી સલામી પાથી. અમે જમવા બેઠાં અને જોઉં તો મારી બરાબર સામે એ જ વ્યક્તિ, જેનો ચહેરો બંદર ઉપર મારી સ્મૃતિને સળવળાવ્યા કરતો હતો તે. સાથે ઘણી દેખાવડી એક બાઈ,— બાઈ નહિ કિશોરી. પણ મારી નજર સામા માણસ ઉપરથી ખસે જ નહિ, તેમ મારાં સંસ્મરણોનાં જૂનાં દફતરો એક પછી એક નજર સામે હારબંધ આવ્યા જ કરે, પણ એ વ્યક્તિ કોણ, ક્યાં મળી, ક્યારે મળી, એની કંઈ ગડ બેસે જ નહિ.

આખરે થાકીને મને નોતરું આપનારને પૂછવા કરું છું ત્યાં તો ખાણાની વાનીઓ પીરસાવા માંડી, અને અમે જમવાનું શરૂ કર્યું. દૂર એક ખૂણામાં, ટેબલ ઉપર હાથમાં મોટી છરી લઇને પાંઉ રોટીના ટુકડા કરતો એક હજૂરીઓ જોયો. છરી ઉપર નજર પડતાં જ મારા મગજમાં સ્મૃતિનું ચોકઠું બેઠું. એ ચહેરો ક્યાં જોયો હતો તે તરત જ યાદ આવ્યું. ના જી, હું એને મળ્યો નહોતો, પણ છાપાંઓમાં છબીમાં મેં કદી ન ભુલાય એવો એ ચહેરો જોયો હતો. ફાંસીને લાકડે ચડનાર ખૂની લાન્દ્રુનો એ ચહેરો! એને તો ફાંસી આપવામાં આવી હતી. એ કેમ જ ભુલાય? પણ તો એ અહીં શી રીતે હોઈ શકે? સદીના બીજા દાયકામાં એણે કરેલાં ખૂનોની લંગારથી ફ્રાન્સ તો શું પણ દુનિયા આખી ખળભળી ઊઠી હતી, એ લાન્દ્રુ અહીં? ખરેખર, આબાદ એનો જ ચહેરો, એ જ આ વ્યક્તિ, એ જ આ ખૂની, એની આંખ...

હાં, તમે લાન્દ્રુ વિષે કદાચ ન જાણતા હો તો કહું. પારી(સ)નાં છાપાંઓમાં કોઇકોઈ વાર કોઇ કમાતા સજ્જનને કોઈ એકલી કુંવારી બાઈ સાથે લગ્ન કરવા ઇચ્છા છે એવી જાહેરાતો પ્રગટ થયા કરે. આમ આ લાન્દ્રુને કંઇક બાઇઓ મળતી, મુલાકાતો ગોઠવાતી, એને જોઈ સ્ત્રીઓ ઘાયલ થતી, કોણ જાણે એ એવી કંઇ ભૂરકી નાખતો, તે સ્ત્રીઓ જ પછી એનો પીછો ન છોડે એવું બનતું. એ શાહુકાર પહેલાં ખાતરી કરે કે બાઈને કોઈ ખાસ સગુંવહાલું નથી, એટલે પરણવાનો ઇરાદો જાહેર કરે; પેલીનાં ઘરબાર કે ઘરવખરી જે કંઈ હોય તે વેચી મારે; પરણે પણ; અને પારી(સ)ની પાસેના પરામાં બંને ઘર માંડવા જાય. ત્યાં એક નાનકડા મકાનમાં રહે, અને ત્યાં એક નહિ પણ એક પછી એક એવા તેર કિસ્સાઓમાં પરણેતર સાથે પથારીમાં જરા એની આંખ મળી કે તકિયા નીચે સંતાડેલો મજબૂત ઝીણો તાર ખેંચી કાઢી, ગળાની આસપાસ સખત રીતે વીંટાળી, એને ગૂંગળાવી મારી નાખી એના શરીરના ટૂકડે ટૂકડા કરીને બીજી ઓરડીમાં રાખેલા સ્ટવ ઉપર એકેક ટૂકડો બાળી નાખે. અને વધ્યાં સધ્યાં હાડકાં બાજુમાં દાટી દે. આવાં તેર ખૂનો! એમાંથી દોલત તો મેળવી હોય નજીવી, આશરે ચારસો પાંચસો રૂપિયાની.

એમાં એક બાઇને કંઈક ગંધ આવી ગઇ તે સૂતાં પહેલાં પહેરેલે જ કપડે તક સાધી છટકી ને નાઠી. પછી, પારી(સ) જતાં એક રીટર્ન ટિકિટ ને પાછા ફરતાં એક જ ટિકિટ લેવાતી તે, અને એ દરરોજ નોંધપોથી રાખતો તે પકડાતાં તપાસ શરૂ થઈ, અને આલમભરમાં સનસનાટી ફેલાવી દેનારો એવો એ મુકદ્દમો ચાલ્યો. કંઈક જુબાનીઓ લેવાઈ. ન્યાયાધીશો દયાળુ તે કંઈક પરણેલી સ્ત્રીઓના ધણીની ધાકે નામો બહાર ન પડવા દીધાં. કોઈ સાક્ષીઓએ એની સામે જુબાની ન પણ આપી, કોઇકે આપી. સુનાવણી વખતે લાન્દ્રુ તદ્દન સ્વસ્થ; કદીક તો હસવા જેવા જવાબો આપે; કદીક ટોળ પણ કરે; પરંતુ મરણનો જરા પણ ડર નહિ. ગુનો નાકબૂલ કરી કશી અરેરાટી વિના આખી તપાસ દરમ્યાન એણે જિકરથી સામનો કર્યો. અદાલતને આંગણે અને અંદર તો લોકોનાં ટોળેટોળાં; છાપાંવાળાઓને તો ઘીકેળાં; અને પારી(સ) તો શું પણ આખા ફ્રાન્સને ચોટે ચકલે એની એક જ ચર્ચા. એને ફાંસીની સજા થઈ અને એને માંચડે લટકાવવામાં આવ્યો.

મને તો એ બધું યાદ. લોહી ઊકળી જાય અને નસો તસતસી ઊઠે એટલી જુગુપ્સા ઉત્પન્ન કરે એવો એ કિસ્સો! સિનોર સી. સી.! આપણે ગળે તો કોળિયો ઊતરે નહિ, અને મન આકળવિકળ થયા જ કરે. એટલે મેં મારી બાજુમાં જ બેઠેલા મને જમવા નોતરનાર પોલિસના વડાને ધીમે સાદે પૂછ્યું કે આ સામે બેઠેલા સાહેબ તે,...

'હા, તમારું ધારવું બરાબર છે. એ લાન્દ્રુ જ–' અને જાણે કંઈ બન્યું ન હોય એમ એણે તો જમવા માંડયું, અને પછી ધીમેથી ઉમેર્યું, 'પછી નિરાંતે તમને હું વાત કરીશ; હમણાં તો ભોજન આરોગો.'

પણ શું ખ્હોકાણ ભોજન આરોગાય? હાથ- (અનુ૦ પૃષ્ઠ ૧૩૮)

કંદ અને મૂળ





ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી
(આહાર અને આરોગ્યની લેખમાળામાં ચોથું)

છોડનું માવાદાર થડ કે મૂળ એ કંદ-મૂળ છે. એમાં છોડના ઉપયોગ માટે પોષણના સંઘરારૂપ સ્ટાર્ચ ભરેલ છે. પ્રોટીન એમાં ઓછાં, ને તે પણ દરેકમાં જુદાજુદા પ્રમાણમાં હોય છે. સ્ટાર્ચના કારણે કંદમાં અન્ય શાકભાજી કરતાં શક્તિમૂલ્ય વધારે છે. છતાં પ્રોટીને ઘણાં થોડાં હોવાથી શૂક અને શિંબી ધાન્યો કરતાં તે આહારમૂલ્યમાં ઘણાં ઊતરતાં છે.

પણ કંદમાં ખનિજ પદાર્થો ને ક્ષારો ખાસ હોઈ ખાદ્ય તરીકે એમની મોટી કિંમત છે. એમાં સામાન્યરીતે વિટામિન 'બી' ઓછાં હોય છે, પણ બટાટા, શક્કરિયાં, રતાળુ ને સૂરણમાં તે સારા પ્રમાણમાં છે. ગાજર જેવા પીતરંગી કંદમૂળ સિવાય બીજાંમાં વિટામિન 'એ' પણ ઓછું છે. વિટામિન 'સી' થોડુંક છે. વળી કંદમાં સેલ્યુલોઝ (કૂચા)નું પ્રમાણ સારું હોવાથી તે સારક છે, પરંતુ પચવામાં કઠણ છે. કંદના સ્ટાર્ચ સાદા અને જલદી પચે એવા છે. પણ એમને બરાબર ચાવીને લાળ સાથે ભેળવવા જોઇએ. આમ ન થાય તો વિપાક (ફર્મેન્ટેશન) અને અપચો આવી પડે છે.

કંદમાં બટાટા, સૂરણ, શક્કરિયાં ને રતાળુનો સમાવેશ થાય છે. કંદના વપરાશ માટે આપણા પ્રાચીન આહારશાસ્ત્રી આયુર્વેદાચાર્ય સુશ્રુતનું કથન યાદ રાખવા જેવું છે: 'કાચો, ઋતુ વગર ઉત્પન્ન થએલો, રોગિષ્ટ, કીડાઓએ ખાધેલો કે વાવતાં બરાબર ન ઊગે એવો હોય તે કંદનો ત્યાગ કરવો.' (સૂત્રસ્થાન: ૪૬-૧૯૩). ભાવમિશ્ર પણ આવી સલાહ આપવા ઉપરાંત વધારામાં લખે છે: 'તેલ આદિમાં પકવેલો ન હોય ને અત્યંત કોમળ હોય તે કંદ ન ખાવો. મૂળા વિના બીજો કંદ પાણી આદિમાં સારી રીતે પકવ્યા વિના ખાવો નહિ.'

બટાટા

બટાટા, એ તો તે છોડના ઉપયોગ માટે પોષણથી વૃદ્ધિ પામેલું થડ છે. બધાં શાકપાનમાં સર્વપ્રિય શાક જો કોઈ હોય તો તે બટાટા છે. દુનિયાભરમાં પોષણદાતા, ગુણકારી, સ્વાદિષ્ટ અને લોકપ્રિય ખોરાક તરીકે બટાટાની ખ્યાતિ છે. સંસારમાં સૌથી વધારે બટાટા ખાનાર તરીકે આયર્લૅન્ડ અને ઈટાલીની નામના છે.

આપણે તો બટાટા શાક તરીકે વાપરીએ છીએ, ખોરાક તરીકે નહિ. બાકી જ્યાં તે ખોરાક તરીકે લેવાય છે ત્યાં એનાથી જિંદગી અને શક્તિ કેટલો વખત ટકી રહે એ વિષે જુદાજુદા મત છે. હા, ડૉ. રોય કહે છે તે પ્રમાણે બટાટા સાથે પ્રોટીનયુક્ત દૂધ કે મચ્છીનો ખોરાક હોય તો આરોગ્ય અને શક્તિ જળવાઈ રહે એવો સપ્રમાણ આહાર બની જાય છે. ખાદ્ય પ્રાણોને લીધે ડૉ. ચંદ્ર ચક્રવર્તી બટાટાને શૂકધાન્યો ને શાકભાજીની વચ્ચે અનન્ય સ્થાન આપે છે.

બટાટામાં બે દ્રવ્યો છે: ૭૪-૯૩ ટકા પાણી અને ૨૦-૮૯ ટકા કાર્બોહાઇડ્રેટ. ઉપરાંત તેમાં ૧-૯૩ ટકા પ્રોટીન, ૦-૧૫ ટકા ચરબી અને ૦-૭૭ ટકા ક્ષારો છે. શિયાળા કરતાં ઉનાળામાં બટાટામાં કાર્બોહાઇડ્રેટ આછું હોય છે. બટાટાના ગરભ સ્ટાર્ચથી સમૃદ્ધ છે. એ સ્ટાર્ચ રાંધ્યા બાદ સહેલાઈથી પચે છે ને શોષાઈ જાય છે. વળી તે આમ્લિક ગુણ યુક્ત ન હોવાથી શૂકધાન્યોના કે ખાંડના સ્ટાર્ચની જેમ દાંતના સડાના કારણ રૂપ પણ નથી.

બટાટામાં પ્રોટીન થોડું (માત્ર ૧-૬ ટકા જેટલું) છે, પણ તેનું જૈવિક મૂલ્ય ઊંચું છે. વળી બટાટા ખનિજ પદાર્થોથી સમૃદ્ધ છે, લોહનું તે શ્રીમંતી સાધન છે અને શૂકધાન્યો કરતાં સહેલાઈથી શરીરમાં ભળે એવા કેલ્શ્યમ અને ફૉસ્ફરસ તેમાં છે. થોડુંક સાઇટ્રિક ઍસિડ છે. પોટાશ્યમથી પણ તે સમૃદ્ધ છે. એ પોટાશ્યમથી લોહીમાં માહાની ખેંચ ઊભી થાય છે, તેથી બટાટા સાથે જરા વધારેપડતું મીઠું ખાવાનો આહારશાસ્ત્રીઓનો આદેશ છે વિટામિન 'બી' તો બટાટામાં શૂકધાન્ય કરતાં યે વધારે છે. પણ વિટામિન 'એ' બિલકુલ નથી. વિટામિન 'સી'નું સારું પ્રમાણ છે. બધાં શાકોમાં બટાટાની વિશિષ્ટતા એ છે કે એનું વિટામિન 'સી' રંધાયા છતાં ઠીકઠીક જળવાઇ રહે છે. પણ બાફેલા બટાટાને વઘારીને ફરી અગ્નિ ઉપર રાખતાં વિટામિન 'સી'નો વધારે નાશ થાય છે.

આહારમૂલ્યો જળવાઈ રહે એવી રીતે બટાટા રાંધવાની ઉત્તમ રીત તો એને ભરસાડમાં બાફવાની છે. બીજી રીત છાલ સહિત પાણીમાં આખા બટાટા બાફવાની છે, જેથી મોટા ભાગનાં પ્રોટીન અને ખનિજ પદાર્થો જળવાઇ રહે. આમાં પાણી પણ ખપ જેટલું જ લેવું. વળી પાણીમાં પ્રોટીનો તથા વિટામિન 'સી' જળવાઈ રહે એ માટે ગરમ પાણીમાં જ બટાટા નાખવા (ઠંડા પાણીમાં બાફવા ન મૂકવા) અને ૨૦ થી ૩૦ મિનિટ સુધી જ બાફવા.

અને એ બાફેલું પાણી રખે ખાળે ઢોળી દેતા! એમાં તો મોંઘા ખનિજ પદાર્થો આવેલા હોઈ તેને દાળમાં, શાકમાં કે લોટ બાંધવામાં વાપરજો. માંદલા રહેતા બાળકને મીઠું કે ખાંડ નાંખી તે પીવા પણ આપી શકાય. બાકી તેને ખાળે રેડી દેવાથી તો તેનાં બધાં આહાર દ્રવ્યો નકામાં ફેંકાઈ જાય છે. આ બાબતમાં આપણા અગ્રણી આહારવિદ્ પ્રો. કાન્તિલાલ પંડ્યાનું કથન જુઓ: 'શાકને બાફી પાણી ફેંકી દઈ બાકીનાને જ ખાવાની રીત હવે વિલાયતમાં ય જંગલી ગણાવા લાગી છે. બટાટાને વરાળથી બાફવાથી બાફેલા પાણીનો પ્રશ્ન રહેતો નથી. છોલેલા બટાટા ટાઢા પાણીને બદલે ગરમ પાણીમાં ડુબાડવા, જેથી આહારમૂલ્યો જળવાઈ રહે.'

બટાટા ઘણી જાતના થાય છે. સૌમાં ગોળ, ખાડાવાળા તેમજ સહેજ રતાશપડતા બટાટા સારી જાતના ગણાય છે. જૂના કરતાં નવા બટાટામાં વધારે વિટામિન 'સી', વધારે શર્કરા, પણ કમી સ્ટાર્ચ હોય છે. વળી બટાટામાં એક પ્રકારનું ઝેરી આલ્કલૉઈડ છે, પણ તેનું પ્રમાણ અલ્પ હોવાથી બીનજોખમી છે. પણ આંખોવાળા બટાટામાં તે વિશેષ હોવાથી 'આંખો' કાઢી નાખી, છાલ છોલીને રાંધવા. જૂના બટાટા તો છાલ સહિત રાંધવા જેથી તેમાં સમાએલાં રક્ષણાત્મક દ્રવ્યોના પૂરો લાભ મળે. પાતળી છાલના બટાટા જલદી સડી જાય છે. એટલે સંઘરવા માટે બટાટા જાડી છાલના અને લાગેલી માટી સહિત ઠંડી ને અંધારી જગ્યામાં રાખવા. બટાટાની સુકવણી સંકેન્દ્રિત (કૉ-

-સેન્ટ્રેટેડ) હોવાથી સરખા વજનનાં નાના બટાટા કરતાં તે વધારે પોષણમૂલ્યો ધરાવે છે.

બટાટામાં ખાસ સોડમ નથી, છતાં તે રોજ ખાવામાં આવે તો યે તેનો સ્વાદ જળવાઇ રહેવાની એની વિશિષ્ટતા છે. બટાટા ખાવાના શોખીનો કાં તો છોલેલા બટાટા ખાય છે, અગર તો ખાતી વખતે છાલ કાઢી નાખે છે. આ ખોટું છે. બટાટાના ખનિજ પદાર્થો ને પ્રોટીન છાલ નીચે યા છાલમાં જ રહેલાં છે. તેને કાઢી નાખવાથી અમૂલ્ય પોષણદ્રવ્યો ગુમાવાય છે અને પેટમાં માત્ર સ્ટાર્ચ જ પધરાવાય છે.

બટાટા જે રૂપમાં ખવાયા હોય તેના ઉપર તેની પચનીયતાનો આધાર છે. બે રીતે બટાટા ખવાય છે: બાફીને અથવા ઘી કે તેલમાં સાતળીને. બાફવામાં સ્ટાર્ચના કણો પાણી પી, ફૂલીને ફાટવાથી સહેલાઈથી પચે એવા બને છે. (નવા બટાટા બાફવામાં બરાબર ગળતા નહિ હોવાથી સહેલાઈથી પચતા નથી.) તળવામાં તો બટાટા વધારે ઘીતેલ શોષતા હોવાથી પચવામાં ભારે બને જ છે.

બટાટાના સ્ટાર્ચ કણો મોટા કદના હોવાથી, તે રંધાયા વિના સહેલાઈથી પચતા નથી અને શરીરમાં શોષાતા પણ નથી. વળી બટાટાનો વિપાક (fermentation) જલ્દી થતો હોવાથી ફૂલેલી હોજરી (ડાઇલેટેશન ઑાવ સ્ટમક)વાળા માટે વર્જ્ય છે. બાફીને રાંધેલા દોઢ પાશેર બટાટા હોજરીમાં બેથી અઢી કલાક સુધી રહે છે. ભાખરી ને રોટલી કરતાં પણ આ ઓછો સમય છે બટાટામાં કાષ્ઠકદ્રવ્ય ઓછું અને સ્ટાર્ચ વધારે હોવાથી આંતરડાંમાં તે સારી રીતે શોષાય છે.

બટાટા આપણે ખોરાક તરીકે નહિ પણ શાક તરીકે વાપરીએ છીએ. કેટલાકને બટાટા સિવાયનું બીજું શાક ભાવતું નથી. આ અયુક્ત છે. તેમાં ખનિજ પદાર્થો ઓછા હોવાથી બટાટા એ શાક નથી પણ સ્ટાર્ચની વિપુલતા હોવાથી તે એક પ્રકારના ખોરાક જેવા છે. ભાત ને રોટલીમાં યે કાર્બોહાઇડ્રેટ છે, અને બટાટામાં પણ કાર્બોહાઇડ્રેટની વિશેષતા છે, તો પછી એક જ જાતનાં પોષણતત્ત્વોવાળી બધી વાનીઓ ખાવામાં કોઇ અર્થ છે ખરો? આપણે શાક તો ખનિજ પદાર્થો, ક્ષારો અને વિટામિનો માટે ખાવાનાં છે. બટાટાને શાક તરીકે ખાતાં આપણે આ વિચારતા નથી, પણ માત્ર જીભના સ્વાદનો ખયાલ રાખીએ છીએ. બટાટા જેમને વિશેષ પ્રિય હોય તેમણે પણ બીજા શાકની મેળવણી સાથે તે ખાવા, જેથી લીલોતરી શાકનાં આહારમૂલ્યોનો પણ લાભ મળે. રીંગણની જેમ બટાટામાં પણ શાક સાથે ભળવાની વિશેષતા છે.

લીલોતરી શાકની અછત વખતે બટાટાની શાક તરીકેની ઉપયોગિતા ઓછી નથી. મધ્યમ કદના બટાટામાથી રોજિંદી જરૂરિયાતનું અરધું વિટામિન 'સી', વિટામિન 'બી', લોહ, ફૉસ્ફરસ ને પોટાશ્યમ મળી રહે છે.

ઉપવાસ દરમિયાન હિંદુઓ બટાટા ને બીજા કંદ ખોરાક તરીકે વાપરે છે. આ યુક્તિસંમત છે, કારણ કે બીજા આહારની અવેજમાં લેવાતા કંદમાથી ગરમી અને શક્તિ મળી રહે છે. શરીરની બધી જરૂરિયાતો સંપૂર્ણ રીતે પૂરી પાડવામાં બટાટા ગુણસમૃદ્ધ છે.

ડૉ. ચંદ્ર ચક્રવર્તી માંસ કે મચ્છી સાથે બટાટા ખાવાની ભલામણ કરે છે. તેમનું કહેવું છે કે બટાટા એ માંસાહાર સાથેનો પૂરક ખોરાક છે. શાકાહારીઓને એની જરૂર નથી, કેમકે બીજાં શાકોમાથી તેમને પુષ્કળ પોટાશ્યમ મળી રહે છે. વળી બટાટા જેવું કાર્બોહાઇડ્રેટ શાકાહારીઓને શુકધાન્યોમાંથી પણ મળી રહે છે. બટાટા માત્ર માંસ કે મચ્છી સાથે તો ખાસ એટલા માટે ખાવાના હોય છે કે માંસાહારથી લોહી આમ્લિક બને છે, તેને અલ્કગુણયુક્ત બનાવવા શાકની જરૂર છે. અને બીજા કોઈ પણ શાક કરતાં બટાટામા અલ્કગુણધર્મી પણ વધારે છે.

મેદ ઘટાડવાના આહારમાં બટાટા નહિ ખાવાની ગણતરી ખોટી છે. એક રતલ બટાટામાંથી ૩૩૦ ઉષ્ણાંક મળે છે જ્યારે આટલી ગરમી પાંચ ઔંસ પાઉંમાંથી મળી રહે છે. આમ બટાટાનું ઉષ્ણાંક-મૂલ્ય ઊંચું નહિ હોવાથી ઘટાડેલા આહાર સાથે બે ત્રણ નાના બટાટા લેવામાં વાંધો નથી. હા, ઘી-તેલમાં સાંતળેલા બટાટા તો ન જ ખાવા.

દુકાળ અને યુદ્ધકાળમાં તો આહાર તરીકે બટાટાનું મહત્ત્વ છે. ઘઉંના લોટ સાથે બટાટાનો લોટ ભેળવવાથી ઘઉંનો બચાવ થાય છે.

શક્કરિયાં

બટાટા કરતાં શક્કરિયાંમાં કાર્બોહાઇડ્રેટ ને શર્કરા વધારે છે. તેમાં રહેલું ૨૨ ટકા કાર્બોહાઇડ્રેટ પણ દસ ટકા કરતાં વધારે શર્કરાના રૂપમાં છે. આથી શક્કરિયાંનું ઉષ્ણાંક-મૂલ્ય વધારે છે. પણ બટાટા કરતાં પ્રોટીન તેમાં ઓછું છે. સફેદ ગર્ભવાળાં શક્કરિયાંમાં કૅરોટિન નથી હોતું, પણ નારંગી ગર્ભવાળી અમેરિકન જાતમાં હોય છે. વિટામિન 'બી' પણ બટાટા કરતાં ઓછું, ને વિટામિન 'સી' થોડું છે. વળી કાષ્ઠક દ્રવ્યો વિશેષ હોવાથી બટાટા કરતાં ઓછાં પચનીય છે, નાજુક હોજરીવાળાને શક્કરિયાં માફક નથી આવતાં. બાફેલાં શક્કરિયાં વધુ સ્વાદિષ્ટ ને પચનીય બને છે. તેની છાલ બાફવા બાદ કાઢવી, જેથી ખનિજ પદાર્થોનાં પોષકદ્રવ્યો વેડફાઇ ના જાય.

બટાટા ને શક્કરિયાંનાં આહારમૂલ્યો સરખાં હોઈ બન્ને એકીસાથે નહિ ખાવાની પશ્ચિમી આહારશાસ્ત્રીઓની સલાહ છે. પણ આપણે ત્યાં બટાટા-શક્કરિયાંનું શાક સામાન્ય વાનગી છે. શક્કરિયાંને અગ્નિ ઉપર બહુ વખત ન રાખવાં, પણ ગરમાગરમ શાક ખાવું, જેથી તેનાં વિટામિન 'સી'નો લાભ મળે.

બટાટાનું મૂળ વતન અમેરિકા છે ને પશ્ચિમના દેશોમાં તેનું પુષ્કળ વાવેતર થાય છે, જ્યારે ચીનના કેટલાક ભાગોમાં ચોખા કરતાં પણ શક્કરિયાંનો વધારે વપરાશ થતો હોવાથી ત્યાં તેની ખેતી મોટા વિસ્તારમાં થાય છે. એટલે એમ કહી શકાય કે બટાટા એ પશ્ચિમનો કંદ છે તો પૂર્વનું કંદ શક્કરિયાં છે.

દેશની વધતી વસતિના ખોરાકને પહોંચી વળવા આહારમાં કંદનો અંશતઃ ઉમેરો કરવાની ભલામણ 'ફૅમિન ઈન્કવાયરી કમિશને' કરેલી છે. શુકધાન્ય કરતાં કંદના પાકનો ઉતાર પાંચગણો થાય છે એટલે દેશને અનાજની બાબતમાં સ્વાવલંબી બનાવવામાં ઘઉં-શક્કરિયાંના લોટની મેળવણીનો સ્વીકાર દેશમાં થવો જરૂરી છે. ૭૫ ટકા ઘઉંનો લોટ ને ૨૫ ટકા શક્કરિયાંના લોટની બનેલી રોટલી સારી ને સ્વાદિષ્ટ હોવાનો જવાહરલાલ નેહરુનો સ્વાનુભવ પ્રેરક અને વિચારણીય છે.

સૂરણ અને રતાળુ

ભાવમિશ્ર सर्वेषां कन्दशाकानां सूरणः श्रेष्ठ उच्यते (બધાં કંદશાકોમાં સૂરણ શ્રેષ્ઠ) કહે છે. તેમના મત પ્રમાણે 'સૂરણ અગ્નિને દીપ્ત કરનાર, રુક્ષ, તૂરું, ચળ કળનાર, કડવું, મળને રોકનાર, સ્વચ્છ, રુચિ ઉપજાવનાર, હલકું અને કફ તથા હરસને કાપનાર છે. વિશેષ કરીને હરસ ઉપર તે પથ્ય છે. બરોળ તથા ગોળાને મટાડનાર છે. માત્ર દાદર, રક્તપિત્ત અને કુષ્ઠરોગીઓને સૂરણ હિતકારી નથી.' વાગ્ભટ્ટ પણ સૂરણને 'રુચિકારક, વિશદ, હલકું ને હરસના રોગમાં પથ્ય' ગણાવે છે (સૂત્રસ્થાન: ૬-૧૧૩). સુશ્રુત પણ સૂરણને હરસ મટાડનાર કહે છે (સૂત્રસ્થાન: ૪૬-૧૯૧).

સૂરણ સ્ટાર્ચથી સમૃદ્ધ છે. પ્રોટીન તેમાં બટાટા કરતાં ઓછું છે, છતાં તેનું પોષણમૂલ્ય તો બટાટાના જેટલું જ છે. સૂરણ બે પ્રકારનાં થાય છે: વાડીનું અને જંગલી. જંગલી સૂરણ 'વળવળતું' કહેવાય છે. શ્રી બાપાલાલ વૈદ્ય લખે છે 'હરસવાળાએ જો સૂરણથી ફાયદો ઉઠાવવો

હોય તો એકાદ મહિના સુધી બીજું કંઈ જ અન્ન ન ખાતાં કેવળ જંગલી સૂરણનું શાક ખાવું ને છાશ પીવી.'

રતાળુમાં સૂરણના જેવા જ ગુણો છે. તેના શાક કરતાં ભજિયાં બનાવવામાં તેનો વિશેષ ઉપયોગ છે.

મૂળ-શાક

મૂળા, ગાજર, લસણ ને ડુંગળી એ જાણીતાં મૂળ-શાકો છે.

કંદની જેમ મૂળમાં પણ કાર્બોહાઇડ્રેટની અધિકતા છે. પણ કંદનાં પાન ખાવા માટે ઝેરી છે જ્યારે મૂળનાં પાનમાં આહારમૂલ્યોની વિશેષતા છે. ઉપર જણાવેલાં ચારેય મૂળ-શાક કચુંબર રૂપે કાચાં ખાઈ શકાય છે. તેથી એમનાં પોષણ-દ્રવ્યોનો બધો કસ મળે છે. જિંદગી-ભર આહારના પ્રયોગો કરનાર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ કાચાં શાક ખાવાની તરફેણમાં કહેલું છે કે એકબે ઔંસ કાચાં શાક અરધો શેર રાંધેલા શાકની ગરજ સારે છે.

મૂળા

મૂળાની બે જાણીતી જાતો છે: લાંબા ને ગોળ કંદવાળા. ગોળ કંદ-વાળા રાતા પણ હોય છે. મૂળાના કંદમાં ૮૬·૯૨ ટકા પાણી, ૧·૫૩ ટકા શર્કરા, ૩·૯૦ ટકા કાર્બોહાઇડ્રેટ ને ૧·૫૫ ટકા કાષ્ઠક દ્રવ્યો છે.


મૂળાની ભાજીમાં લોહ, કૅલ્શ્યમ, વિટામિન 'બી', વિટામિન 'સી' અને કૅરોટિન છે. તેના કંદ કરતાં ભાજીની આહારોપયોગિતા વિશેષ છે. તે શાક રૂપે ખવાય છે. વળી તેનાં મૂઠિયાં પણ સ્વાદિષ્ટ બને છે.

આપણા આદ્ય આહારશાસ્ત્રી મહર્ષિ ચરકે કંદોમાં મૂળાને અહિત-કર ગણાવ્યા છે: आलुकं कन्दान्तं (સૂત્રસ્થાન: ૧૨૫-૩૮), છતાં તેના ગુણદોષ વિગતે વર્ણવતાં લખે છે: 'કૂમળા મૂળા દોષહર છે. ઘરડા મૂળા ત્રિદોષકારક છે. ઘી તેલમાં વઘારેલા મૂળા વાયુનાશક છે. સૂકા મૂળા કફવાતને જીતે છે' (સૂત્રસ્થાન: ૨૭-૧૬૫).

ડૉ. ચંદ્ર લખે છે: '(ભાજી સહિતના) મૂળા ખનિજ પદાર્થોથી પુષ્ટ છે. તે પાચનને ઉત્તેજવા ઉપરાંત આંતરડાંમાં જંતુવિરોધક છે. વળી તેમાં સોમલની છાંટ છે. જે ગળામાં આવેલી થાઇરૉઇડ ગ્રંથિ માટે ગુણકારી છે. મૂળામાં રાઇના જેવું આંખને દાહક ને ઉડી જાય તેવું તેલ છે, જે રાંધવાથી નાશ પામે છે. સખત રેષાઓને લીધે બીજાં મૂળ શાકો કરતાં મૂળા નાજુક હોજરીવાળા માટે પચવામાં ભારે છે, માટે હંમેશાં કૂમળા મૂળા ખાવા.

મૂળા એ જાપાનનો રાષ્ટ્રીય ખોરાક છે. તેથી તેના રેષાઓને પોચા બનાવી સુપચનીય બનાવવા ત્યાં મૂળા રાંધવાની વિશિષ્ટ રીત છે.

મૂળા ભૂખ્યા પેટે ન ખાતાં ખોરાક સાથે ખાવા. ગૅસની ફરિયાદ વાળાએ મૂળા વિચારીને ખાવા. મધુમેહ ને રક્તક્ષયમાં મૂળા ઔષધની ગરજ સારે છે. આ માટે તે રસ કે શાક રૂપે લઈ શકાય છે. પણ ડૉ. ચંદ્ર ચક્રવર્તી લખે છે કે હૃદય, કલેજા ને ગુરદાના રોગીએ મૂળા અતિ મિત પ્રમાણમાં ખાવા. મૂળાનો રસ મૂત્રલ છે. વળી તે ગુરદાની પથરી ઓગાળવાનો ગુણ ધરાવે છે. આ માટે તાજા મૂળાનાં પાનનો પાંચ તોલા રસ મીઠું નાખી કે મધ સાથે એકાદ મહિના સુધી પીવાનો છે. 'મૂળો, મોગરી ને ચાળી બોર, રાત્રે ખાય એ હરાયું ઢોર' આ લોકોક્તિ-માં રાત્રે મૂળા ને મોગરી ખાવાની મના કેમ કરી હશે?



ગાજર

ગાજર બે રંગનાં થાય છે: લાલ ને સફેદ. લાલ રંગનાં ગાજર પુષ્ટ ને સ્વાદમાં મીઠાં હોય છે, જ્યારે સફેદ રંગનાં ફિક્કાં લાગે છે. ગાજરમાં શરીર બાંધનારાં અને શક્તિ આપનારાં તત્ત્વો ઓછાં છે. એમાં સ્ટાર્ચ બટાટાથી અરધું જ છે. પણ વિટામિન 'એ', 'બી', 'સી' અને ખનિજ પદાર્થો (સોડિયમ, પોટાશ્યમ, કૅલ્શ્યમ, મેન્ગેનીઝ, લોહ, તાંબું. ફૉસ્ફરસ, ગંધક ને ક્લોરીન)ની વિપુલતા છે. એમાં રેષા વધારે છે. ગાજર પીળાં હોય ત્યારે તેમાં કૅરોટિન પુષ્કળ હોય છે, જેમાંથી શરીરમાં વિટામિન 'એ' મળે છે. એટલે જ વિટામિન 'એ'ના પૂર્વરૂપ કૅરોટિનનું નામાભિધાન ગાજરના અંગ્રેજી નામ 'કૅરેટ' ઉપરથી પડ્યું છે.

જાણવા જેવું છે કે આપણા લોહીમાં કૅરોટિન મુશ્કેલીથી શોષાય છે. તેના પોષણ મૂલ્યના આપેલા આંકડામાંથી માત્ર ત્રીજો ભાગ વિટામિન તરીકે શરીરમાં આપે છે. પુષ્કળ ગાજર ખાવાથી કમળા માટે ભુલાવામાં પડાય એવો કૅરોટિનનો પીળો રંગ ચામડી ઉપર જામે છે.

કાચાં ગાજર રસાળ, સ્વાદિષ્ટ અને પચનીય છે. ગાજરના કંદનો લીલોતરો ભાગ અને વચમાંનો પીળો ભાગ કાઢી તેને સમારવાં. પીળો ભાગ ખાવાથી ખાંસી થતી હોવાનું મનાય છે. ગાજરને કાપીને હવામાં ખુલ્લાં રાખવાથી તેમના ગુણનો નાશ થાય છે; આથી ખાતાં અગાઉ જ તે કાપવાં, અગર તો હવાથી મુક્ત રાખવા કાપીને પાણીમાં ડુબાડવાં. કાચાં ગાજર છીણીને દહીં સાથે રાયતા રૂપે ખવાય છે; ને ગાજરનું અથાણું તથા મુરબ્બો પણ બને છે. એનું શાક પણ સ્વાદિષ્ટ ને મીઠું લાગે છે. વળી બાફેલાં ગાજર ઘી ને સાકર સાથે ખાવાથી રુચિકર લાગે છે.

પિત્તવાળાને ગાજર હિતકર નહિ હોવાનું વાગ્ભટ્ટ કહે છે; તો ભાવમિશ્ર એને રક્તપિત્ત, હરસ ને સંગ્રહણી મટાડનાર લખે છે. પણ પિત્તપ્રકૃતિના હોય તેણે આ પ્રયોગ કરવાની ચરકની સલાહ છે. શ્રી બાપાલાલ વૈદ્ય લખે છે 'દમમાં, હેડકીમાં, દૂઝતા કે સૂકા હરસમાં ને અતિસાર (ઝાડા)માં ગાજરનું શાક હિતકર છે.' આ માટે તાજાં ને કૂમળા ગાજર લેવાની એમની સલાહ છે. શ્રી જાદવજી નરભેરામ વૈદ્ય ગાજરના હલવાને પૌષ્ટિક, લોહી વધારનાર, સ્વાદ આપનાર ને જલ્દી પચનીય એવો કહે છે. વધારામાં એ હલવો ખાવાથી હરસમાંથી પડતું લોહી બંધ થવાનું અને પાતળો ઝાડો બંધ થવાનું લખે છે.

ઉછરતી વયમાં વિટામિન 'એ' વૃદ્ધિ ને વિકાસ માટે અગત્યનું છે, તો પુખ્ત વયે તે આરોગ્ય જાળવવા માટે ઉપયોગી છે. આપણા દેશના આહારમાં વિટામિન 'એ'ની ન્યૂનતા હોવાની ફરિયાદ છે. આને લીધે ભારતભરમાં પ્રજાનાં શરીર હિમાયલાં (ઓછું વધતાં) તથા માંદલાં અને આંખ કાન ને ફેફસાંના રોગો સામે ઓછી પ્રતિકાર શક્તિ ધરાવતાં જોવામાં આવે છે. આના નિવારણ માટે કુન્નુરની ન્યૂટ્રિશનલ ઇન્સ્ટીટ્યૂટ (આહાર સંસ્થા) આપણા આહારમાં કૉડલિવર ઑઇલ ને રેડ પામ ઑઇલ વધારવાની ભલામણ કરે છે. દૂધ પણ વિટામિન 'એ' મેળવવાનું સારું સાધન છે.

પણ કૉડલિવર ઑઇલ ખરાબ સ્વાદ ને ગંધના કારણે અને રેડ પામ ઑઇલ તથા દૂધ મોંઘાં હોવાના કારણે પ્રજા સ્વીકારી શકે એમ નથી. તો પછી વિટામિન 'એ'ના સબળ સાધનરૂપ ગાજરનો રોજિંદા આહારમાં સ્વીકાર થવો જરૂરી છે. પણ ગુજરાતમાં ગાજરનો બહુ ઉપયોગ જાણીતો નથી. માત્ર મુસલમાનો એને ભાવથી ખાય છે. એના લાલ રંગને લીધે ચુસ્ત વનસ્પત્યાહારીઓએ મસૂર ને ટમેટાંની જેમ આને પણ અવગણ્યું તો નહિ હોય ને? અગર તો તે ખૂબ 'ગરમ' ગણાતાં હોવાથી આપણે ખાતા નહિ હોઇએ? ગાજરનાં બીથી ગર્ભ-સ્રાવ થતો હોવાનું કહેવાય છે. કચ્છમાં ગાજરનો પુષ્કળ પાક થાય છે, ને માણસો ઉપરાંત દુધાળાં ઢોરને ખવડાવાય છે. એનાથી દૂધનું પ્રમાણ વધે છે.

સાહિત્યસંપર્ક

સ્વરાજ્ય મળ્યા પછી સરકારે અન્ય સર્વ ક્ષેત્રોની પેઠે સાસ્કારિક ક્ષેત્રે પણ પ્રગતિ ઉત્તેજવાને જે ત્રણ પ્રસ્થાન કર્યાં તે સાહિત્ય અકાદમી, લલિતકલા અકાદમી અને સંગીત-નાટ્ય અકાદમીની સ્થાપના. એમાં સાહિત્ય અકાદમીનો ઉદ્દેશ ભારતની જુદીજુદી ભાષાઓના કવિઓ ને સાહિત્યસર્જકો ભગિની ભાષાઓના આંતરપ્રવાહોનો પરિચય મેળવે એવી અનુકૂળતા કરી આપવાનો, તથા સર્વ ભાષાઓમાં ગણનાપાત્ર સર્જનને રાજ્ય તરફથી પારિતોષિક દ્વારા ઉત્તેજન આપવાનો છે.

દેશના જુદાજુદા પ્રાંતોના સાહિત્યકારોની પશ્ચાદ્ભૂમિકા અને અનુભૂતિમાં એકતા હોવા છતાં એક ભાષાના જાણનારાઓ બીજી ભાષાનાં વહેણ, વલણ કે સિદ્ધિઓથી મોટે ભાગે અણજાણ રહે છે. આથી સાહિત્ય અકાદમીએ ભારતભરના વાચકો વિવિધ ભાષાઓનાં સાહિત્યસર્જનોથી પરિચિત રહ્યા કરે એ માટે 'કૉન્ટેમ્પરરી ઇન્ડિયન લિટરેચર' (સમકાલીન ભારતીય સાહિત્ય) એ નામથી દેશની મુખ્યમુખ્ય ભાષાઓનાં સર્જનોના સાંપ્રત પ્રવાહો નિરૂપતાં પ્રકાશનો કર્યાં છે. ઉપરાંત સમકાલીન નવલિકાઓમાંથી ચૂંટેલી ટૂંકી વાર્તાઓના અંગ્રેજી અનુવાદ કરાવ્યા છે અને 'ભારતીય કવિતા' નામે સંગ્રહમાં વિવિધ ભાષાનાં કાવ્યોને દેવનાગરી લિપિમાં છાપીને તેની સાથે તેના હિંદી અનુવાદ આપ્યા છે. આ ઉપરાંત ૧૦૦ જેટલા દેશી તથા વિદેશી પ્રશિષ્ટ સાહિત્ય ગ્રંથોના અનુવાદો ભારતની વિવિધ ભાષાઓમાં કરવાની તથા ભારતીય ભાષાઓનાં સાહિત્યોના સંગ્રહો પણ બહાર પાડવાની યોજના છે.

સાહિત્યકારોને ઉત્તેજવાની દિશામાં, દર વર્ષે ભારતની સર્વ ભાષાઓમાં વર્ષ દરમ્યાન જે સૌથી ઉચ્ચ ગુણવત્તા ધરાવતું સર્જન થયું હોય તેને દરેકને રૂ. ૫૦૦૦)નું રોકડ ઇનામ અપાય છે. એ પારિતોષિક એક રાષ્ટ્રીય સન્માન ગણાવાની સાથેસાથે ભગિની ભાષાઓના સાહિત્યકારોનું લક્ષ તે તરફ ખેંચાય છે.

ઈ. ૧૯૬૦નાં એવી ગુણાતિશયતા ધરાવતાં સર્જનોના જે કર્તાઓને ગઈ તા. ૨૬મી માર્ચે નવી દિલ્હીમાં એ રાષ્ટ્રીય પારિતોષિકો અપાયાં તેમાં ગુજરાતી સાહિત્ય માટેનું રૂ. ૫૦૦૦)નું ઇનામ આપણા એક આરૂઢ વિદ્વાન શ્રી રસિકલાલ છોટાલાલ પરીખને તેમના 'શર્વિલક' નામના નાટક માટે અપાયું એ આપણા માટે આનંદ અને ગૌરવનો વિષય છે. આ સાથે એમના ટૂંક પરિચય ઉપરાંત એ પારિતોષિક મેળવનાર અન્ય ભાષાઓના સાહિત્યકારો તથા તેમની કૃતિઓની પિછાન પણ આપીએ છીએ.

શ્રી રસિકલાલ છો. પરીખ

કવિ, નાટકકાર, નવલિકાકાર, પુરાતત્ત્વજ્ઞ અને તત્ત્વમીમાંસક શ્રી રસિકલાલ છોટાલાલ પરીખનું નાટક 'શર્વિલક', પ્રશિષ્ટ સંસ્કૃત નાટકો 'મૃચ્છકટિક' તથા 'દરિદ્રચારુદત્ત'ના આધાર પર રચાએલું હોવા છતાં તેનું વસ્તુ, સંયોજના અને નિરૂપણ તદ્દન સ્વતંત્ર કૃતિની ગુણવત્તા ધરાવે છે. આપણા માન્ય ચિંતક ને તત્ત્વજ્ઞ પં. સુખલાલજીનો લખેલો એમનો પરિચય 'પ્રસ્થાન'માંથી અત્રે સાભાર ઉતારીએ છીએ.

ગુજરાતના પ્રૌઢ સુવિદ્વાન શ્રી રસિકલાલ છો. પરીખ વિમળશાહ અને વસ્તુપાળના વંશજ છે એટલું જ નહિ પણ એ પોરવાર વંશનાં સાહિત્ય, કળા ને વિદ્યાવિષયક સંસ્કારોનો વિકસિત વારસો ધરાવનાર પણ છે. તેઓ આમ તો પેથાપુરવાસી (જન્મ ઈ. ૧૮૯૭) પણ એમના પિતાશ્રી સાદરામાં એક પ્રતિષ્ઠિત વકીલ તરીકે કામ કરતા. પિતાનો મનોરથ પુત્રને વિલાયત મોકલી બૅરિસ્ટર કરવાનો હતો, પણ એ સમય આવે તે પહેલાં તે ગુજરી ગયા. શ્રી રસિકભાઇ પૂના ફરગ્યૂસન કૉલેજમાં અધ્યયન કરતા ત્યારે એમનો મુખ્ય અને રસનો વિષય તો સંસ્કૃત અને સાથેસાથે દર્શન. ફરગ્યૂસન કૉલેજના વિદ્યાસંસ્કાર અને ભાવનાપ્રધાન વાતાવરણે એમના મનને જુદી જ રીતે ઘડ્યું. આથી બૅરિસ્ટર થવાનો વિચાર પડતો મૂકી તેમણે સ્વ. રામનારાયણ પાઠક, ઇન્દુલાલ યાજ્ઞિક આદિ મિત્રો સાથે પૂનાની ડેક્કન એજ્યુકેશન સોસાએટીની પ્રવૃત્તિઓમાંથી પ્રેરણા લઇ અમદાવાદમાં ગુજરાત શિક્ષણ મંડળ દ્વારા શિક્ષણની સેવાભાવી પ્રવૃત્તિ શરૂ કરી.

થોડા જ વખતમાં ગાંધીજીની સત્યાગ્રહ અને અસહકારની હિલચાલનો જુવાળ એટલો વેગથી વધ્યો કે રસિકભાઈ એમના વિશિષ્ટ મિત્રમંડળ સાથે રાષ્ટ્રીય કેળવણીની સ્થાપના વખતથી જ ગાંધીજીની પ્રવૃત્તિમાં જોડાઇ ગયા. અને ગુજરાત વિદ્યાપીઠમાં મહાવિદ્યાલયના એક પ્રાધ્યાપક તથા પુરાતત્ત્વમંદિરના મુખ્ય મંત્રી થયા.

પુરાતત્ત્વમંદિરનું ત્રૈમાસિક 'પુરાતત્ત્વ' એ રસિકભાઈની કલ્પનાનું સાકાર નિદર્શન. ગુજરાત બહાર પ્રવાસ કરતાં ગાંધીજીએ અન્ય વિદ્વાનો દ્વારા પણ તેની પ્રશંસા સાંભળેલી. શ્રી રામનારાયણ પાઠક સાથે મળી કરેલાં કામોમાં 'યુગધર્મ' માસિક, ભાસનાં થોડાંક નાટકો ને 'કાવ્ય-પ્રકાશ'નો અનુવાદ એ મિત્ર-યુગલની જીવંતસ્મૃતિસમ છે. પણ રસિકભાઇની જે મૌલિક વિશેષતા છે, તે તો શબ્દો થોડા પણ વક્તવ્ય ઘણું. આ બધાંની ભૂમિકા રૂપે રહી છે એમના વાચનની નિઃસીમ વિશાળતા

શબ્દકથા : સીંચણિયું

જોડણીકોશ 'સીંચવું'નો એક અર્થ 'પાણી કાઢવા માટે ઘડો કે દોરડું કૂવામાં ઉતારવું' એવો આપે છે. પણ ખરી રીતે તો 'પાણી સીંચવું' એટલે 'દોરડા વતી પાણી ખેંચીને કાઢવું'. એટલે જ સૌરાષ્ટ્રમાં 'દોરડું' એ 'સીંચણિયું' કહેવાય છે. પાણી સીંચવાનું સાધન તે સીંચણિયું.


ગુજરાતીમાં આવી રીતે ઘડાએલા સાધનવાચક બીજા શબ્દો પણ છે: 'ખાંડણિયો' (ખાંડવાનું સાધન),'તારણિયું' (તળાતી વાનીને તારવાનું સાધન),'લૂછણિયું'(લૂછવાનું સાધન). 'રાંધણિયું' એ રાંધવાનું સ્થળ, રસોડું એ સહેજ જુદા અર્થમાં વપરાય છે, અને 'પીરસણિયો' (પીરસવાનું કામ કરનારો, પીરસણું દેનારો), 'લટકણિયું' (લટકતું, લટકતું એક ઘરેણું) તેમજ 'ધૂસણિયો' 'ચૂસણિયો', 'લૂંટણિયો' વગેરે શબ્દો સાધનવાચક નહિ, પણ કર્તૃત્વ વાચક છે.

'સીંચણિયું'ના સમાનાર્થ બીજા શબ્દો તે 'દોરડું', 'રાંઢવું' ને 'રસી'. 'દોરડું', 'દોર' 'દોર'નું મૂળ સંસ્કૃત 'દોર'. 'રાંઢવું'ના મૂળમાં દેશ્ય શબ્દ રંઢુઅ છે. જ્યારે 'રસી' (આપણે ત્યાં હિંદીમાંથી) મૂળ સંસ્કૃત 'રશ્મિ' (રાશ, લગામ), ને પ્રાકૃત 'રસ્સિ' પરથી આવ્યો છે. શણની દોરી માટેનો 'સૂતળી' શબ્દ મૂળ સંસ્કૃત 'સૂત્ર'ને 'લ' તથા સ્ત્રીલિંગનો 'ઇ' પ્રત્યય લાગી સધાયો છે. ખાલી 'સૂત્ર'(=દોરો, દોરી) આપણે 'સૂતર' રૂપે 'રૂનો કાંતેલો તાર' એ અર્થમાં વાપરીએ છીએ.

કાથીની બનેલી દોરડી માટેના 'સીંદરી' શબ્દનું મૂળ દેશી 'સિંદુરય'માં છે, 'સિંદુ' તેમજ સિંદુરય'નો અર્થ 'દોરી' છે. ખજૂરીને દ્રાવિડી ભાષાઓમાં 'સિંદી' કહે છે એ યાદ રાખવાનું છે.

છેવટે ચામડાની દોરી માટેનો 'વાધરી' શબ્દ સંસ્કૃત 'વર્ધ્રી'માંથી આવ્યો છે એની પણ નોંધ લઈ લઇએ.

—હરિવલ્લભ ભાયાણી



શ્રી રસિકલાલ છોટાલાલ પરીખ

તેમજ બધું પૂરું સમજીને જ આગળ વધવાની ટેવ. એમણે સંપાદિત કરેલા 'કાવ્યનું શાસન'ની એમણે અંગ્રેજીમાં લખેલી બૃહદ અને સ્વતંત્ર પ્રસ્તાવના એમની વિદ્વત્તાની દ્યોતક છે.

વૈદિક, બૌદ્ધ, જૈન આદિ ભારતીય પરંપરાઓ તેમજ પાશ્ચાત્ય ભાષા, સાહિત્ય, તત્ત્વજ્ઞાન આદિને સ્પર્શતી વિદેશી પરંપરાઓનાં વ્યાપક જ્ઞાનને લીધે શ્રી રસિકભાઈમાં એવું સાંસ્કારિક રસાયન જન્મવા પામ્યું છે કે તેને લીધે તેઓ કોઈ પણ જાતિ, પંથ કે દેશની સંકુચિત સીમાઓમાં બંધાઈ રહેતા નથી. આ અને આવી બીજી ઘણી વિશેષતાઓને લીધે જ સ્વ. ડૉ. આનંદશંકર ધ્રુવે એમને ગુજરાત વિદ્યાસભાનું સંચાલન સોંપ્યું. એમની એ આશાને એમણે કલ્પી ન હોય એટલી રસિકભાઈએ સફળ કરી. 'ઍન્શ્યન્ટ ઇન્ડિયન હિસ્ટરી ઍન્ડ કલ્ચર'ને એમ.એ.ના અભ્યાસક્રમમાં દાખલ કરાવી એનું સફળ સંચાલન કરવાનો યશ શ્રી રસિકભાઈને જ આભારી છે. અને ભો. જે. વિદ્યાભવન દ્વારા ચાલતી ઉચ્ચ અધ્યયન-અધ્યાપન અને સંશોધનની પ્રવૃત્તિ શરૂ કરી તેનો મુખ્ય જશ પણ રસિકભાઈને જ ફાળે જાય છે.

શ્રી રસિકભાઈ સંસ્કૃત, પ્રાકૃત, પાલી, અંગ્રેજી આદિ ભાષાઓ તો જાણે જ છે; દર્શન, તર્કશાસ્ત્ર અને તેમાં ય યોગશાસ્ત્ર એ પણ એમનો પ્રિય વિષય છે. રાજકારણ અને ઇતિહાસના સંસ્કારો પણ એમના વિશિષ્ટ છે; પણ બધામાં મોખરે તરી આવે એવી એમની કળા એ વાર્તા, કાવ્ય અને નાટક વિષયક છે. તેઓ ગાઈ કે બજાવી જાણતા નથી, અભિનય પણ કરી શકતા નથી, છતાં સંગીત, નૃત્ય અને અભિનય વિષયક એમનું જ્ઞાન અને સમજ, શાસ્ત્રીય તેમજ ઊંડાં છે. સ્વ. ભાતખંડે અને તેમના મુખ્ય શિષ્ય શ્રી વાડીલાલભાઈ ભોજકનો પાશ શ્રી રસિકભાઈને ઠીકઠીક લાગેલો. અત્યારના ગુજરાતમાં જે જે વિશિષ્ટ વિદ્વાનો ને પાંચ્યા પકો છે તે સર્વમાં રસિકભાઈને હું મૂર્ધન્ય તરીકે લેખું છું. તેથી જ ગુજરાતની ત્રણ યુનિવર્સિટીઓ જ નહિ, પણ મુંબાઈ અને પૂનાની વિદ્યાસંસ્થાઓ સુદ્ધાં પોતપોતાની કોઈ ને કોઈ કમિટીમાં શ્રી રસિકભાઈને સાંકળી રાખવામાં ગૌરવ અનુભવે છે. એમણે 'કાવ્યાનુશાસન' આદિ અનેક ગ્રંથોનું સંપાદન કર્યું છે, પણ એમના અધ્યયનની વિશાળતા અને વિશ્લેષણની મૌલિકતા તો તેમની પ્રસ્તાવનાઓમાં જોવા મળે છે.

જે 'શર્વિલક'ને લક્ષી એમને રાષ્ટ્રીય પારિતોષિક મળ્યું છે તે વિષે તો એટલું જ કહી શકાય કે જેઓ નાટક સાહિત્યના રસિક અને પારખુ હોય તેઓ એને સ્વસ્થપણે વાંચી લે. પણ હું એમની પાસેથી માત્ર ગુજરાત માટે જ નહિ, પણ સર્વસંઘ રણ માટે એક તત્ત્વજ્ઞાન વિષયક વ્યાખ્યાનમાળા કે પુસ્તકની અપેક્ષા સેવું છું. જેવાં તેઓ યોગની આધ્યાત્મિક ઉત્ક્રાન્તિ વિષેની ભૂમિકાઓ ઉપર તથા ભારતીય આધ્યાત્મિકોના અધ્યાત્મ-પ્રણાલીઓ વિષેલ મે તોય એમાં ઘણું સારતત્ત્વ આપણને મળશે.

સંદર્ભગ્રંથ

જગતનો પ્રત્યેક દેશ પોતાના રાજ્ય તથા તેના વિવિધ અંગો વિષે માહિતીઓ પ્રકટ કરે છે. આમ પ્રકટ થતા સંદર્ભગ્રંથોમા છેલ્લાં બાર વર્ષથી પ્રકટ થતા બ્રિટનના સંદર્ભગ્રંથ Britania–an Official Handbookનું સ્થાન આગવું છે. ત્યાંના કેન્દ્રીય માહિતી ખાતાના સંદર્ભ વિભાગે મૂળ તો પરદેશમા બ્રિટન વિષેની વિગતવાર માહિતીઓ આપવા માટે મર્યાદિત સંખ્યામાં વિના મૂલ્યે વહેંચવા માટે આ ગ્રંથની શરૂઆત કરેલી. પણ એની લોકપ્રિયતા અને ઉપયોગિતા જોઈ ઇ. ૧૯૫૪થી વેચાણ માટે પણ આ ગ્રંથ મૂકયો; અને એને દુનિયાભરમાંથી ઘણો સારો આવકાર મળ્યો છે. આ વર્ષે ૧૯૬૧નું તેનું સુધારેલું વધારેલું બારમું પ્રકાશન પ્રકટ થયું છે (કિ. શિ. ૧૩ ૬)

એ ગ્રંથમાં બ્રિટનના પ્રદેશ અને પ્રજા, રાજ્યઅમલ, કાનૂન, સંરક્ષણ, સામાજિક પ્રવૃત્તિઓ, ત્યાંની વિકાસ યોજનાઓ, દેવળો અને ધાર્મિક સંસ્થાઓ, કલા અને વિજ્ઞાન, રાષ્ટ્રીય અર્થકારણ, ઉદ્યોગો અને વાણિજ્ય, વાહનવ્યવહાર, કામદારોના પ્રશ્નો, રેડિયો-ટેલિવિઝન, અખબારો, રમતગમતો ઇત્યાદિ દરેકે દરેક ક્ષેત્ર વિષે છેક ઈ. ૧૯૬૦ના સપ્ટેમ્બર માસ સુધીના છેલ્લામાં છેલ્લા આંકડાઓ અને માહિતીઓ આપેલા છે. આ ઉપરાંત ૧૭ આર્ટ પ્લેટોમા અનેક ફોટોગ્રાફો, બે મોટા રંગીન નકશા અને તેર જેટલા માનચિત્રો દ્વારા અંદરના વિષયોને વધુ સરળ અને સુંદર બનાવાયા છે. આ અતિ ઉપયોગી પ્રકાશન સંદર્ભગ્રંથોની આવશ્યકતાવાળી દરેક વ્યક્તિ કે સંસ્થાએ સંઘરવું જ જોઇએ. H.M.S.O., P. O. Box 569, London, S. E. 1 અગવા એના એજન્ટ કે કોઈ પણ મોટા પુસ્તક વિક્રેતા પાસેથી તે મળી શકશે.



હિંદી કવિતામાં છાયાવાદના પુરસ્કર્તાઓમાં અગ્રણી કવિ સુમિત્રાનંદન પંત (જન્મ ઈ. ૧૯૦૦)ની ઇનામપાત્ર નીવડેલી કૃતિ 'કાલા ઔર બૂઢા ચાંદ' તેમનાં છેલ્લાં કાવ્યોનો સંગ્રહ છે. તેમાં એમણે એક અભિનવ શૈલીનો પ્રયોગ કરીને માનવીની ઉચ્ચ રસેચ્છાઓ અને આધ્યાત્મિક ખોજની અભિવ્યક્તિ દ્વારા આશા અને ઉચ્ચગ્રાહનો પ્રેરક સંદેશ આપ્યો છે.



આર. કે. નારાયણ (જન્મ ઈ. ૧૯૦૬) તો પોતાની અંગ્રેજી નવલકથાઓ વડે આજે દુનિયાભરમાં જાણીતા છે. ઇનામ મેળવનારી એમની અંગ્રેજી નવલકથા 'ધ ગાઈડ'માં ભારતના 'માલગુડી' નામના એક કલ્પિત ગામની ચિત્રણા કરીને તેના સબળ પાત્રાલેખન તથા તાદૃશ વર્ણન દ્વારા આપણા આધુનિક જીવન પર સૂક્ષ્મ નજર કરતી પ્રોત્સાહક કથા આલેખી છે.



અગ્રણી મરાઠી નવલકથાકાર વિ. સ. ખાંડેકર (જન્મ ઈ. ૧૮૯૮)ની ઇનામ જીતનારી નવલકથા 'યયાતિ' એમનું છેલ્લું નવું સર્જન છે. અનંત યૌવન ઝંખતા રાજા યયાતિની જાણીતી પુરાણકથાને આજના જીવનના સંદર્ભમાં આલેખીને યયાતિના પાત્ર દ્વારા માનવ-લાલસાઓ અને કચના પાત્ર દ્વારા જનકલ્યાણ માટેની શક્તિસાધના તથા ચિદાનંદનું નિરૂપણ કર્યું છે.

★

'ફિરાક ગોરખપુરી'ના તખલ્લુસથી જાણીતા ઉર્દૂ કવિ શ્રી રઘુપતિ સહાય (જન્મ ઈ. ૧૮૯૬)નો કાવ્યસંગ્રહ 'ગુલે નગમા' એમની જીવનભરની સર્જનસિદ્ધિનાં પ્રતિનિધિ ગણાય એવાં તાજાં કાવ્યોનો સંગ્રહ હોઈ પારિતોષિકને પાત્ર ઠર્યો છે. ઉર્દૂ સાહિત્ય ઉપર સારી એવી છાપ મૂકી ગએલી એમની ગઝલો, નઝમો ને રુબાઈઓનો એ પુસ્તકમાં સમાવેશ છે.



★

'ઉરૂબ'ના તખલ્લુસધારી અગ્રણી મળયાળમ નવલકથાકાર અને નવલિકાકાર શ્રી પી. સી. કુટ્ટીકૃષ્ણન (જન્મ ઈ. ૧૯૧૫)ની ઇનામપાત્ર નવલ કથા 'સુન્દરીકલુમસુન્દરંમારુમ'માં બે મહાયુદ્ધો વચ્ચેના સમયનું મલબાર પ્રદેશનું જીવન નિરૂપાયું છે; જેમાં સંખ્યાબંધ પાત્રો દ્વારા સંક્રાન્તિકાળમાંથી પસાર થતા સમાજજીવનનું તાદૃશ આલેખન કર્યું છે.



★

તેલુગુના પ્રતિષ્ઠિત નાટ્યકાર શ્રી પોનાંગી શ્રી રામ અપ્પા રાવ (જન્મ ઈ. ૧૯૨૩)ની ઇનામપાત્ર કૃતિ 'નાટ્યશાસ્ત્રમુ' એ તેલુગુ ભાષામાં પ્રથમ વાર જ ઉતારવામાં આવેલો ભરતમુનિના 'નાટ્યશાસ્ત્ર'નો (અભિનવગુપ્તની ટીકા સાથેનો) પુષ્કળ નોંધો ને ટિપ્પણોથી સમૃદ્ધ એવો સંપૂર્ણ અનુવાદ છે, પણ નર્યા તરજુમા કરતાં એમાં ઘણું વિશેષ તત્ત્વ છે.



કલાવાતાં

અબ્દુર્રહીમ આપાભાઈ આલમેલકર

કલાકારના શબ્દોમાં રજૂ કરનાર
પ્રદ્યુમ્ન તન્ના

ગુજરાત સાથે મારે સીધો નાતો છે. ૧૯૨૦માં અમદાવાદમાં જન્મ્યો (મારા પિતાજી અમદાવાદની એક મિલમાં મૅનેજર હતા) ને બાળપણ પણ ત્યાં વિતાવ્યું એટલે ગુજરાતી આવડે જ ને!

ચીતરવાની તો મને નાનેથી જ ભારે હોંશ. ક-ખ-ગ–એમ મૂળાક્ષરો પાટી પર ઘૂંટું તે ભેળાં એથી શરૂ થતાં નામોનાં ચિત્રો ય (કમળનો 'ક' ખડિયાનો 'ખ') પાટી પર દોરતો. માસ્તર પણ ખુશ થઈ વાંસો થાબડતા.

સાતેક વર્ષનો થયો ત્યારે સોલાપુર ભણવા ગયો. પણ ચીતરવા સિવાય બીજા વિષયોમાં રસ પડે નહિ, ને તેમાં ય ગણિત ને અંગ્રેજીમાં મીંડું જ મળતું! માંડમાંડ પાંચમી અંગ્રેજી સુધી પહોંચ્યો ને પછી એ અણગમતું ભણતર છોડીને એકલું ચીતરવાનું લઇ બેઠો. મારા સૌથી પહેલા કલાગુરુ શ્રી કે. ના. કેળકર. એમના હાથ નીચે એલીમેન્ટરી અને ઇન્ટરમીડીએટ પરીક્ષાઓ પાસ કરી. ઘરનાંને, હું આમ ભણવાનું છોડીને ચિત્ર પાછળ જ મંડયો રહું એનો ખાસ વાંધો નહોતો, પરંતુ સહુને, ને ખાસ તો બાપુજીને, થતું ખરું કે આમ ચીતરવામાંથી જ આ છોકરો કેમ કરીને પેટિયું કાઢશે? આજ વીસ વરસે એ શંકા ખોટી પડયાનો એમને ભારે હરખ છે!

પછી એમની સંમતિ મેળવી હું મુંબાઇ આવ્યો. ઈ. ૧૯૩૫ની એ સાલ. એ ટાણે આજના જેવી મોંઘવારી નહિ. દસેક રૂપિયામાં તો મહિનો મઝેથી નીકળી જતો. મુંબાઇના નૂતન કલામંદિરમાં શ્રી દંડાવતી મઠના પ્રેમાળ માર્ગદર્શન હેઠળ ભણી ૧૯૪૦માં મુંબાઈ કલાશાળાનો ડિપ્લોમા મેળવ્યો.

ત્યાર બાદ મુંબાઇના જાણીતા 'એક્સપ્રેસ બ્લૉકમેકર્સ'ને ત્યાં રૂપિયે દા'ડીના પગારે નોકરી લીધી. પણ ત્યાં તો લડાઈ ફાટી નીકળી હતી. વધતી જતી મોંઘવારીને લઇ એટલા પગારમા ક્યાંથી પૂરું થાય? એટલે નાનાંમોટાં પરચૂરણ કામો ય કરતો. સાઇનબોર્ડ લખતો, પોસ્ટર ચીતરતો, અરે છેવટે છત્રીને ય નામ લખી દેતો! એ કાળે ફટાકડાની જાહેરાત માટે બનાવેલાં (સુરાની ઍન્ડ કં.નાં) પોસ્ટરો હજી ય ક્યારેક જોઉં છું ત્યારે મનમાં શું થતું હશે એનો અંદાજ કાઢી શકશો.

એ કાળે તો હું દૃશ્યચિત્રો જ કરતો—ને મોટા ભાગનાં તો સ્થાન પર બેસીને. ચિત્રો વેચ્યું ય ખરો. પણ સૌ પ્રથમ લોકોની નજરે ચડયો હોઉં તો ૧૯૪૮માં મારા એક ચિત્રને બૉમ્બે આર્ટ સોસાએટીના વાર્ષિક પ્રદર્શનમાં 'રાજ્યપાલ પારિતોષિક' મળ્યું ત્યારે જ. પછી તો મારા મિત્રો અને ચાહકોનું વર્તુલ મોટું થતું ગયું. ચિત્રો ય ઠીકઠીક વેચાવા માંડયાં.

પણ મારા જીવને અજંપો જ રહેતો. નિજી કહી શકાય એવી અભિવ્યક્તિ માટે મારી તુલિકા ઝંખતી. પહેલેથી જ મને ભારતની પરંપરાગત શૈલીઓમાં રસ. સોલાપુરના અભ્યાસકાળ દરમિયાન મારે એક મિત્ર થએલો. મહારાષ્ટ્રના અતિપરિચિત માસિક 'કિર્લોસ્કર'ના સંસ્થાપકનો એ પુત્ર. હું એને ત્યારે પણ કહેતો કે વીસ વરસ પછી ભારતીય શૈલીનાં ચિત્રો તું આ માસિકના પૂંઠે છાપશે,—ને એ હસતો. પશ્ચિમી ચિત્રશૈલીની ત્યારે ઘણી જ વ્યાપક અસર.

ત્યાં ૧૯૫૨માં સતારાના રાજમહેલનાં ભિત્તિચિત્રો જોયાં ને મારી તુલિકાને જાણે મારગ જડી ગયો! એ શૈલીને આધારે-નિજનું ઉમેરીને મેં નોખાંનોખાં ચિત્રો કર્યાં. એને બહુ સારો આવકાર મળ્યો. એ જ શૈલીએ કરેલા ચિત્ર 'પૂનમ'ને ૧૯૫૩નો બૉમ્બે આર્ટ સોસાએટીનો સુવર્ણચંદ્રક મળેલો. પછી તો વરસે-બે વરસે, મહિનો'ક ભારતના એકાદ પ્રાંતમાં રખડી આવું ને ત્યાં કરેલાં રેખાંકનો પરથી ચિત્રો બનાવું. પિતાજીને ય નોકરી અંગે વારંવાર સ્થળાંતર કરવું પડતું. એટલે બાળપણથી જ હું ઘણી જગ્યાએ ફર્યો છું. ને એ રખડપટ્ટીમાં લગભગ આખું ભારત જોઈ લીધું છે.


૧૯૫૩માં મુંબાઈ રહેતો હતો એ ઘર અકસ્માતે આગમાં બળી ગયું. પહેરેલાં કપડાં સિવાય કાંઈ જ ન બચ્યું. રેખાંકનોથી ભરપૂર અનેક નોંધપોથીઓ બળી ગઈ. પણ હવે મને દિશા જડી ગઇ હતી. સરસ મિત્રો ય મળ્યા હતા. એમની હિંમત ને હૂંફથી ફરીને ઊંધું ઘાલીને ચીતરવા મંડી પડયો ને છ-આઠ મહિનામાં એક પ્રદર્શન ભર્યું. એમાં મારાં બધાં જ ચિત્રો વેચાઈ ગએલાં! તમારા વતન દહાણુમાં તમને મળેલો એ આ જ અરસામાં.

મારા કલાગુરુઓમાં પણ બે ગુજરાતી છે: એક શ્રી જગન્નાથ અહિવાસી ને બીજા અમદાવાદના શ્રી ખત્રી. આજે ગર્વ સાથે કહી શકું કે હું બંનેની નિર્વ્યાજ પ્રીતિને પાત્ર થયો છું. જીવનમાં સંઘર્ષો સામે ઝઝૂમતાં શીખ્યો હોઉં તો એમની જ પાસેથી. આજના ગુરુ-શિષ્યોના સંબંધો જોઇને તો ભારે ખિન્ન થઇ જાઉં છું. જાતે સાંભળેલી બીના છે. બે'ક વરસ પર મુંબાઇ રાજ્ય ચિત્રપ્રદર્શનમાં એક વિદ્યાર્થીને નસીબજોગે એક મોટું ઇનામ મળ્યું. એણે વાતવાતમાં કટાક્ષમાં હસીને પોતાના એક ચિત્રશિક્ષકને પૂછેલું, 'સાહેબ! તમે ય આ પ્રદર્શનમાં ચિત્રો મોકલેલાં. તમને કેમ કાંઈ મળ્યું નહિ?!'

અત્યાર સુધીમાં ૧૩ પ્રદર્શનો ભર્યાં છે ને અનેક ચિત્રો વેચ્યાં છે; અહીં ને પરદેશમાં ઘણા મિત્રો અને પ્રશંસકો મેળવી શક્યો છું. જોકે મને ભાંડનારા પણ ઓછા નથી. કેટલાકનું કહેવું છે કે મને ચીતરતાં જ નથી આવડતું! તો વળી કેટલાક કહે છે કે હું એક જ લઢણે ચીતરું છું! પણ મને આ વાતોનો ધોખો નથી. એમને મારું કહેવું છે કે હું તો મને આવડે એવું ચીતરું છું; ને શૈલીને બદલે મારું વસ્તુ જ દરવેળા નવું નથી હોતું? કહેવાતી 'મૉડર્નઆર્ટ'ને બદલે આપણી પરંપરાગત શૈલીમા મારું નિજનું કશુંક ઉમેરીને હું ચિત્રો બનાવું તો ખોટું શું? ને એ સૌને ક્યા ખબર છે કે વીસ વરસના ગાળામાં મારી શૈલીએ કેટકેટલી લઢણો બદલી છે; ને આવતાં વીસ વરસમાં એ અત્યારે છે એથી સાવ નોખી જ નહિ હોય એવું પણ કેમ કહી શકાય? ઘણા કહે છે કે પૂઠાં (કાર્ડબોર્ડ) પર કરેલાં મારા ચિત્રો લાંબો સમય નહિ ટકે. મને તો શ્રદ્ધા છે કે મારાં ચિત્રો ઘણો લાંબો સમય ટકશે. આજ આઠ-દસ વરસથી પૂઠાં પર ચીતરું છું, હજી સુધી ચિત્રો બગડયાની કોઈ ફરિયાદ આવી નથી.


કેટલાક વળી એમ કહે છે કે મારે થોડાંક લાગવગિયાં પરદેશી મિત્રો હતાં એથી મારાં ચિત્રો વેચાતાં. તો કહીશ કે મારે પરદેશી મિત્રો-પ્રશંસકો હતા અને છે, પણ આજે એમાંના ઘણા ભારતમાં નથી. ને તો યે છેલ્લા પ્રદર્શનમાં મારાં ઘણાં ચિત્રો વેચાએલાં, જેમાંના ચારેક સિવાય બધા યે ભારતીય મિત્રોએ ખરીદેલાં છે. એક વાત કહું અહીં.

મુંબાઈની એક નવી આર્ટ ગૅલેરીમાં એક મૉડર્ન ચિત્રપ્રદર્શનીના ઉદ્ઘાટન વેળા એક જાણીતા કલાવિવેચકે મને ટપારેલો: ત્યાં લટકાવેલાં ચિત્રો દેખાડી મને કહે, 'આલમેલકર! આવું કાંઈ કરો. આમ પરંપરાગત શૈલીમાં દીધે રાખવાથી બહુ લાભ નહિ થાય!' મેં હસીને જવાબ વાળેલો, 'એ તો ગૅલેરીના સંચાલકને જ પૂછી જોજો ને! કોનાં ચિત્રોના વેચાણના વળતરમાંથી એમને લાભ થાય છે!'



બૈગા જાતિના ગામનાં ઘર (બંજર) • કલાકાર: આલમેલકર

મલબારનું પશુધન • કલાકાર: આલમેલકર



તાજેતરમાં જ એક ગુજરાતી મિત્ર સાથે દૂર પૂર્વમાં મલાયા-જાવા-બાલીના પ્રવાસે જઇ આવ્યો છું. આપણા પૂર્વજો એ સુવર્ણભૂમિમાંથી અઢળક સંપત્તિ ભારત લઇ આવતા, હું રેખાંકનોથી નોંધપોથીઓ ભરી લાવ્યો છું।

કંકાવટી

> અફવા, કુથલી, નિંદા, એ ઢોળાએલા દૂધ જેવી છે. તે પાછી સમેટી લઈ શકાતી નથી; અને તમે તેમ કરવા બેસો તો પણ ભોંય પર ચિકાશ ને દૂધમાં મેલ તો રહી જ જાય છે,—સાથે-સાથે થોડી અફવા–બદગોઇની બદબો પણ હવામાં રહી જાય છે.

સંસ્કૃતિ અને સ્વાતંત્ર્યનાં સાધક

જિંદગીના મોટા ભાગ આ દેશની સંસ્કૃતિ અને સ્વાતંત્ર્યના સ્વાધ્યાય અને સેવામાં વ્યતીત કરનાર ઍની બેસંટનો જન્મ ઈ. ૧૮૪૭ની પહેલી ઑક્ટોબરે લંડનમાં થએલો. બચપણમાં જ પિતાનું અવસાન થતાં માતાએ વિદ્યાર્થીઓનું છાત્રાલય ચલાવી પુત્રીને મોટી કરી. ઈ. ૧૮૬૭માં ફ્રૅન્ક બેસંટ નામના પાદરી સાથે લગ્ન કર્યું, પણ પોતાની નિરીશ્વરવાદી થતી જતી માન્યતાને કારણે બંનેને મેળ રહ્યો નહિ ને છૂટાછેડા લીધા. દરમ્યાન તેને થએલા પુત્ર ને પુત્રી પણ કાનૂને પતિને સોંપી દીધાં. ગરીબી, સ્વતંત્ર મત ધરાવવા માટે સમાજનો તિરસ્કાર ને પ્રિય બાળકોનો વિયોગ એવા ત્રિવિધ તાપથી કંટાળી આપઘાત કરવા પ્રયત્ન કર્યો, પરંતુ આત્માએ એ ભીરુતા [illegible] દીધી.

તે પછી ઇંગ્લંડના મુક્તવિચારવાદી ચાર્લ્સ બ્રાડલોનો પરિચય થતાં એમણે શુદ્ધ ને ઉન્નત બુદ્ધિવાદ તરફ વળાંક લીધો. ૧૮૭૩માં નૅશનલ સેક્યુલર સોસાએટીમાં જોડાઈ દસ વર્ષ સુધી તનતોડ મહેનત કરી, ને સડસડતાં વ્યાખ્યાનો ને તીખી કલમ વડે ધાર્મિક પાખંડો સામે સંગ્રામ આદર્યો. ૧૮૮૫માં સમાજવાદ તરફ ઢળી બેકાર-દંગાળ મજૂર-દુનિયાનો જાત અનુભવ લઈ તેમને માટે મૂડીપતિઓ સામે ભીષણ લડત ચલાવી તથા ગોળીબારો અને ધરપકડો સામે પણ મજૂરોને અહિંસક રાખી તેમને ધ્યેયસિદ્ધિને માર્ગે વાળ્યા.

પણ, આ બધાં મંથનો ને અનુભવોમાં એમને જગતભ્રાતૃભાવ કે શાશ્વત શાંતિનાં બીજ મળ્યાં નહિ. એવામાં એમને થીઑસૉફિકલ સોસાએટીનાં સ્થાપક મૅડમ બ્લૅવેટસ્કીનો પરિચય થયો. એમની અસર તળે તોફાન ધાંધલનું જીવન છોડી દીધું અને થીઑસૉફિકલ સોસાએટીનાં કાર્યકર્તા તરીકે તેમજ હિંદી તત્ત્વજ્ઞાનમાંથી આત્માની શાંતિ મેળવવા ઈ. ૧૮૯૩માં હિંદ આવ્યાં ને સીધાં બનારસ જઈ ત્યાં 'શાંતિકુંજ' નામે તપોવન જમાવ્યું. અહીં એમણે હિંદુ, જૈન, બૌદ્ધ, મુસ્લિમ, જરથુસ્ત્ર વગેરે બધા પંથના તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરી એમાંથી એકતાનું અમૃત સારવીને ભારતની સંસ્કૃતિસેવાની નવી ઐક્યપ્રવૃત્તિ ઉપાડી. સંખ્યાબંધ ગ્રંથો ને વ્યાખ્યાનો દ્વારા હિંદમાં પ્રવેશતી પાશ્ચાત્ય જડવાદની વેગવંત ગતિને ખાળી અને એ માટે કાશીમાં 'સેન્ટ્રલ હિંદુ કૉલેજ' સ્થાપી.

હિંદમાં એમનું કાર્ય એટલું ઉજ્જ્વલ હતું કે ૧૯૦૭માં સમસ્ત જગતની થીઑસૉફિકલ સોસાએટીનાં તેઓ પ્રમુખ ચુંટાયાં. તે પછી





સ્ત્રીસૌંદર્યમાં કેશગુંફનનું સ્થાન ઘણું મહત્ત્વનું છે, ને તેમાં યે વાળ લાંબા હોય તો તો કેશભૂષાનું અનેકવિધ વૈવિધ્ય યોજી શકાય. ટૂંકા વાળવાળાં માટે પણ ઘણા રસ્તા છે: ખોટા વાળ, કાળા દોરાના ફુમતાદાર ચોટલા, રિંગ અને ગાદી વગેરેથી તો કોઈ જ અજાણ્યું નથી, પણ તેનો ચાતુરીભર્યો ઉપયોગ તો કોઈ આગવી દૃષ્ટિ જ કરી શકે. ટૂંકા વાળવાળી એવી બહેનો માટે એક ઉપાય અહીં દર્શાવ્યો છે.

પ્રથમ તો વાળના ત્રણ સરખા ભાગ પાડો. તેમાંથી વચલા ભાગની અંદર નાનકડી કાળી ગાદી ગોઠવી તેને સોયા વડે મજબૂત કરી દો ને તેને ફરતી ફૂલની વેણી બાંધી દો. સાથેનું ચિત્ર જોતાં વધુ સ્પષ્ટ સમજાશે. હવે બાકી રહેલા બે ભાગને, જો વાળ ઓછા હોય તો તેની સાથે દોરાના ચોટલા ઉમેરીને પેલી વેણીની આસપાસ સરખા વીંટી દો. (જુઓ ચિત્ર) અને સોયા કે ચીપિયાથી બરાબર બેસાડી દો.

વાનગી

હવે બજારમાં નવી આમલી આવવી શરૂ થઈ હશે. તેનું આ 'કટ' કરવા જેવું છે. ૦। રતલ નવી આમલી, ૦। રતલ સારી જાતનો ગોળ (અગર ખાંડ), એક ચમચી મીઠું; વઘાર માટે રાઈ હિંગ મરચાં તથા એક ચમચો તેલ.

પહેલાં ચોખ્ખા કલાઈદાર વાસણમાં આમલી પલાળી રાખવી. પલળે એટલે ચોળી નાખીને ઝીણા કપડાથી તે રસ ગાળી લઇ તેમાં ગોળ (અગર ખાંડ) નાંખી રાઈ હિંગ-મરચાંને તેલમાં તતડાવી વઘાર કરવો. પછી મીઠું નાખી હલાવી લેવું. ભાત અગર ખીચડી સાથે અથવા એકલું પીવામાં પણ આ 'કટ' સારું લાગે છે.—વિ.



દિવસભરના ઘરકામના પરિશ્રમથી સ્વાભાવિક જ સ્ત્રીઓ ઘણી વાર થાકીને તંગ થઈ જાય છે. પણ એમાં વચ્ચે વચ્ચે થોડો આરામ લેવાતો રહે તો પુનઃ તાજગી મળી રહે. થોડા સમયમાં વધુ આરામ મેળવવા માટે 'શવાસન' નામનું યોગાસન ઉત્તમ છે. ગમે તેવું અશક્ત માણસ પણ એ કરી શકે.


તદ્દન શાંત થઈ ચત્તાં સૂઈ જાઓ. પગ એક બીજાની પાસેપાસે, ને અંગૂઠા ઊંચા રહે તેમ રાખો. હાથને પણ લંબાવી દો. શરીરના બધા સ્નાયુઓને સાવ ઢીલા કરી દો. મનમાં પણ એકે વિચારને પેસવા દેશો નહિ. આમ તદ્દન શાંત થઈ જઈ પાંચ દસ મિનિટ પડ્યાં રહો અને જુઓ કે કેટલી તાજગી મળી રહે છે

(અંગસૌષ્ઠવની બીજી કસરતો હવે પછી)

એમણે બાળક કૃષ્ણમૂર્તિમાં વિશ્વોદ્ધાર કરવા અવતરેલા જગદ્‌ગુરુના આગમનની ઘોષણા કરી, પણ એ પ્રકરણમાં એમને નિરાશા ને નિષ્ફળતા મળ્યાં.

ઈ. ૧૯૧૪માં એમણે રાજકારણમાં પ્રવેશ કર્યો. ઉદ્દામ ને વિનીત દળો વચ્ચેના મતભેદ ઘટાડવા એમણે 'કૉમનવીલ' અને 'ન્યૂ ઇંડિયા' નામે બે પત્રો શરૂ કર્યાં. બંને પક્ષના મતભેદના ઉકેલ માટે 'હોમરૂલ'ના મંત્ર આપ્યો ને પત્રિકાઓ, પુસ્તિકાઓ, લેખો, વ્યાખ્યાનો વગેરે વડે દેશભરમાં તેનો નાદ ગજાવી મૂક્યો કે મદ્રાસના ગવર્નરે એમની આ વધતી જતી પ્રવૃત્તિઓ સામે ચેતવણી આપી પણ એ ડગ્યાં નહિ. સરકારે એમને નજરકેદ કર્યા ને દેશ આખામાં એ માટે ઉહાપોહ થયો. ત્રણ માસ પછી તેઓ છૂટી ગયાં. ત્યાર પછી કલકત્તા કૉંગ્રેસના તેઓ પ્રમુખ ચૂંટાયાં.

પછી તો સત્યાગ્રહનાં ને અસહકારનાં મંડાણ થયાં. એનો એમણે વિરોધ કર્યો ને પરિણામે પ્રજાપ્રેમની મોટી કમાઈ ગુમાવી બેઠાં. ઈ. ૧૯૨૫માં 'કૉમનવેલ્થ ઑફ ઇન્ડિયા બિલ'ની યોજના કરી પણ સફળતા ન મળી. હિંદના રાજદ્વારી ઉદ્ધાર માટેનો એમનો અરધી સદી જેટલો લાંબો સંગ્રામ જેટલો જ્વલંત હતો એટલો ફળદાયી ન થયો. એનું કારણ એ કે તેઓ અંગ્રેજ હોઈ શંકાપાત્ર બનતાં ને બીજું પોતાની સ્વતંત્ર તાસીરને લીધે અન્ય નેતાઓ સાથે તે સમકક્ષ બની શકતાં નહિ. પછીનાં વર્ષોમાં તો તેઓ ધીમેધીમે નેપથ્યના અંધકારમાં વિલીન થઈ જઈ અવસાન પામ્યાં. ∅



સમય અને ધીરજ માગી લેતા આ પ્રકારના ગૂંથણકામના અનેક નમૂના બહેનો જાણતી હોય છે. આ એક પ્રાચીન નમૂનો છે.

અખોદરનું સૂર્યમંદિર

સોરઠના ઘેડ પંથકમાં બાલાગામ અને ખમીદાણા વચ્ચે અખોદર નામનું ગામડું છે.. આસપાસ ઓઝત અને સાબડી નદીના કાંપની જમીન છે. ઊંચા ટીંબા ઉપર વસેલું આ નાનું ગામ ચોમાસામાં ઘેડ છલે છે ત્યારે બેટડું બની જાય છે. પાણી ઊતર્યે પણ કીચડ અને કાંટાવાળા માર્ગથી ત્રણેક માસ વાહનવ્યવહાર મુશ્કેલ બને છે. દિવાળી બાદ આ ઘેડ પ્રદેશમાં જમીન વાવણીએ આવે છે ને વાવેતર શરૂ થાય છે. ઉનાળે ખાવા ધાતો ને ચોમાસે વસમો લાગતો આ ભાગ શિયાળે ખેતીનો મબલખ પાક માનવીને ચરણે પાથરે છે. જુવાર, કપાસ, ચણા, શેરડી, ડુંગળી, લસણ અને મેથી અહીંના મુખ્ય પાક છે. ઊંચાણવાળી જમીનમાં બાવળ જ નૂજ ઝાડ છે.

અખોદર ૯૦૦ માણસની વસતિનું, ટપાલ કે વતમાનપત્ર જ્યાં નથી આવતાં ને ચાની દુકાન જ્યાં નથી પહોંચી એવું, સાદું આહીર ખેડૂતોનું ગામડું છે. આસપાસનાં પાંચ-છ ગાઉ ઉપરનાં ગામડાના લોકો અહીં ચૈત્ર સુદ ૭ના શીતળાના મેળામાં ભેગાં થાય છે. શીતળાસાતમ તો સામાન્ય રીતે શ્રાવણની સાતમે હોય; પણ ઉનાળામાં આબાલવૃદ્ધ માટે અહીં પહોંચવું સગવડભરેલું બને એ હેતુથી મેળાનું આયોજન શ્રાવણને બદલે ચૈત્ર માસમાં કર્યું લાગે છે. એ શીતળાના મંદિર તરીકે આજે ઓળખાતું અખોદરનું દહેરું હકીકતમાં પ્રાચીન સૂર્યમંદિર છે.

વિક્રમના સાતમા કે આઠમા સૈકામાં બંધાયું લાગતું આ મજબૂત બાંધણીનું સુંદર શિખરબંધ મંદિર સોલંકી મંદિરોનું પુરોગામી છે. ૪૨×૨૩ ફૂટના માપની જમીન પર કળશ સુધી લગભગ ૨૫ ફૂટ આ મંદિર ઊંચું છે. શિખર નીચેનું ગર્ભગૃહ અંદરથી ૧૦×૮ ફૂટનું છે. તેનું દ્વાર ૫૧⁄₂×૪નું છે. દ્વાર ઉપર નવ ગ્રહોની મૂર્તિઓ છે. ગર્ભગૃહની આસપાસ ૩ ફૂટ પહોળાઈની ભમતી (પ્રદક્ષિણામાર્ગ) છે. મંદિરમાં સામે સૂર્યની મૂર્તિ છે. જમણી બાજુ ગણેશ, વિષ્ણુ અને ગંગાની મૂર્તિઓ છે, અને ડાબી બાજુ ત્રણ મૂર્તિઓ દેવીની છે, જેમાંની એક શીતળા-માતા તરીકે પૂજાય છે, અને એક સૂર્યરાણી રન્નાદે સંભવે. બાજુમાં એક ગોળ પથ્થર છે, જેને 'રતનેલિયા' તરીકે માને છે. શીતળા અને રતવા જેવાં દર્દથી પીડાતા લોકો અહીં બાધા છોડવા આવે છે.


મંદિરનો સભામંડપ વચ્ચે ચાર અને દીવાલે ચાર એમ આઠ સ્તંભ અને દીવાલો ઉપર મજબૂત પથ્થરના આખા લાંબા પાટડાથી આચ્છાદિત છે. ઉપરના ભાગમા અગાશી છે. તેના પાણીના માર્ગ (ખાળ) ઉપર મોટી ચૈત્યકમાન અને માનવ મુખાકૃતિઓનાં શિલ્પ છે. શિખરમાં પણ ચારે બાજુ ત્રણ થરમાં સુંદર ચૈત્ય કમાનો છે. અમલક અને કળશ સુધી આખું મંદિર અખંડ સ્થિતિમાં છે. મંદિરની બધી દીવાલો દોઢ ફૂટ જાડાઈની છે. સભામંડપમા દાખલ થવાનું ૬×૩ ફૂટનું દ્વાર એક જ છે. આ સિવાય જાળિયું પણ ક્યાંય ન હોવાથી ગુફામંદિર જેવું લાગે છે.

મંદિરની બહાર ચૌદમી સદીની શરૂઆતનો એક પાળિયો છે. પટાંગણમાં એક સૂર્યકુંડ હતો, એમ જાણકારો કહે છે. આ કુંડની ઉત્તર કિનારીએ અત્યારે હનુમાનજી છે. કાંપનો પ્રદેશ હોવાથી સ્થાપત્ય દબાતું જાય એ સંભવિત છે.

આ પ્રદેશમાં નાનોસરખો પથ્થર મેળવવો મુશ્કેલ છે, ત્યાં આવું ભારે, નક્કર વિશાળ મંદિર પ્રાચીન સમયમાં બંધાયું છે અને મધ્ય-કાલીન તેમજ પછીના વિધર્મીઓના વિનાશક હાથથી અને કાળના ઘસારાથી બચી જવા પામ્યું છે, એ અજાયબીની તેમજ સદ્ભાગ્યની વાત છે. સૌરાષ્ટ્રના પુરાતત્ત્વનું આ મંદિર અમોલું ધન છે. આનું વિશેષ સંશોધન થવું ઘટે છે.

મણિલાલ વોરા









અખોદર મંદિરનાં બે દર્શન: પશ્ચિમ ભારતનાં મંદિરોનું સ્થાપત્ય અને શિખરનો થતો આવતો વિકાસ સમજવામાં આ મંદિર અગત્યનું છે.

પચ્ચીસ વર્ષ પહેલાં

ચૈત્ર ૧૯૯૨ અંક ૧૪૮



ઘણી ભર સંતોષજનક આશ્ચર્ય થાય છે કે આજથી પચ્ચીસ વરસ ઉપર પણ 'કુમારે' કેવી નવવિધ દિશાઓમાં વિકાસ વિસ્તાર્યો હતો! એક બાજુ 'ધોબીપછાટ'નું રોમન શિલ્પ ને બીજી બાજુ ભારતીય પરંપરા પર મ્હોરેલી શૈલીમાં જગન્નાથ અહિવાસીનું રંગચિત્ર 'વાસંતી'; એક બાજુ કાકાસાહેબ કાલેલકરનો આર્યોનું તત્ત્વ-કાવ્ય પ્રબોધતો લેખ 'જીવનતીર્થ હરદ્વાર' ને બીજી બાજુ 'પૃથ્વીનો છેલ્લો શ્વાસ' નામનો કલ્પનાશીલ ને વાસ્તવદર્શી વૈજ્ઞાનિક હાલ્ડેઈનનો લેખ; એક તરફ 'વનેચર'ની પ્રકૃતિઅવલોકનથી સમૃદ્ધ ને કુતૂહલપ્રેરક જ્ઞાનદાયક લેખમાળા 'વનવગડાનાં વાસી' ને બીજી તરફ હરિકૃષ્ણ વ્યાસે ગુજરાતી ભાષામાં સૌ પ્રથમ યોજેલી લઘુલિપિનો પહેલો પાઠ; એક બાજુ અદૃષ્ટના આગળા ખખડાવતા, જળ જમીન ને આકાશના ખેડૂ અમેરિકન સાહસવીર ડિક બાયર્ડની જીવનરેખા, તો બીજી બાજુ મર્હૂમ પંડિત શ્રી રામ શર્માની જીવસંરાસટની શિકારકથાઓની માળાની પહેલી વાર્તા 'કાળોતરાનો સામનો'...

કવિતામાં પણ (તે વખતના શ્રમજીવી) રમણિક અરાલવાળાની પ્રતિભા ગ્રામવતનનું કેવું મધુરંગી ચિત્ર આલેખે છે:

•

કૂવાકાંઠે કમર-લળતી પાણીઆરી, રસાળાં
ક્ષેત્રે ક્ષેત્રે અનિલ લહરે ડોલતાં અન્નપૂર્ણાં;
હીંડોળંતાં હરિત તૃણ ને ખંતીલા ખેડૂતોનાં
મીઠાં ગીતો, ગભી• વડલા, શંભુનું જીર્ણ દૃહેરું;
વાગોળંતાં ધણ, ઊડી રહ્યો વાવટો વ્યોમ ગેરુ
ઓછીઓછી થતી ભગિની, લંગોટિયા બાલ્યબેરુ.

•

તો પ્રહલાદ પારેખ 'અવધૂતનું ગાન' ગાય છે:

•

એક લંગોટી, એક ઝંભોટી, હાથમાં છે એકતારો
એક હરિનું નામ છે હોઠે માનનો એક ફુવારો,
હૈયે ગાનનો એક ફુવારો.
ગાનનો ગેરુ રંગ અમારો ધરણીથી તે આભ
ઊડતો જેને લાગતો તેને ફૂટતી જાણે પાંખ–
અને એ ઊડતા સાથોસાથ.

•

વળી રમણલાલ સોનીએ બાળવાર્તા લખેલી: 'લાલો અને વાલો'—તો સુન્દરમે બાળગીત લખેલું 'ચાલો ચાલો'...

ને વિરલ પ્રતિભાને આત્મહત્યાથી અકાળે ઓલવી નાખનાર કવિ હરિશ્ચન્દ્ર ભટ્ટ ત્યારે નવોદિત કવિતાના વિભાગ 'ધ્વનિ'માં 'નેત્રવિસર્જન'નું ટૂંકું કાવ્ય મોકલે છે:

આ કાચના કણ સમાં નયનો વિલોપી
ઊજાળવા તિમિર આત્મઊંડાણ કેરુ,
ને પ્રાણની તરસ છીપવવા અમીથી
એ બિલ્વમંગળ વીંધે નયનો અરેરે!

પલવાર તો એમ થઇ આવે છે કે આ અંકને બદલે એ આખો અંક જ ફરી વાર આપી દીધો હોય તો!—પણ એવું તે કાંઈ થાય છે? એકાદ અવતરણથી જ સંતોષ લઈએ.

'જન્મભૂમિ પ્રવાસી'ની આજની રવિવારી આવૃત્તિના પ્રચ્છન્ન તંત્રી, ને તેમાં 'મુક્તાનંદ વિશ્વયાત્રી', 'પંડિત કૌશિક શર્મા', 'સોઽહમ્', 'હિમાલય' આદિ અનેક ઉપનામોથી કલમ ચલાવીને ગુજરાતના આજના સામયિક સાહિત્યને સમૃદ્ધ કરનાર તેમજ જ્ઞાનવિજ્ઞાન, રાજકારણ, ચરિત્રરેખા, સાહસકથા, પ્રવાસવર્ણનો–એમ નાનાવિધ વિષયો પર માહિતીસભર, ચોટદાર અને પ્રેરક શૈલીએ લખનાર કલમબાજ વિજયશંકર વાસુ આજથી પચ્ચીસ વર્ષ પહેલાં સૌરાષ્ટ્રના એક દેશી રાજ્યના ન્યાયાધીશની ખુરશીએ બેઠાબેઠા પણ 'કુમાર'ને પોતાના લેખનપરાગથી કેવું મહેકાવી મૂકતા તેનો નમૂનો:

“કોઈ માણસો વીરપુરુષોનાં જીવનચરિત્રોમાંથી પ્રેરણા પીને પોતાના જીવનમાં વીરત્વ પ્રગટાવે છે, પણ કેટલાકમાં તો એ પ્રેરણા કુદરતી જ હોય છે. ડિક બાયર્ડની બાબતમાં આમ જ બન્યું છે. તેણે પવન, પાણી અને જમીનનાં તોફાનોમાંથી હિંમત ને સાહસની પ્રેરણા પીધી છે અને સાહસવીર બન્યો છે. આજ સુધીનું તેનું સારું યે જીવન જીવલેણ સાહસો, જોખમો, આકરી મુસાફરીઓ અને આફતોથી વીંટાએલું છે. તેના પૂર્વજોએ સમરાંગણો સેવ્યાં હતાં, દરિયા ડોળ્યા હતા અને એશઆરામ પણ ભોગવ્યા હતા. અમેરિકન બન્યા તે પહેલાં તેમણે પોતાનાં કાંડા અને ખાંડાંના બળે રાજાઓને સર્જ્યા અને સંહાર્યા હતા. પણ સાહસવીર થવા માટે કંઈ એવા પૂર્વજોના વંશજ હોવું જોઇતું નથી. ક્રૉમવેલના પૂર્વજો ક્યાં રાજદ્વારીઓ કે લડવૈયા હતા?

કશાથી ડરવા ન સરજાએલો ડિક હજુ તો બાર વર્ષનો જ થયો ત્યાં એક જબરી હઠ લઈ બેઠો. તેને ફિલિપાઇન્સ જવું હતું. પણ અમેરિકા અને ફિલિપાઈન્સ બેટો વચ્ચે દુનિયાનો સૌથી મોટો મહાસાગર પાસિફિક ઘૂઘવે છે. તો યે, ડિકને તો જવું જ હતું અને તે ગયો.

ત્રેવીસમા દિવસની રાત હતી. આકાશમાં વાદળ ઘેરાયાં અને મહાસાગરે પોત પ્રકાશ્યું. જહાજ નાના રમકડાની જેમ તોફાનમાં ઊછળવા લાગ્યું. કપ્તાને હુકમ છોડયો: 'પાણી આવવાના અને તૂતક ઉપર જવાના બધા માર્ગ બંધ કરો!' મધ્યરાત્રિએ તોફાન પૂર જોશમાં તૂટી પડયું. ડુંગર જેવડાં મોજાં તૂતક ઉપર આવતાં હતાં. વરસાદ મૂશળધાર વરસતો હતો. ત્યાં ઝાંખા પ્રકાશમાં કપ્તાનની નજર તૂતક ઉપર પડી. 'પેલું શું છે?' તેણે બૂમ પાડી. કિશોર બાયર્ડ ત્યાં બેભાન પડયો હતો. તે ભાનમાં આવતાં કપ્તાને તેને હુકમ તોડવા માટે ધમકાવ્યો ત્યારે ભવિષ્યના આ મિડશિપમૅને જવાબ આપ્યો: 'મારે તોફાન જોવું હતું!'

'તારે આનાપોલિસ જવું છે?' વર્જિનિયાના મિલિટરી ઈન્સ્ટીટયૂટ અને વર્જિનિયા યુનિવર્સિટીના અભ્યાસક્રમ પૂરા કર્યા પછી શું કરવું તેના વિચારમાં ગૂંચવાતા ડિકને એક દિવસે તેના પિતાએ પૂછયું.

ડિકની કલ્પના સતેજ બની. આનાપોલિસ? ત્યાં જવું કોને ના ગમે? એ તો ઊંચામાં ઊંચી દરિયાઇ કેળવણીનું મથક. બાર વર્ષની વયે કરેલા પૃથ્વીપર્યટન અને ખેડેલાં સાહસની યાદ તાજી બની. તે ત્યાં ગયો ને ૧૯૦૮માં અમેરિકાના નૌકાસૈન્યમાં મિડશિપમૅન બન્યો.

ડિક બાયર્ડને જીવનમાં જે શારીરિક કષ્ટ ભોગવવું પડયું છે તે કોઈ પણ માણસને નાસિપાસ બનાવી દેવાને બસ છે. હવે તેની એ અવદશાની શરૂઆત થઇ. આનાપોલિસ તથા પ્રિન્સ્ટન વચ્ચે ગોઠવાએલી ફૂટબૉલ મૅચમાં અંતને વખતે આનાપોલિસની બાજુમાં ગાબડું દેખાયું. ડિક અસાધારણ વેગ અને ચપળતાથી ત્યાં ધસારો લઈ ગયો. હરીફ પક્ષે ત્યાં હુમલો કર્યો; પણ ડિકે ટક્કર ઝીલી. જ્યારે રસાકસીનું ક્ષેત્ર બદલાયું ત્યારે ડિક ત્યાં જ પડયો હતો. તેના ડાબા પગનાં હાડકાં તૂટી ગયાં હતાં!

પણ ડિક જેવો જવાન એવી મામૂલી આફતથી ડરી જાય? ચૅમ્પીઅન થવા તેણે એક નવો પ્રયોગ શોધી કાઢયો. મેળાવડાને આગલે દિવસે તેણે એ પ્રયોગ કરી જોયો. ઊંચે છતમાં



જળ જમીન ને આકાશનો અડગ ખેડૂ રિચાર્ડ એવેલિન બાયર્ડ

કડાં (rings)બાંધવામાં આવ્યાં હતાં. ડિક એક કડા ઉપરથી છૂટયો, વચ્ચે હવામાં બે વખત ફૂદડી ફર્યો અને બીજું કડું પકડી લીધું. કેવું આકર્ષક દશ્ય! બીજી વખત તે કડા ઉપરથી છૂટયો; હવામાં બે વખત ફૂદડી ફર્યો; પણ બીજું કડું પકડતાં હાથ છૂટી ગયા! બધાના શ્વાસ થંભી ગયા. ઊંચી છત ઉપરથી ડિક નીચે પટકાઇ પડ્યો. એ જ ડાબો પગ ફરી પાછો ભાંગી ગયો!

પરીક્ષાના એ દિવસો હતા. બધાની મનાઈ છતાં પણ તેણે સૂતાંસૂતાં દિવસ ને રાત તૈયારી કરી અને ૧૯૧૨માં અમેરિકાના પ્રેસિડન્ટને હાથે ડીપ્લોમા મેળવ્યું.

અણીને વખતે બાયર્ડની બુદ્ધિ બહુ સતેજ બની જાય છે અને જરાપણ ગૂંચવાયા વિના સ્થિર મન રાખીને સારો માર્ગ તરત શોધી કાઢે છે. એક જ દાખલો જોઈએ. એક સવારે તે પોતાના જહાજ 'ડેલાવેર'ના તૂતક ઉપર રવેશ પાસે ઊભો હતો ત્યાં અચાનક એક માણસ દરિયામાં પડી ગયો. ખલાસીઓએ ગભરાટથી બૂમાબૂમ કરી નાખી, પણ બાયર્ડ ન ગૂંચવાયો. અચાનક આકાશમાંથી વીજળી પડે તેમ બાયર્ડનું પાતળું શરીર ખલાસીઓએ હવામાં સરતું દીઠું! વ્હેલની જેમ ડૂબકી મારીને ડિક ડૂબતા માણસ પાસે જઇ પહોંચ્યો ને તેને મોતમાંથી ઉગારી લીધો. આ રીતે તો તેણે ત્રણ વાર ડૂબતા માણસોના જીવ બચાવી સરકાર તરફથી 'કૉંગ્રેસનલ લાઇફ સેવિંગ મેડલ' મેળવેલો.

એવામાં પાછી તેના પગ ઉપર કમનસીબની કરડી નજર થઇ. પગમાં વારંવાર અસહ્ય દુખાવો થઇ આવતો હોય એવી હાલતમાં પણ બાયર્ડ અમેરિકાના કાફલામાં પોતાની ફરજ બરાબર બજાવતો. પણ એક દિવસે અચાનક દરિયામાં ભારે તોફાનમાં તેનું જહાજ બહુ ડોલતું હતું. એમાં નિસરણી ઉપરથી તે પડી ગયો ને પાછો એ જ પગ ભાંગ્યો! કેવી અસહ્ય પીડા થઈ હશે એને? પણ તેથી યે વધુ દુઃખ તો તેને દાક્તરોના દબાણથી દરિયાઈ ધંધો છોડવો પડ્યો ત્યારે થયું.

આમ સ્વદેશનો વફાદાર સેવક બાયર્ડ પેન્શન પર ગયો. પણ સાહસ અને જોખમ ખેડવાને જ જન્મેલા એ બહાદુર પુરુષને એવું નિવૃત્ત જીવન કેમ ગમે? એટલે જ જ્યારે વિશ્વવિગ્રહમાં અમેરિકા જોડાયું ત્યારે સાહસપ્રેમી બાયર્ડ સાહસ ખેડવા તલપી રહ્યો.

'પગને ઈજા થવાથી દરિયાઈ કામમાં હું ભલે ઊભો ન રહી શકું; પણ ઊડવું હોય તો? ત્યાં તો બેઠેબેઠે જ બધું કરવાનું હોય છે ને?' બાયર્ડે નવો રસ્તો કાઢ્યો. ઊડવાની શોધે તો સાહસની દુનિયામાં નવી દિશા ઉઘાડી છે; અને ઊડવાનાં સાહસ પાસે જમીન અને પાણીનાં સાહસ કંઇ હિસાબમાં જ નથી. બાયર્ડની મહત્ત્વાકાંક્ષા તેની પહેલાં આકાશમાં ઊડવા લાગી. પણ દાક્તરો ને સત્તાવાળાઓ રજા નહોતા આપતા. બહુ આજીજી પછી તેને ફ્લૉરિડામાં એ શિક્ષણ માટે મોકલવામાં આવ્યો.

અભ્યાસ પૂરો કર્યા પછી બાયર્ડે એરોપ્લેનના ઉડ્ડયનનાં જે સાહસો કર્યાં તેની વિગતો અહીં નહિ આપીએ. દરમિયાન તેણે લગ્ન કર્યું. પણ સંસારી આકર્ષણો કરતાં યે ઉત્તરધ્રુવના અણશોધ્યા અને અણજોયા વિશાળ હિમપ્રદેશો તેને વધારે જોરથી બોલાવી રહ્યા હતા. તેણે એ સાદ સાંભળ્યો ને તેની જિંદગીનું નવું પ્રકરણ શરૂ થયું.

સેંકડો દેશપ્રેમી સાહસવીરોના કરુણ વિનાશથી અંકિત બનેલા આ ધ્રુવપ્રદેશો સૈકાઓ થયાં સાહસિક મનુષ્યોને પોતાને આંગણે નિમંત્રી રહ્યા છે. કેટલા યે હોંશભર્યા જુવાનો સુખવૈભવને તરછોડી, જિંદગીનો મોહ છોડી માત્ર પોતાના દેશને યશ અપાવવા, સાહસની દુનિયામાં પોતાના દેશને અમર કરવા, સ્વદેશ ને સ્વજનોની હૂંફ છોડી ધ્રુવપ્રદેશની અસહ્ય ઠંડીમાં ક્રૂર બરફ નીચે સદા માટે અદશ્ય થયા છે. હડસન અને ફ્રૅંકલિન, ક્રોઝિયર ને બેલોટ, ઍન્ડ્રી અને આમુંડસન જેવા અનેક સાહસવીરો એ હિમરેખા (arctic circle)માં બરફની વિશાળ દીવાલો પાછળ ગયા છે અને સ્વદેશ તથા સ્વજનોની હૂંફમાં બેસવા કદી પાછા ફરી શક્યા નથી. જેમ્સ રૉસ, કૅપ્ટન પીઅરી, મૅક ક્યૂવર, મૅક ફ્લિન્ટૉક, નાન્સેન અને જનરલ નોબાઈલ જેવા નરવીરોએ એ પ્રદેશ ખેડ્યો છે. ડિક બાયર્ડને એ અસામાન્ય પ્રદેશો આકાશમાર્ગે જોવાના કોડ જાગ્યા.

૧૯૨૫ના જૂનની ૨૦મી તારીખે બાયર્ડ આગબોટ 'પીઅરી'માં પોતાના રસાલા સાથે હંકારી ગયા. સાથે ત્રણ વિમાનો હતાં. કેટલી મુશ્કેલીઓ વેઠ્યા પછી તેઓ ઑગસ્ટની પહેલી તારીખે ગ્રીનલૅન્ડની ઉત્તરે ઇટાહ પહોંચ્યા. બીજી સવારે તેઓ વિમાન ઉડાડવાની તૈયારી કરવા લગ્યા.

બરફનાં મેદાનો, બરફના જ ડુંગરો અને ખડકો તથા થીજી ગએલા સમુદ્રો ઉપરથી વિમાન ઊડતું ગયું. ત્યાં અચાનક તેલની ટાંકીમાં ખાડો જણાયો. આવી જગ્યાએ ઊતરવું પડે તો વિમાન અને વિમાનીઓનો નાશ જ થાય ને? પણ બાયર્ડનો સાથી ફ્લૉઈડ બેનેટ હિમતમાં સેતાનના સગા ભાઇ જેવો હતો, અને ઊડવામાં શકરા જેવો હતો. ઠંડો પવન સુસ

વાટા મારતો હતો. ધ્રુવપ્રદેશોમાં બરફ કરતાં યે પવન વધારે ઠંડો હોય છે. તેનો એક જ સપાટો મોત ઉપજાવવા માટે બસ હોય છે. છતાં એવા પવનમાં પણ બિનેટ વિમાનની પાંખ ઉપર ચડયો અને એ ખોટકો સુધારી આવ્યો!

પંદર દિવસમાં તો ઠંડા પવનના સુસવાટા ઉપર સવાર થઇને શિયાળો આવી પહોંચ્યો અને ઉનાળાને હાંકી કાઢયો. સમુદ્રનું બરફમાં રૂપાંતર થવા લાગ્યું. પક્ષીઓના ટોળેટોળાં દક્ષિણ તરફ ભાગવા લાગ્યાં; જનાવરો અદશ્ય થઇ ગયાં; જ્યાં પક્ષીઓનો ભારે ઘોઘાટ મચી રહ્યો હતો ત્યાં અપૂર્વ શાન્તિ પથરાઈ ગઈ. શિયાળાની વહેલી શરૂઆતે બાયર્ડની યોજના ધૂળમાં મેળવી અને તે પાછો ફર્યો. પંદર દિવસમાં ૬૦૦૦ માઈલ તેઓ ઊડયા હતા.

બીજે વર્ષે તેણે પાછી તૈયારી કરી. એ સમે મહાન નૉર્વેજિયન વિમાની આમુંડસન પણ હવાઇ જહાજમાં બેસી ધ્રુવ તરફ જવા મથતો હતો. તે આગળ નીકળી જાય તો? આમ ન બનવા પામે તે માટે વિમાન 'જોસેફાઇન ફ્રોર્ટ'ને તરાપા ઉપર મૂકી કાંઠે લાવવા લાગ્યા. વખત કટોકટીનો હતો, કારણકે પવન કે પ્રવાહમાં તે આવી જાય તો બધી યોજના ધૂળમાં મળે. બધાના શ્વાસ ઊંચા હતા. વિમાન કાંઠે આવ્યું. ઍરોડ્રોમ તૈયાર કરી જેવા તેઓ ઊડવા ગયા કે પોચી જગ્યા આવવાથી વિમાન જોખમાઈ ગયું. તેઓએ રાત જાગીને ઉતાવળે ઉતાવળે કામ કર્યું અને બીજી સવારે ઊડી ગયા. આખી રાત તેમણે સૂર્યના પ્રકાશમાં સફર કરી અને બીજે દિવસે સવારે ધ્રુવ પર આવી પહોંચ્યા

પણ પાછા વળતાં જ પવનનું તોફાન ચાલુ થયું. તેલ ઝમવા લાગ્યું ને સેક્સટન્ટ ભાંગી ગયું. નીચે ઊતરવું એ મોતને આમંત્રવા જેવું હતું. તેના જ શબ્દોમાં કહીએ તો, કુદરત તેમની સામે અટ્ટહાસ્ય કરતી હતી. ત્યાંથી દેખાતા દસ હજાર માઈલના ઉજ્જડ બરફસ્તાન ઉપર બે નાના તુચ્છ અને નાશવંત મનુષ્યો એક નાનકડા વિમાનમાં ઊડતા હતા.

પણ પોતાના પુરોગામી ઍન્ડ્રી કે અનુગામી નોબાઈલના હાલહવાલ ભોગવ્યા વિના બાયર્ડ પાછો પોતાને મથકે પહોંચી શકયો. આખી દુનિયાને બીનતારી સંદેશા પહોંચી ગયા કે કમાન્ડર બાયર્ડે આકાશમાર્ગે ઉત્તર ધ્રુવ શોધી કાઢયો છે. આખી દુનિયામાંથી મુબારકબાદીના સંદેશાનો વરસાદ વરસ્યો. 'ચીઅરી'નો વાયરલેસ ઑપરેટર પણ જવાબ આપી-આપીને થાકી ગયો; પણ બાયર્ડે બે રાત સુધી જાગીને તેમને જવાબ આપ્યા.

૧૯૨૬ના જૂનની ૨૨મી તારીખે સવાર ન્યૂયૉર્કના બંદરે માનવ-સમુદાય ઊલટયો હતો. બે સ્નેહાળ આંખો બાયર્ડને શોધતી હતી અને બાયર્ડની આંખો તેને શોધતી હતી. અજિત ધ્રુવ ઉપર વિજય મેળવીને આવેલા પોતાના પ્યારા પુત્રને એ માયાળુ માતા જ્યારે મળી હશે ત્યારે કેવું દશ્ય થયું હશે તે તમે કલ્પી શકો છો? દેશના સાચા સપુતનું અમેરિકન પ્રજાએ ભવ્ય સ્વાગત કર્યું. તેને જોવા ન્યૂયૉર્કની આકાશ સાથે વાતો કરતી આલેશાન ઇમારતોમાંથી અનેક આંખો ટગમગતી હતી; આકાશમાં ઊડતાં વિમાનોમાંથી પુષ્પવૃષ્ટિ થતી હતી; અને તેને આવકાર આપતા અવાજો છેક આકાશમાં સંભળાઈ રહ્યા હતા! પ્રેસિડેન્ટ કૂલિજે તેને નૅશનલ જ્યૉગ્રાફિકલ સોસાએટીનો હબ્બાર્ડ મેડલ આપ્યો.

સાહસ ને સફરનો સ્વાદ એક વાર ચાખ્યા પછી બાયર્ડને નવરા બેસી રહેવું ગમ્યું નહિ. ઉત્તર ધ્રુવ ઉપર વિજય મેળવ્યો, પણ હજી આટલાન્ટિક ઓળંગવો બાકી જ હતો. તેણે એક દિવસ એક અમેરિકન કરોડાધિપતિને કહ્યું, 'આટલાન્ટિકને આકાશ માર્ગે ઓળંગવા હું આજ બાર બાર વર્ષ થયાં પ્રયાસ કરી રહ્યો છું.'

'કમાન્ડર,' એ શ્રીમંત રૅાડમૅન વાનામેકરે જવાબ આપ્યો : 'આપણે વહેલા મળ્યા હોત તો ઠીક થાત. હું તો એથી યે લાંબો વખત થયાં એવા કોઈ યોગ્ય સાહસિક માણસને મદદ કરવા શોધી રહ્યો છું.'

કેવો અકસ્માત! તરત ફૉકર કંપનીને એક ઍરોપ્લેન બનાવવાનો હુકમ અપાઈ ગયો. મહાન અમેરિકન વિમાની લિંડબર્ગ પણ આટલાંટિક ઓળંગવા તૈયારી કરતો હતો. જો બાયર્ડ ઉતાવળ ન કરે તો લિંડબર્ગ એ માન ખાટી જાય. વિમાન તૈયાર થયું. પણ તે આગલા ભાગમાં ભારે હોવાથી જ્યારે બાયર્ડ, ફૉકર, નોવાઇલ અને બિનેટ અખતરા માટે ઊડીને નીચે ઊતરતા હતા ત્યારે તે જમીન ઉપર પટકાઇ પડયું. ફૉકર ઊડી પડયો, બિનેટ ચગદાઇ ગયો, અને બાયર્ડ તથા નોવાઈલ 'ફ્યૂઝલેજ'માં ભીંસાઈ ગયા! આવા અકસ્માતોમાં ઘણીવાર આગ સળગી ઊઠે છે ને 'ફ્યૂઝલેજ'માં ભીંસાઇ ગએલા માણસો તેમાં બળી મરે છે. પણ બિનેટની સમયસૂચકતાને લીધે આગ ન લાગી.

હવે લિંડબર્ગની આગળ થવું અશક્ય હતું. બાયર્ડે દિલાવરીથી પોતાનાં સાધનો તેને આપી દીધાં. લિંડબર્ગ કયાંય ઊતર્યા વિના આટલાન્ટિક ઓળંગી પારીસ પહોંચી ગયો. બાયર્ડની બધી આશાઓ તો તેના વિમાન સાથે જ ભાંગી ગઈ હતી. લિંડબર્ગના વિજયના સમાચાર આપતા અનેક મિત્રોએ બાયર્ડને ઠપકાથી નવાજ્યો; પણ તેણે કહ્યું, 'મારે મન તો એ બહુ આનંદજનક સમાચાર છે. હું તેનો અને તેના આશ્ચર્યજનક વિજયનો જ વિચાર કરું છું.'

'તમે કેમ પ્રયાસ નથી કરતા?' રૂઝવેલ્ટે પૂછયું.

'કારણ કે એ દિશામાં હું જે કંઇ કરું તે હવે લિંડબર્ગની કીર્તિને ઓછી કરે.' ઉદાર બાયર્ડે જવાબ આપ્યો.

પણ ૧૯૨૭ના જૂનની ૨૯મીની સવારે 'અમેરિકા' નામના વિમાનમાં બેસીને, તે વૈજ્ઞાનિક સફરે નીકળી પડયો.

ત્રણ એન્જિન ઘુઘવાટી કરતાં હતાં અને રસ્તો ઝડપથી કપાતો જતો હતો.

'અમેરિકા' ધુમ્મસ અને વાદળમાં અદશ્ય થઇ ગયું. તેના સમાચાર દુનિયાને હજી મળ્યા ન હતા. અનેક માણસો ચિંતાથી ફડફડતાં હતાં. આટલાન્ટિકમાં કોઈ આગબોટે 'અમેરિકા'-ને જોયું ન હતું. લોકો તેના સમાચારની કાગને ડોળે રાહ જોતાં હતાં. દિવસ એમ ને એમ વીતી ગયો. રાત પડી અને પારીસ ઉપર વાદળ ઘેરાયાં ને વરસાદ વરસવા લાગ્યો. બધે ઘોર અંધારું છવાયું હતું. અચાનક આકાશમાંથી ઘુઘવાટી સંભળાઇ. એ કાળા અંધકારમાં 'અમેરિકા' ઘૂમવા લાગ્યું. પાછળથી મહાન ફ્રેન્ચ વિમાની કૉસ્ટેએ તેને કહેલું: 'અમે એ ઘુઘવાટી સાંભળી અને તમારી નિરાધારતા માટે અમને ચિંતા થવા લાગી.'

'અમેરિકા' પારીસ ઉપર ચક્કાવા મારવા લાગ્યું. અંધારામાં ઊતરવું એ મોતના મુખમાં પેસવા જેવું હતું. વિમાન નીચે આવીઆવીને પાછું ઊંચે ચડી જતું. અંધારામાં કયાં ઊતરે? ઊતરે તો ૯૯ ટકા મોત જ! એક વખત ફરીથી તેણે ગુલાંટ ખાધી, ત્યાં એક દીવાદાંડી નજરે પડી. બાયર્ડે ધાર્યું કે પાસે પાણી હોવું જોઈએ. તેણે 'ફ્લેર'થી ખાતરી કરી જોઈ. 'એલીવેટર્સ' નીચા નમ્યા ને 'અમેરિકા' ઝડપ ઓછી કરીને નીચે ઊતરવા લાગ્યું.

છરૂ...રૂ...રૂ...રૂ પંખા પાણી કાપવા લાગ્યા; પણ આંખ ઊઘડે એટલી વારમાં તો ધ...રૂ...રૂ...રૂ...રૂના ભયંકર અવાજે કાદવું વિમાન પાણીમાં ઊતરી ગયું! થોડીક ક્ષણ તેમની બુદ્ધિ બહેરમારી ગઇ. ભાનમાં આવતાં જ તેઓ તરવા લાગ્યા અને કાંઠે આવ્યા. ઉજાગરા, થાક ને ૪૮ કલાકની ભયંકર ઘુઘવાટીથી તેઓ મરણતોલ થઈ ગયા હતા. પણ બાયર્ડે તો વર્ષો થયાં પોતે સેવેલા સ્વપ્નની મળેલી સિદ્ધિ પર સુસ્તાક થયો. ધીરજ અને ખંત શું નથી કરી શકતાં?"

અનુસંધાન] રંગગઠરિયાં [પૃષ્ઠ ૧૨૩થી

માંનાં છરીકાંટા કશું ન કરે; તાસકમાં વટાણાને ચકરડી ભમરડી રમાડે; અને એક વાર તો વટાણાએ હવામાં પણ કુદાકડી ખાધી, અને ઊડી જઈ પડયા આઘે! કોકે ખીખી પણ કર્યું. મારે કપાળે તો પરસેવાનાં ટીપાં. આખરે ન રહેવાતાં, એ ભલા પોલીસના વડાને, મારે ટેલીફોન કરવો છે તેમાં એની જરૂર છે એવું બહાનું કાઢી, બહાર લઈ ગયો અને ત્યાં પૂછ્યું ત્યારે શાંતિ વળી.

પોલીસના વડાએ કહ્યું કે ફાંસીને લાકડે ચડાવવામાં આવ્યો તે તો કોઇ બીજો જ માણસ, અલફાઉ; જેને ફાંસી આપવાની હતી એવા કોઇને લાન્દ્રૂના જેવાં કપડાં પહેરાવી લટકાવી દીધેલો. મોઢે તો હોય કાયદો. જે દિવસે ફાંસી આપવાની હતી એના કેટલાક દિવસ પહેલાં લાન્દ્રૂ તો અહીં આ શહેરમાં આવીને વસી પણ ગયા હતા.

'પણ...પણ...કંઇ કારણ?'

'કારણ? રાજકારણ! ત્યારના સંજોગોમાં ફ્રાન્સના સત્તાધીશો પોતાની પ્રજાનું ધ્યાન બીજે ક્યાંક દોરાએલું રાખી અમુક મતલબ સાધવા માગતા હતા. ફ્રેન્ચ સરકારે એને જાણી જોઈને જ આવા વિચિત્ર ક્રૂર કિસ્સામાં ભાગ લેતો ચીતરવાનો તાગડો રચ્યો હતો. આખરે પોતાની નેમ સધાઈ રહેતાં, એને સારું જેવું વર્ષાસન બાંધી આપી ફ્રાન્સમાં કદી પગ નહિ મૂકવાની શરતે અહીં રહેવાની સગવડ કરી આપી. ચાલો, હવે જમો: પણ કૃપા કરી આ વાત તમારા મનમાં જ રાખજો; હમણાં તો કોઇને પણ કહેતા નહિ.

અમે જમણના ટેબલ પર પાછા આવ્યા. મેં લાન્દ્રૂની સામે જોયું. ખરેખર, એક ઘાતકી ક્રૂર દેખાતો ચહેરો હવે કેટલો ઠાવકો સ્વસ્થ અને દયાળુ દેખાવા માંડયો! મન મર્કટ પણ કેવી ગજબની ભ્રમણાઓ ઊભી કરી એને સાચી મનાવવા જિકર કરે છે! આજ ત્રીસ વર્ષ થયાં. હવે એ હકીકત હું મારાં સંસ્મરણોમાં લખવાનો છું. મેં ફરીફરી વાર એની સામે જોયું, પણ ક્યાંય એના મોં ઉપર ભયંકર રેખાઓ જણાઈ નહિ. ત્યારે મોટરમાં હું સો કિલો ઉપર ઝડપ વધારું છું ત્યારે મારી પરણેતરની આંખમાંના રોષ આગળ આ તો કંઈ હિસાબમાં નહિ.

માનશો? એક દિવસ, ત્યાર બાદ, હું પારી(સ)ના લોખંડ બજારમાં ભટકતો હતો ત્યારે એક દુકાનમાં કબર ઉપર ગોઠવવાની એક કટાએલી તકતી ઉપર મારી નજર પડી. એના ઉપર ફ્રેન્ચમાં કોતરેલું હતું, 'પ્રણય-કિસ્સાઓ કરતાં જિંદગી જોખમમાં મૂકી ગુમાવનાર એ આ લાન્દ્રૂ!' દુકાનદારને પૂછગાછ કરી તો કહે કે કોઇએ આ તકતી બનાવવા ઑર્ડર આપ્યો હતો. પણ આ મરનારની કબર ક્યાં છે એની એને ખબર જ પડી નહિ એટલે આ પડી રહી છે! ફ્રાન્સમાં તો એની કબર શાની હોય? કહો સિન્યોર સી. સી., ઇતિહાસ, હકીકત, મૂળ કથા, સત્ય-અસત્ય, શાના આધાર ઉપર નાટકનો વિસ્તાર કરશો? ધારો કે તમારે આ કિસ્સા ઉપરથી નાટક રચવું હોય તો?'

મેં જવાબ આપ્યો, 'નાટક તો સરસ થાય, રૂંવેરૂંવાં ઊભાં કરી શકાય એવો. ખૂનોની પરંપરા, અદાલતી તપાસ, અને છેવટે ફાંસી, ઉપસંહારમાં એનો સંહાર નહિ. એને નસાડનાર રાજકીય પુરુષ અને એની વચ્ચેનો સંવાદ, આખરી સોદો ને ખરી હકીકતનો સ્ફોટ.'

'તો તો લોકનાં ખડાં થએલા રૂંવાડાં પાછાં બેસી જાય.'

'બરાબર! તો જ અમારા ભરતના શાસ્ત્ર પ્રમાણે નાટકનો અંત સુખી આવે કની?' મારું મન તો મલકમલક થયા કરે, એમ જાણી, કે જીવડો કેવો બચી ગયો! આખી ઘટના જ માયાજાળ, અને માયાજાળનો જ નાટક; જાણે સ્વપ્નામાં સ્વપનું.

'શું કહું તમારા ભરતના શાસ્ત્રને! લ્યો પકડો તમારો ગ્લાસ અને ખખડાવો આ બીઅર. ભરતમુનિ તમારા ઘણું જીવે.'

તાજેતરમાં પુસ્તકો વાંચવાના શોખીન મારા એક દોસ્ત ઇન્દુભાઇ અમીનને ત્યાં ચોપડાં ખંખોળતાં એક પુસ્તક હાથ આવ્યું: 'ગ્રેટેસ્ટ ક્રાઇમ સ્ટોરીઝ, વૉલ્યુમ ૧–પુરુષો: ગુના સંબંધી સરસ સાચી વાર્તાઓ. લેખક પામેલા સર્ચ.' એમાં બારમી વાત છે હેન્રી લાન્દ્રૂ. એનો લેખક ફ્રાન્સનો એક પોલીસ અધિકારી જ્યોં બેલિની. એમાં આ કિસ્સો છે. ઈ. ૧૯૧૫માં હેન્રીનો પહેલો ગુનો, એકનું ખૂન. એ પછી ખૂનોની પરંપરા. એક બાઇ માદામ ગુલિનનું ખૂન થએલું તે કેસ દરમ્યાન જીવતી હોવાનું જાહેર થયું. સરકારે કહ્યું કે એ તો ભળતા નામની બાઇ. બીજી એક બાઇએ કહ્યું કે ભલે એણે મારી સાથે છેતરપિંડી કરી, પણ એ ગુનેગાર તો નથી જ. આવીઆવી નગણી કડીઓ જાણવા મળે છે. પોલીસના વડા આ બેલિનીને બીચારાને ફ્રાન્સના રાજદ્વારી પુરુષોની રાજરમતનો ખયાલ નહિ, એટલે લાન્દ્રૂને એ તો ગુનેગાર જ ગણે છે. પણ ઉપલી વાત જાણ્યા પછી લાન્દ્રૂના ઊલટ તપાસમના જવાબો વગેરે જોતાં, ક્યાંક કડી ઢીલી લાગે છે. અને ઑકની હકીકત 'ટૉપ સીક્રેટ' હોઈ અક્ષરશઃ ખરી લાગે છે.

આવીઆવી તો કંઈ અલકમલકની વાતો કરી અમે જમ્યા પછી રસરંગીલું, મલાઇ ભરપૂર પીચફળાચ્છાદિત આઇસક્રીમ ખાઇ ઓપેરા જોવા ગયા. હા, ઓપેરાની ભોમકા તો ઇટાલી જ. એમાં વળી લા સ્કાલા થીએટરમાં ઓપેરા જોવી સાંભળવી, એની તો આપણે મિલાન જઈશું ત્યારે મોજ માણીશું, પણ આપણે આ ઍલીઅન વેટાચની જ વાત પૂરી કરીએ. જુઓ તો ઋણાનુબંધ! મે ૧૯૫૯માં અમે મળ્યા રોમમાં ફર્યા, એક હોટેલમાં સાથે રહ્યા; નાટક-ઓપેરા-ટેલિવિઝન જોયાં. આગલા માર્ચમાં જ એની તબિયત તો બગડી હતી, પણ ત્યારે જરા ઠીક લાગતી હતી. પરંતુ જિંદગીનો શો ભરોસો?

બીજે દિવસે મારે રોમથી 'લુફ્ટ હંઝા' જર્મન લાઈનમાં ડ્યુસેલડોર્ફ જવું, રોમ છોડવું. હોટેલથી ટૅક્સીમાં મારી સાથે તે એર ટર્મિનર આવ્યા, મળ્યાભેટ્યા; બસ ઊપડતા છૂટા પડયા; ઊમળકાથી ઊભરાતે હૈયે અમે વિદાય લીધી. એક વાગ્યે રોમથી ઊપડી આલ્પ્સ ઓળંગતા આખે રસ્તે ઍકની વાતો જ મગજમાં ઘોળાયા કરે. અને...

અને...૧૫મી જુલાઇએ......ત્યારે હું ક્યાં હતો?—હૉલૅન્ડમાં, આમ્સ્ટર્ડામમાં ફેસ્ટીવલનાં નાટકો જોતો હતો. ત્યારે રોજ સવારે શહેરના ચોકમાં બેઠેલી બાઈ પાસેથી જે અંગ્રેજી છાપાં મળે તે લેતો. લંડનનું 'ટાઇમ્સ' તો યુરોપના લગભગ બધાં જ શહેરોમાં મળે. એમ પહેલું 'ટાઇમ્સ' લીધું, ને ઊભાઊભા પાનાં ફેરવતો હતો કે અગિયારમે પાને ઍકની છબી! ખાસ્સું મોટું કૉલમ. મથાળે 'ડૅથ ઑફ એ કૉમિક જીનિયસ, કિંગ ઑવ ક્લાઉન્સ!'...નજીકના સ્ટૂલ ઉપર બાઇને પડખે બેસી જ પડ્યો! દિલગીર થઈ હૉલૅન્ડની ભૂમિ ઉપર બે આંસુ ટપકાવ્યાં. પેલી બાઇએ જોયાં. એ પૂછે તે પહેલાં મેં એને છાપામાંની છબી બતાવી, ઉપરની મરણનોંધ (ઑબિચ્યુઅરી) બતાવી. એ તરત ઊભી થઇને ડચ છાપા ખંખોળવા મંડી, અને એમાંની એ જ હકીકત વાંચી એ પણ રડી. અને અંગ્રેજીમાં બોલી, 'બહુ મહાન, બહુ મોટા એ ઍક. મેં ઘણીવાર એના ખેલ જોયા હતા. આહીંના સીરો થીએટરમાં એણે આમ્સ્ટર્ડામની પ્રજાને દંગ કરી દીધી હતી.'

પંદરમી જુલાઈના 'ટાઇમ્સ'નું એ અગિયારમું પાનું, ઍકની છબી અને મૃત્યુનોંધ સાથેનું, હજી મારી પાસે છે. ૧૫મી જુલાઇ ૧૯૫૯ને દિવસે જ મારે આમ્સ્ટર્ડામના એ સીરો થીએટરમા સ્ટેનનાં નૃત્યો જોવા જવાનું હતુ એ પણ એક દૃષ્ટાંત છે. ૧૦મી જાન્યુઆરી ૧૮૮૦માં જન્મી એણે બરાબર ૮૦ વર્ષ પૂરાં ન કર્યાં. 'ટાઇમ્સે' એને ભાવભર્યા શબ્દોમાં અંજલિ આપી હતી એ વારંવાર વાંચ્યા જ કરી. હજી કોઇક વાર એ પાનિયું હાથ આવતાં પહેલેથી છેલ્લે સુધી વાંચી જાઉં છું (ચાલુ)




• શાર્દૂલ વિક્રીડિત •

ગ્રીષ્મે યે વનમાં ન લૂ વરસતી, ઠંડી રહે છે હવા,
કાં કે વૃક્ષ દરેક તાપ સહતાં છાયા ધરે છે સદા.
જ્યાં સૌજન્યભર્યો દરેક જનનો આચાર, ત્યાં શાન્તિમાં
સાધે ઉન્નતિ એ સમાજ, નહિ એ એકાદના યત્નમાં.

પારાશર્ય

ગુજરાતના એક મૂક સેવક સ્વ. શંકરલાલ દ્વારકાદાસ પરીખ


આ સક્રાન્તિકાળમા દેશને જો મોટામાં મોટી ખોઈ જરૂર હોય તો તે પડદા પાછળ રહીને સંગાન ને સન્નિષ્ઠ કાય કરનારા નિર્વ્યાજ લોકસેવકોની. એ દિશામાં ગાંધીજીની પરંપરાને ઉજ્જ્વલતાથી સાચવી રાખનાર સ્વ. નરહરિભાઈ પરીખના જેવું જ મહત્ત્વનું પણ શાન્ત કામ કરી જનાર, એમના મોટા ભાઈ સ્વ. શ્રી શંકરલાલ દ્વારકાદાસ પરીખનું ગઈ તા. ૧૨મી માર્ચે બે જ દિવસની ટૂંકી માંદગી બાદ રાત્રે સવા આઠ વાગે પોણોસો વર્ષની વયે દુઃખ નિધન થયુ. એ અવસાનથી માત્ર ખેડા જિલ્લાને જ નહિ પણ આખા ગુજરાતને જૂની પેઢીના એક સનિષ્ઠ લોકસેવકની ખોટ પડી છે. (બંને ભાઈઓની છબિ પાછલા પાને)

ઈ. ૧૮૮૬ની ૪થી જૂને ખડાયતા જ્ઞાતિમા એમનો જન્મ થયો હતો. અભ્યાસ પછી યુવાન વયે તેઓ અમદાવાદ મેટલ ફેક્ટરીમા જોડાએલા, પણ ક્ષય લાગુ પડતાં અમદાવાદ છોડી કઠલાલમાં વાસ કર્યો, અને એ આપત્તિને પોતાનું જીવનધ્યેય નક્કી કરવામાં એમણે સુપેરે યોજી દીધી. અન્યથા કોઈપણ ક્ષેત્રમાં ઝળકી ઊઠે એવી શક્તિઓ ધરાવનાર શંકરલાલભાઈએ કઠલાલમાંની પોતાની ક્ષેત્રબદ્ધતાને એ જિલ્લાની જનતાની સેવામાં પલટાવી નાખી અને ત્યાર પછીનું સમસ્ત જીવન કઠલાલ તેમજ ખેડા જિલ્લાના ઝીણાંમોટાં અનેક લોકકાર્યો સાથે સાંકળી લીધું; અને એટલે જ કદાચ તેમનુ નામ જાહેરાતના પ્રકાશમાં ઝળકતું જોવા મળ્યુ નથી. પણ ઈ. ૧૯૨૫ થા ૧૯૩૦ અને તે પછી ૧૯૪૭ સુધીના ગાળામાં ગુજરાતના સામાજિક અને રાજકીય જીવનમા એક મૂક અને સત્યનિષ્ઠ કાર્યકર તરીકે તેઓ હમેશાં સુકાન પર રહ્યા હતા. ગાંધીજીએ ખેડા સત્યાગ્રહનો આરંભ એમનાથી જ કરેલો. નાગપુરના ઝંડા સત્યાગ્રહમાં પણ એમણે ભાગ લીધેલો. કોંગ્રેસની તાલુકાથી તે પ્રાંતિક સમિતિ સુધીની બધી સંસ્થાઓમા તથા જિલ્લા લોકલ બોર્ડમાં પરિશ્રમ અને પ્રામાણિકપણે આપેલી સેવાઓ ઉપરાંત ખાદીપ્રવૃત્તિ, રેલસંકટ વગેરેમાં પણ તેમનો અવિરત અને સંગીન ફાળો રહેલો હતો. જિલ્લાના પ્રતિષ્ઠિત નાગરિક તરીકે બ્રિટિશ રાજ્ય અમલ દરમ્યાન ઑનરરી સેકંડ ક્લાસ મૅજિસ્ટ્રેટ તરીકે તેમણે કામ કરેલું. 'ખેડાની લડત'ને બીજાં કેટલાંક પુસ્તકો પણ એમણે લખ્યાં છે.

એમની કાર્યક્ષમ શક્તિ, કુશાગ્ર બુદ્ધિ અને પ્રત્યેક કાર્યના મૂળ સુધી ઝીણવટથી પહોંચીને તેને સાંગોપાંગ પાર પાડવાની ચીવટ તથા ખંત એમને કોઈ પણ ક્ષેત્રમા આગેવાનીનો યશ અપાવત; છતા તેમણે ભારે મહત્ત્વાકાંક્ષાઓ રાખ્યા વિના કઠલાલમાં જ પોતાનું સ્થાન જમાવ્યું અને જીવનના પાછલા ભાગમા શિક્ષણસંસ્થાઓ સ્થાપી તેમને ખીલવવાની સાધના કરી હતી. પૂરા ૪૦ વર્ષની એમની એ જીવનસાધનાથી કઠલાલ વિસ્તારની અને ખેડા જિલ્લાની ઘણી કીમતી સેવા થઈ છે. કઠલાલ-અમદાવાદને જોડતો માર્ગ એમની મહેનતનું જ પરિણામ છે અને હવે એ એમની એક ચિરંજીવ સ્મૃતિ બની રહેશે.

પ્રસિદ્ધિથી સદા દૂર રહેનારા હોઈ આજે ઘણા એમને કદાચ જાણતા પણ નથી, છતાં દેશસેવા અને સ્વાધીનતાના ઇતિહાસ સર્જવામા એમણે જે મૂગી સેવાઓ આપી છે એની યાદ તો ચિરંજીવ રહેશે જ.

આપણાં જીવજંતુ-૩૨



કાંશિયા

કાંશિયાનું નામ કદાચ અપરિચિત લાગશે, પણ ચોમાસામાં કોઈ જીવડું શરીર પર ફરી જવાથી ચામડી પર ફોલ્લા પડ્યાનો અનુભવ તો ઘણાને જાણીતો હશે. એ જીવડાને બ્લિસ્ટર બીટલ તરીકે ઘણા ઓળખે છે. એનું દેશી નામ કાંશિયો. માકડી કે માકડીકૂકડી તરીકે પણ તે ઓળખાય છે.

કદ આશરે એકાદ ઈંચ લાંબું, એના પ્રમાણમાં માથું, મૂછ, પગ કંઈક નાનાં લાગે. પીઠ પર આગળના ભાગે કઠણ પાંખો. બેસે ત્યારે આખું શરીર એની નીચે ઢંકાઈ રહે. આ પાંખોના જુદાજુદા રંગવાળી તેની ચારેક જાત આપણે ત્યાં જણાઈ છે. તેમાં પણ લીલી ચળકાટવાળી જાત તો ચોમાસામાં ઘણાએ જોઇ હશે. એનો આ રંગ કાંસા જેવો ચળકાટ મારતો હોઈ કદાચ તેને કાંશિયા કે કાંસિયા કહેતા હશે.

એના શરીરમાં 'કેન્થેરાઇડિન' નામનું એક પ્રવાહી હોય છે. આ પ્રવાહી આપણી ચામડીને સ્પર્શતાં ફોલ્લા પડે છે. આ ફોલ્લા એક બે દિવસમાં આપમેળે બેસી જાય છે. પણ તેને ફોડી નાખતાં ઘણાને બળતરા ઊપડે છે. અગાઉ તો એ 'કેન્થેરાઇડિન'ની મિલાવટ સાથે કેટલીક દવાઓ પણ બનાવાતી. હવે એવી દવાઓનો ઉપયોગ ઘટી ગયો છે.

ચોમાસું ઊતરતાં તે જમીનમાં ઈંડાં મૂકે. પ્રજનનમાં એની માદા ઘણી ફળદાયી હોય છે. એકીસાથે એ ચારેક હજાર ઇંડાં તો સહેજે મૂકે અને આમ તો તે ઘણી વાર ઇંડાં મૂકે. ઇંડું, ઈયળ, કોશેટા ને પુખ્ત વય, એ તેની ચાર અવસ્થા. જમીનમાં રહેતાં ઝીણાં જીવડાં, તીડ, તીતીઘોડા, કંસારી વગેરેનાં ઇંડાં એ તેનો આહાર. આ રીતે એ ખેડૂતોને લાભદાયી ગણાય. તેના માકડી નામથી ઘણા ખડમાકડી સાથે તેને ભેળવી દે છે.



ડાબી બાજુ શંકરલાલભાઈ; જમણી બાજુ નરહરિભાઈ

અણુ ધડાકાઓ કરતાં યે મોટો ભય

આ અણુ યુગનો એક સૌથી મોટો પ્રશ્ન અણુ-હાઇડ્રોજન પ્રયોગોમાં વપરાએલાં દ્રવ્યોનો નિકાલ કરવાનો છે. દુનિયામાં અણુ-હાઇડ્રોજન રીઍક્ટરોની સંખ્યા વધતી જાય છે, ઉદ્યોગોમાં ને સંશોધનમાં રેડિયો-આઇસોટોપ્સનો ઉપયોગ વધતો જાય છે, તેની સાથેસાથ એમાંથી નીકળેલાં નકામાં દ્રવ્યો જે જન-જનાવરને અતિ નુકસાનકર્તા છે તે ક્યાં નાખવાં એ પ્રશ્ન પણ ઉગ્ર બનતો જાય છે. સૌ પહેલી નજર તો જગતના મહાસાગરો ઉપર પડી છે. મહાસાગરોનું અમાપ, અગાધ જળ રેડિઓ-ઍક્ટિવ પદાર્થોનું ઝેર ઓછું કરી નાખે છે; પણ સાથેસાથ મહાસાગરના જળ પણ દૂષિત તો થતા જ જાય છે. એટલે તો જ્યાંજ્યાં આવા પદાર્થો દરિયામાં ઠેલાતા હોય ત્યાંના જળની વખતોવખત તપાસ કરવાનું હવે ઠરાવવામાં આવ્યું છે; કેમકે દરિયામાંની માછલી તો જગતના ઘણા દેશોનો ખોરાક છે.

નાના પ્રમાણમાં દૂષિત પદાર્થો તો દરિયામાં સીધા પધરાવી શકાય, પણ વધુ પ્રમાણમાં દૂષિત પદાર્થો પોલાદ અને કૉંક્રીટની જાડી દીવાલોવાળા પીપોમાં દરિયો વધુ ઊંડો હોય ત્યાં પધરાવવી જોઇએ. એમ કરવામાં આવે તો ૧૦૦–૧૫૦ વર્ષ માટે તો રેડિયો-ઍક્ટિવ દ્રવ્યોથી પાણી દૂષિત થવાનો ભય ટળ્યો ગણાય. પરંતુ એ વાસણોમાંથી રેડિયો-ઍક્ટિવ પદાર્થો બહાર નહિ જ એની શી ખાતરી? દરિયાઇ સેવાળ અને બીજી વનસ્પતિ એ રેડિયો-આઇસોટોપ્સ શોષી લેવાની. એવો અંદાજ છે કે ઘણી વખત તો આસપાસનાં જળ કરતાં હજાર ગણી રેડિયો-ઍક્ટિવ એ હશે. એ વનસ્પતિ ખાતી માછલીમાં રેડિયો-આઇસોટોપ હાડકાંમાં, લીવરમાં ને મૂત્રાશયમાં આવવાનાં એટલે એ ખાનારા માણસો ઉપર પણ એની અસર થવાની. આમ, આજે રેડિયો-ઍક્ટિવ પદાર્થોના નિકાલનો પ્રશ્ન વિજ્ઞાનને તથા સંશોધકોને પડકારતો ઊભો છે. અણુ-હાઈડ્રોજન ધડાકાઓથી પ્રસરતા રેડીએશનના ભય કરતાં યે આ ભય મોટો છે. (ઇન્દ્રા)

આપમેળે રસોઈ

જર્મનીમાં એક એવો સ્વયંસંચાલિત ગૅસનો સ્ટવ શોધવામાં આવ્યો છે કે એના ઉપર રસોઈ આપોઆપ થાય. ગૃહિણીને એની પાસે બેસી રહેવાની જરા ય જરૂર નહિ. એમાં કાંઈ વાનગીઓ બનાવવી હોય ત્યારે એ ચીજ એમાંની પ્લેટમાં મૂકી દેવાની, અને સાથેનું ઘડિયાળ ગોઠવી દેવાનું. એટલે ધારેલા સમયે એ સ્ટવ શરૂ થઇ જાય અને વાનગી તૈયાર થયે સ્ટવ આપોઆપ બંધ થઇ જાય. ત્યાં ગૃહિણીએ હાજર રહેવાની કંઈ જરૂર જ નહિ. (ઇન્દ્રા)

'જ્યારે જ્યારે હું તમને જોઉં છું ત્યારે મને દેવજીભાઇ યાદ આવે છે.'
'પણ હું દેવજીભાઈ જેવો જરા યે નથી.'
'છો; તમારી બંનેની પાસે હું સો-સો રૂપિયા માગું છું.'



ગયે વર્ષે એવરેસ્ટ-વિજેતા હિલેરીએ હિમાલય-પ્રદેશમાં કેટલાક વણચડ્યા શિખરો ચડવા તથા ભૌતિક સંશોધન માટે કરેલી ત્યાંની સફરમાં વપરાએલી અભિનવ હલકી કુટિર

સર એડમંડ હિલેરીની ગયા વર્ષની હિમાલય-સફર વેળા વપરાએલી ૨૨ ફૂટ લાંબી અને ૧૦ ફૂટના વ્યાસની આ ગોળાકાર, અભિનવ પણ ખડતલ કુટિર એ ખાસ બનાવટનાં પ્રી ફૅબ્રિકેટેડ પ્લાઈવૂડનાં હલકાં પણ મજબૂત ચોસલામાંથી બનાવી છે, તેના વજનની ચકાસણી કરતાં લેડી હિલેરી એક ચોસલું જાતે ઉપાડી રહ્યાં છે. એવા ૧૦૦ ટુકડા જોડીને બનાવેલી તથા આઠ માણસોને રહેવા-સૂવાની વ્યવસ્થા તથા એક પ્રયોગશાળા ધરાવતી આ કુટિર સહેલાઈથી છૂટી કરીને જ્યાં જોઇએ ત્યાં ફેરવીફેરવી શકાય તેવી તથા સરળતાથી ઊભી કરી શકાય તેવી છે.



←મથાળે મશાલધારી હસ્તવાળા કરાડીના શહીદ-સ્મારક-સ્તંભ; નીચેના ભાગમા દેખાતી તકતી મોટી કરીને બાજુમાં બતાવી છે.

કરાડી–મટવાડના શહીદોનું સ્મારક


ઈ.૧૯૪૨માં મુંબાઈમા કૉંગ્રેસ કારોબારીએ'હિંદ છોડો'ના લીધેલા ક્રાંતિકારી નિર્ણયના પ્રત્યાઘાત રૂપે સમગ્ર રાષ્ટ્રમાં વ્યાપક પ્રમાણમાં પ્રગટી ઊઠેલા ક્રાંતિના તણખાએ જ્વાળાનું સ્વરૂપ ધારણ કર્યું હતું.

૨૨મા ઑગસ્ટ, ૧૯૪૨માં કાંઠા વિભાગની મળેલી સભાના વિસર્જન બાદ, ખોટી રીતે હિંસાનું બળ વાપરી જનતાને પરેશાન કરતાં કરાડી–મટવાડના રાષ્ટ્રવાદી યુવાનોએ અહિંસક સામનો કર્યો હતો અને એમાં ત્રણ યુવાનો શહીદ થયા હતા.

તેઓની સ્મૃતિમાં ૧૩,૦૦૦ના ખર્ચે રચાએલા આ કીર્તિસ્તંભનું ઉદ્ઘાટન કરતી વખતે જાણીતા રાષ્ટ્રવાદી ધારાશાસ્ત્રી શ્રી મોતીભાઈ શીણે કરાડી, મટવાડ અને અડાસની આઝાદી–પરસ્તીને વર્ણવતાં ઉચિત રીતે કહેલું કે 'મેઘાણીને મેં આ ગામોની વાત કરી ત્યારે તેમણે આ ભૂમિની યાત્રા કરવાની તથા શહીદોને ઇતિહાસને પાને જીવંત રાખવાની ઉલટથી કબૂલાત આપી હતી, પરંતુ તેઓ આવે તે પહેલાં જ સ્વર્ગવાસી થયા. અહીંના યુવાનોની એ શૌર્યકથા અને અહિંસા પ્રશંસનીય છે. માર કરતાં શિર-સમર્પણમાં મહત્તા રહેલી છે. આ શહીદોએ દેશને માટે કરેલા એ સમર્પણથી આ સ્થાન દેશનું પવિત્ર યાત્રાધામ બન્યું છે. એ શહીદો તથા તેઓની વીર માતાને હું પ્રણામ કરું છું.'

એ પ્રસંગે સુરત જિલ્લાના બુઝર્ગ કૉંગ્રેસી આગેવાન શ્રી કલ્યાણજી મહેતાએ પણ કહેલું કે 'દાંડીમાંથી મહાત્મા ગાંધીજીએ ચપટી મીઠું લીધું તેનાથી બ્રિટિશ સલ્તનતને લૂણો લગાડ્યો અને એમના રાજ્યનું ચણતર ખરી પડ્યું. આ કીર્તિસ્તંભ અશોક-સ્તંભ છે. અશોક મહારાજે હિંસા અને અહિંસાનું મૂલ્યાંકન કર્યું હતુ. આમાં પાંચ આંગળી દેખાડી છે તેમાં જુવાનિયાની તાકાત દેખાય છે. અને હાથમાં જે જ્યોત જલતી દેખાડી છે તે જ્ઞાનની જ્યોત છે.

—ભાનુભાઈ પટેલ



વાંસ: એક અદ્‌ભુત વનસ્પતિ

આપણે ત્યાં એવી માન્યતા છે કે વાંસમા ફૂલ આવે ત્યારે દુકાળ પડે, કુદરતી આફત આવે, વગેરે. હકીકતમાં વાંસમાં ૩૦–૩૨ વર્ષે એક જ વાર ફૂલ પડે છે. પછી ફૂલમાંથી બીજ પાકે કે વાંસ સુકાઈ જાય છે. એટલે વસ્તુતઃ આફત તો ખુદ વાંસ પર આવે છે.

કૈલાસ માનસરોવરના સ્વામી પ્રણવાનંદજી એક પત્રમાં લખે છે કે કુમાઉં (કુર્માચલ) હિમાલયમાં નિંગાલ વાંસની એક જાત પાંચ હજારથી દસ હજાર ફીટ ઊંચે ઊગે છે. તેમાં દર દસ વર્ષે ફૂલ આવે છે. પછી બીજ આવે અને વાંસ સુકાઈ જાય. અલ્મોડા જિલ્લાના હિમાલયમાં સ્વામીજીએ બાર–બાર વર્ષના અંતરે ત્રણ વખત નિંગાલ વાંસમાં ફૂલ આવતાં જોએલાં. નૈનિતાલ જિલ્લાના તરાઈ ભાભર પ્રદેશમાં જે વર્ષે વાંસમાં ફૂલ આવે તેની પાનખર (શરદ) ઋતુમાં વાંસ સુકાઈ જાય છે. આથી કુમાઉં પ્રદેશમાં કહેવત છે કે વાંસ ફળે ત્યારે મરે!

વાંસ વિષે બીજી પણ ઘણી વિચિત્રતાઓ છે. તમને એ જાણીને આશ્ચર્ય થશે કે વાંસ એ ઘાસનો જ એક પ્રકાર છે. કહો કે ઘાસની એ સૌથી મોટી જાત છે! એ કોઈ વાર ૫૦ થી ૧૦૦ ફીટ ઊંચા થાય છે અને અનુકૂળ સંજોગોમાં એક દિવસમાં દોઢ ફૂટ વધે છે!

આમ તો વાંસની વંશવૃદ્ધિ તેના મૂળમાંથી ફણગા નીકળવાથી થાય છે. એક વહેમ એવો છે કે વાંસ નીચે રાતે કોઇ સૂએ તો વાંસનો ફણગો ભાલાની જેમ નીકળતો હોવાથી માણસ તેના વડે ભોંકાઈ જાય! એક બીજી વહેમી માન્યતા એવી છે કે વાંસનો ફણગો ફૂટે ત્યારે ચીસ પાડીને બહાર નીકળે છે! આ માન્યતાઓમાં કશું જ તથ્ય નથી, પણ ફણગા કેટલી ઝડપથી નીકળીને વધે છે તે નોંધપાત્ર છે. ૨૪ કલાકમાં દોઢ ફૂટ વાંસ વધે એ કેવી ઝડપ!

વાંસનું વતન છે ભરતખંડ, ચીન, જાપાન, ફિલિપ્પિન અને અગ્નિ એશિયાના દેશો. વાંસનું અંગ્રેજી નામ 'બામ્બુ' એ મૂળ તો મરાઠી અને મલય (મલાયાની) ભાષાનો શબ્દ છે. પ્રાચીન કાળથી આયુર્વેદ વાંસના ઔષધીય ગુણોનો લાભ લે છે. તેની છાલ ગૂમડાં ને ચામડીના રોગો પર વપરાય છે. તેના ફણગાની પોટીસ વ્રણમાંથી કીડા કાઢવા અને વ્રણ રૂઝવવા વપરાય છે. કૂણા ફણગાનાં દાળ, શાક ને અથાણાં ભૂખ લગાડે છે, પાચન કરે છે. પાનની કૂંપળો સુવાવડ પછીનો બગાડ કાઢવા અને સાફ આર્તવ લાવવા અપાય છે. પાદડાં મરી સાથે વાટીને

ઢોરને ઝાડા બંધ કરવા અપાય છે. વાંસની ગાંઠમાં થતું કૅલ્શ્યમ વાંસ-કપૂર (વંશલોચન) તરીકે ઓળખાય છે અને દમ, ક્ષય, છાતીના રોગોમાં અપાય છે. તે વાજીકરણ, શક્તિપ્રદ, ઠંડક આપનાર ને જ્વરશામક પણ છે.

હુન્નર-ઉદ્યોગમા વાસના હજાર ઉપયોગ છે અને જાપાનીઓ (તથા બીજા નંબરે ચીનાઓ) પાસેથી આપણે એ ઉપયોગ શીખવા જેવા છે. આપણે ત્યાં દહેરાદૂનની જંગલ સંશોધન સંસ્થામાં વાંસનો સોફા-સેટ બનાવેલો છે જેમા સ્પ્રિંગ પણ વાસની છે! આપણા દેશમા વાસ લાખો લોકોને રોજી આપી શકે. —મુક્તાનંદ વિશ્વયાત્રી (પ્રવાસી)

ફળ કેમ ખાશો?

આપણે ત્યાં ફળ ખાઇને તેના છોડા તથા બી જ્યાંત્યાં વેરી ગંદકી વધારવાની કુટેવ વ્યાપક છે. જાહેર રસ્તામાં, પ્રવાસમા સ્ટેશન ઉપર, રેલગાડીમાં, ઉજાણીના સ્થળે વગેરે સ્થળોએ, ઠેકઠેકાણે એ ગંદકીનાં દર્શન થાય છે. એમાથી ઊગરવા, ને ફળ ખાવાની સંસ્કારિતા કેળવવા નીચેની નાનીસરખી પદ્ધતિ અજમાવવા જેવી છે.

પોપૈયું: પોપૈયાને વચ્ચેથી કાપી, બે સરખા ભાગ કરવા. પછી ચપ્પુ અથવા ચમચાથી તેનાં બીજ બીજા ભાગમાં એકઠાં કરી લેવાં અને બીજ કાઢેલા ભાગને ચમચાથી ખાવાની શરૂઆત કરવી. ચમચાથી ખાવાથી, આપણને જોઈએ તેટલું જ કોરીને લઈ શકીએ. ધીરે ધીરે કરતાં છેવટની છાલ સુંદર હડિયા જેમ બાકી રહેશે.

ત્યારબાદ બીજા ભાગને લઈ તેનાં બીજ છાલના હડિયામાં નાખવાં અને બીજા ભાગને પણ ઉપર પ્રમાણે ચમચાથી કોતરીને ખાવો.

સંતરાં: સંતરાને આડું પકડો. ચપ્પુની અણી તેની વચ્ચોવચ છાલમાં ખોસી ધીમે ધીમે ગોળ ફેરવો એટલે તેના બે સરખા ભાગ થશે. સંતરાની ઉપરની છાલ, અંદરના ગર્ભ કરતા મોટી ને છૂટી હોય છે; અંદરના ભાગને સખતરીતે ચોંટેલી નથી હોતી, એટલે બધી પેશીઓ કાઢી લઇને છાલના એક હડિયામા પેશીઓ ભરો ને બીજામાં ખાઇને કચરો ભરતા જાઓ. આ રીતે ખાવાથી બીજા કોઈ વાસણની જરૂર પડતી નથી અને આપણા પાડોશીને ગંદકીમાથી ઉગારી લઇએ છીએ.

આ જ રીતે બીજા ફળ ખાવાના રીત હોય તે જણાવીને તથા યોજી-ને જાહેર કરવાથી સમાજની થોડી સેવા કરી ગણાશે. —મનુ પંડિત

પત્રમિત્ર વિભાગ

પશ્ચિમ જર્મનીથી એક યુવાન લખે છે: 'એકાએક આપના વિષેનું લખાણ એક માસિકમા વાચવામા આવ્યું. એ નાનકડી જાહેરાતથી પ્રેરાઈ આપના દેશમાંથી કેટલાક યુવાન પત્રમિત્રોની સગવડ કરી આપવા આપને આ વિનંતિ કરું છું. મને લાગે છે કે મારે માટે ભારતીય કુમાર-કુમારીકાઓ મેળવી આપવામાં આપ સફળ થશો. (નામ-સરનામું) Gerard Howe, 18, Boy, 23 Jhering-fehn, Uber Lear/Ostfriesland. શોખ : રમતગમત, સંગીત (ઝાઝ અને હીટસ સિવાયનું), બુકમાર્ક ને સામાન્ય ટેકનિકલ જ્ઞાન. પત્રલેખકને જો જર્મન-ભાષા નહિ આવડતી હોય તો તે મને અંગ્રેજીમાં પણ લખી શકશે.

બેઈરા (આફ્રિકા)થી ભાઇ અનિલ એ. મહેતા પત્રમિત્રતા માટે પોતાનું નામ સરનામું મોકલે છે: Anil A. Mehta, P. O. Box 144, Beira, Portuguese East Africa, Mozambique, Music, Cinema, Art, Sports, Literature.

અમેરિકી પત્રમિત્રો

અમેરિકાથી ભાઈ ભરત ગજ્જર જણાવે છે કે હું અહીં એક સંસ્થામાં 'ભારત' વિષે વ્યાખ્યાન આપવા ગએલો ત્યારે ત્યાંની નવ વિદ્યાર્થિનીઓએ ભારત સાથે પત્રમિત્ર બનાવવાની ઇચ્છા દર્શાવી હતી. તેમણે પોતાનાં નામ મને આપ્યાં હતા તે આ સાથે મોકલું છું:

(1) Miss Cathy Chopin—14, 2606, N. Harrison Street, Wilmington, Delaware, United States, Stamps, Swimming, Painting, Reading, Cooking; (2) Miss Patty Chopin—12, 2606, N. Hartison Street, Wilmington, Delaware, United States, Coins, Reading, Painting, Making Cookies; (3) Miss Kathleen V. Mason—13, Go2 West 19th Street, Wilmington, Delaware, U. S. A., Reading, Letter-Writing, Collecting Stamps, Cooking, Games, Swimming; (4) Miss Alizabeth Ann (Besty) Mason—12, Go2 West 19th Street, Wilmington, Dalaware, U. S. A., Reading, Painting, Sewing, Cooking, Stamp-Collecting, Swimming; (5) Peggy Wilkins—13, 1200, New Road, Elsmere, Delaware, U. S. A., Popular Music, Skating; (6) Davlène Wright—13, 1506, Hickory Road, Willow Run, Wiln S. Delaware, U. S. A., Records, Dancing, Hockey, Basket-ball; (7) Sandy Bodycot—13, 1510, Montgomery Road, Willow Run, Wiln S., Delaware, U. S. A., Dancing, Swimming, Hockey, Basket-ball; (8) Judy Myers—13, 1502, Faulkland Road, Willow Run, Wiln S, Delaware, U. S. A., Dancing, Camping, Swimming, Reading, Riding, Drawing; (9) Shanon McCorkle—13, 1515, Montgomery Road, Willow Run, Wiln S, Delaware, U. S. A, Stamps, Horses, Skating, Camping, Swimming.

હિતચર્યા .... ૫] વ્યાયામ

હિતચર્યાનું બરાબર પાલન કરનાર શરીરે સ્વસ્થ રહે એ તો નિઃશંક છે. પણ આહારવિહારમાં નિયમિત રહેવાની આકાંક્ષા રાખનાર મનુષ્ય કવચિત્ એનું પાલન કરી શકતો નથી. મુસાફરી, ભોજનમાં અનિયમિતતા, ઉજાગરો, વધુપડતો શ્રમ વગેરે અનિચ્છાએ પણ કરવાં પડતાં હોય છે. ત્યારે સ્વસ્થ માણસના બળની પણ હાનિ થાય છે ને સ્વાસ્થ્ય જોખમાય છે. આમ, શરીરને આયાસ કરવો પડે, શ્રમ અનુભવવો પડે એવા પ્રસંગો જીવનમાં આવ્યા જ કરતા હોય છે તો પ્રથમથી જ શરીરને આયાસની ટેવ પાડી દેવી જોઈએ. આચાર્ય સુશ્રુતે એ આયાસજનક કર્મને 'વ્યાયામ'ની સંજ્ઞા આપી છે: शरीरायासजननं कर्म व्यायामसंज्ञितम्'।

આચાર્ય ચરકે 'व्यायामः स्थैर्यकराणां श्रेष्ठः' (શરીરની સ્થિરતા કરવામાં વ્યાયામ શ્રેષ્ઠ છે) એમ કહ્યું છે. એમાં સ્થિરતાનો અર્થ વ્યાપક છે. વ્યાયામ સ્વાસ્થ્યમાં તો સ્થિરતા લાવે જ પણ સાથેસાથે યૌવનને પણ સ્થિર બનાવે છે. વ્યાયામનું સેવન કરનાર ચિરકાળ યુવાન રહે છે. શ્રી બાપાલાલભાઈ લખે છે તેમ 'કસરત તો તાંબાની માત્રા છે.' યૌવનને સ્થિર રાખનાર દ્રવ્યો માટે 'વયઃસ્થાપન' એવો સુંદર શબ્દ આયુર્વેદમાં છે. વ્યાયામ શ્રેષ્ઠ વયઃસ્થાપક છે.

વ્યાયામ શરીરને પુષ્ટ કરે છે. એમ તો વધુ ખાનાર મેદસ્વી માણસોનાં શરીર પણ પુષ્ટ હોય છે. એટલે કેવળ શરીરપુષ્ટિ થાય એ પૂરતું નથી. વ્યાયામના ફાયદામાં 'વિભક્તઘનમાત્રત્વમ્'નો ઉલ્લેખ છે. એટલેકે વ્યાયામ ગાત્રોને વિભક્ત અને ઘન બનાવે છે. વિભક્ત ગાત્રો સહેલાઈથી હલનચલન કરી શકે. પરિણામે કાર્યશક્તિ આવે. ક્યાંક કૂદકો મારીને ચડવાનો કે ઊતરવાનો પ્રસંગ આવતાં ઘણાને 'સબાકો' આવી જાય છે, કારણ કે એમનાં શરીરગાત્રો વિભક્ત હોતાં નથી. વ્યાયામ કરનારનું શરીર પુષ્ટ હોવા છતાં એમાં લઘુતા આવે છે. લાઘવ સાથે સ્ફૂર્તિ સંયુક્ત હોય છે. એટલે વ્યાયામ કરનારના શરીરમાં આળસનો અભાવ હોય છે. આળસુ અને નિર્બળ માણસની દિનચર્યા તપાસો. એ તમોમય અને જડ હોવાની. એવી અનુત્સાહી વ્યક્તિ પાસેથી આંતરબાહ્ય વિકાસની અપેક્ષા ક્યાંથી રખાય? વ્યાયામ કાન્તિપ્રદ છે. કાન્તિ એટલે સપ્ત ધાતુઓના સાર રૂપ ઓજસ. આયુર્વેદ માને છે કે આપણાં કાયિક, વાચિક અને માનસિક કર્મો 'ઓજ'ને કારણે જ થાય છે.

છાન્દોગ્ય ઉપનિષદના ઋષિએ 'बलं ब्रह्म'નો ઘોષ કરીને જ્ઞાનથી પણ બલ શ્રેષ્ઠ છે એવું પ્રતિપાદન કર્યું છે. સ્વામી વિવેકાનંદે યોગ્ય જ કહ્યું છે: 'દુર્બળ શરીરે ગીતાનો પાઠ કરવા કરતાં તો તેટલો વખત હૉકી કે ફુટબૉલ રમવામાં કાઢવો જોઇએ. મારા ધર્મનું સત્ત્વ બલ છે. બલની આરાધના વિના મનુષ્ય ધર્મની આરાધના કરી શકે એ મારા મનથી સંભવિત જ નથી'.

સુશ્રુતનો એક શ્લોક છે કે 'ક્ષુદ્ર મૃગો સિંહની પાસે જઇ શકતા નથી, તેમ વ્યાધિઓ કસરતથી કસાએલાં ગાત્રોવાળા અને પગોને તેલથી ચોળાવી ચૂર્ણાદિકથી સ્વચ્છ કરાવનાર માણસની પાસે જઈ શકતા નથી.'

અતિવ્યાયામનો નિષેધ

વ્યાયામનું આ સ્તવન વાંચી કોઈ એનો અતિરેક ન કરી બેસે એટલા માટે સુશ્રુત કહે છે તેમ: 'આત્મહિત ઇચ્છનારા પુરુષોએ સર્વ ઋતુઓમાં નિત્ય અર્ધા બળથી વ્યાયામ કરવો જોઇએ. અર્ધા બળથી ઉપરાંત વ્યાયામ કરવામાં આવે તો તે વ્યાયામ જ પુરુષોને મારી નાખે છે.'

પણ અર્ધા બળનું લક્ષણ શું? સુશ્રુતે તે નીચે મુજબ આપ્યું છે: 'હૃદયમાં સ્થાનસ્થિત વાયુ જ્યારે મુખમાં પ્રવેશે ત્યારે અર્ધું બળ સમજવું.' અર્થાત્ શ્વાસ ચડે એટલે વ્યાયામનો ત્યાગ કરવો. રક્તપિત્ત, કૃશ, શોષ, શ્વાસ, ખાસી તથા ક્ષયના રોગીએ, તરત જમેલાએ, અતિ સંભોગથી ક્ષીણ અને જેને ચક્કર આવતા હોય એણે પણ વ્યાયામ ન કરવો.

સ્ત્રીઓએ વ્યાયામ કરવો જોઇએ. ઘંટીએ લોટ દળવાથી, કૂવામાંથી પાણી ખેંચવાથી, સાંબેલાથી ડાંગર વગેરે ખાંડવાથી સ્ત્રીઓને નિયમિત અને તેમનાં અંગોને જરૂરી શરીરશ્રમ મળી રહે છે. પણ આજે તો એ બધું ઓસરતું જાય છે. પરિણામે કેડ દુખવાની ફરિયાદ કરનાર અને સદા ય માંદી રહેતી યુવતીઓની સંખ્યા મોટી હશે. પ્રૌઢાવસ્થામાં પગ મૂક્યા પહેલાં અતિ સ્થૂલ અને લાલિત્યવિહોણી બની જતી ઘણીખરી સ્ત્રીઓનું જીવન વ્યાયામરહિત હોય છે. વ્યાયામનું સેવન કરનાર સુદર્શન બને છે.

લાભશંકર ઠાકર

આયુર્વેદ

આયુર્વેદ એકલું દવાનું શાસ્ત્ર નથી; કેવળ ચિકિત્સાશાસ્ત્ર જ નથી, તે ભારતીય સંસ્કૃતિનું અનુપમ પુષ્પ છે. તે જીવનના સર્વાંગી વિકાસ માટે આવશ્યક એવું જીવનશાસ્ત્ર છે. એને વાંચ્યા પછી કાયા પલટ કરી નાખે એવી એની આર્ષ પ્રતિભા છે. આથી તો ચરકે કહ્યું છે કે, એના સમ્યક અભ્યાસ પછી માણસ દ્વિજ મટીને 'ત્રિજ' બને છે,–અર્થાત ત્રીજો જન્મ પામે છે. હૃદયના સૂરોને ઝણઝણાવી મૂકી માણસને દેવ બનાવે એવી એનામાં અપૂર્વતા છે.

(બાપાલાલ ગ. વૈદ્ય)

તાવમાં આટલું કરો

તાવ આવે કે તુરત ખોરાક માત્ર બંધ કરો. પૂરા ૨૪ કલાક તાવ ઊતરેલો ન રહે ત્યાં સુધી કોઈ પણ ખોરાક ન લ્યો.

તાવની શરૂઆત થાય કે એના આગમનની આગાહી દેખાય કે તુરત જ ગરમ કરેલું પાણી શરૂ કરો. ગરમ કરી ઠારેલું પાણી પણ લઇ શકાય.

તાવ ઉતારવા માટે કે બીજી રીતે પસીનો થાય તેવાં ઔષધોનો ઉપયોગ ન કરો; કોઈ પણ પ્રકારનો પરિશ્રમ ન કરો.

તાવમાં કોઈ પણ પ્રસંગે રેચ તો ન જ લ્યો. છૂટથી પાણી પીઓ.

દસ્ત સ્વાભાવિક ન આવતો હોય તો ગ્લિસરાઈન કે એરંડિયા તેલની પીચકારી લો. એનીમા તો તાવ ઊતરી ગયા પછી જ લ્યો.

પાણીની તરસ લાગતી હોય તો મોથ-વાળો-ધાણાની પોટલી બાંધીને ઉકાળેલા પાણીમાં મૂકી રાખો અને એ પાણી પીઓ.

તાવ ઊતરી ગયા પછી મગનું પાણી, બાફેલું પાણીવાળું શાક, પાતળી ખીચડી કે ભાજીનો સૂપ લ્યો.

તાવના રોગમાં આરામ–શારીરિક તેમજ માનસિક–અનિવાર્ય છે. મૌનનું પાલન કરો.

મુક્ત પવન મળે, અને છતાં શરીર ઉપર પવનનો ઝપાટો ન લાગે એની ચીવટ રાખો.

ગરમ પાણીનો સ્પંજ આપો. નહિ જેવા વરાળ લેવાના પ્રયોગો પણ સાદા તાવમાં કરી શકાય.

ફુદીનો, લીલી ચા, સૂંઠ અને એવા જ બીજા મશાલાવાળી પાતળી ચા કે કકાળો આપો.

તુલસી, આદુ કે નાગરવેલનાં પાનનો રસ એમાં થોડું મધ નાખીને ચાટવા આપો.

આટલું કરવામાં આવશે તો તાવ ઉગ્ર થતો અટકશે, ને સહજ સરળ રીતે દૂર થશે.

'ચિકિત્સક'

અનુસંધાન] રવીન્દ્રનાથ [પૃષ્ઠ ૧૧૮થી
કેટલાં યે વર્ષો મારે અહીં ગાળવાં પડશે તેનો વિચાર કરતો.

એ વર્ગમાં જ્યારે અમને એક વર્ષ પૂરું થયું ત્યારે મધુસૂદન વાચસ્પતિએ બંગાળી ભાષામાં અમારી પરીક્ષા લીધી. બધા છોકરાઓમાં મને સૌથી વધારે માર્ક મળ્યા. મારા વર્ગના શિક્ષકે વાંધો કાઢ્યો કે મારી પરીક્ષામાં પક્ષપાત બતાવવામાં આવ્યો છે! તેથી પરીક્ષકની સાથે નિશાળનો સુપરિન્ટેન્ડેન્ટ પણ બેઠો ને બીજી વાર મારી પરીક્ષા લેવામાં આવી. આ વખતે પણ હું પહેલો નંબર આવ્યો!

ત્યારે મારી ઉંમર આઠ વર્ષ કરતાં વધારે નહિ હોય. મારી બહેનનો દીકરો જ્યોતિ તે વખતે મારા કરતાં ઘણો જ મોટી ઉંમરનો હતો. તેણે અંગ્રેજી સાહિત્યમાં પ્રવેશ કરવા માંડ્યો હતો. તે હૅમ્લેટનું આત્મસંભાષણ ઘણી વખત અમને લાગણીભરી રીતે ગાઈ-બોલી બતાવતો. મારા જેવા બાળક પાસે કવિતા લખાવવાનું એના મનમાં કોણ જાણે શાથી યે આવ્યું હશે તે હું કહી શકતો નથી. એક દિવસ તેણે પોતાની ઓરડીમા મને બોલાવ્યો અને મને કવિતા બનાવવા કહ્યું, તથા ચૌદ પદનું પ્રેયર રાગનું બંધારણ પણ તેણે મને સમજાવ્યું. ત્યા સુધી કવિતા મેં માત્ર છપાએલા પુસ્તકોમાં જ જોઇ હતી, એટલે એ બધી એક પણ ભૂલ વગરની, સંશય કે મહેનતની જરાપણ નિશાની વગરની જ જોઇ હતી. મારા પ્રયત્નથી એવી કવિતા થઇ શકે એવી કલ્પના સુદ્ધાં કરવાની મેં હામ ભીડી નહોતી.

એક દિવસ અમારા ઘરમાં ચોર પકડાએલો. જિજ્ઞાસા અને કુતૂહલથી વ્યાકુળ થઈ, થથરતાં થથરતાં, બીકમાં પણ તેના તરફ એક વખત જોઈ લેવાનો વિચાર કરી, જ્યાં તેને પકડી રાખ્યો હતો ત્યા જવાનું મેં સાહસ કર્યું! જ્યારે હું ત્યા ગયો ત્યારે તો ચોર માણસના જેવો માણસ જ નીકળ્યો! જ્યારે અમારા ઘરના દરવાને તેના તરફ કઠોર વર્તણૂક ચલાવી ત્યારે મને ઘણી દયા આવી. કવિતા જોડેનો મારો પ્રથમ અનુભવ પણ એવો જ હતો. મારી મરજી પ્રમાણે મેં કેટલાક શબ્દો ગોઠવ્યા અને એ બધા જ્યારે 'પ્રેયર' રાગમાં જ ગોઠવાઇ ગયા ત્યારે કવિ થવાની મહાન પદવીની ઇંદ્રજાળ મારા મનમાંથી ઊડી ગઈ! જ્યારે જ્યારે કવિતા તરફ અણછાજતી વર્તણૂક ચલાવવામાં આવે છે ત્યારેત્યારે હજી પણ પેલા ચોરની પેઠે મને તેની દયા આવે છે. છતાં તેના ઉપર હુમલો કરવાને ચળવળતા હાથને રોકી શકવાને હું સમર્થ થયો નથી! મને લાગે છે કે ચોરોએ કવિતા જેટલાં દુઃખો ભાગ્યે જ સહન કર્યાં હશે,—અને તે પણ આટલા બધા માણસો તરફથી!

ક્ષોભની પહેલી લાગણી દૂર થઈ એટલે પછી હું અટકું જ શાનો? અમારી જમીનના વહીવટ કરનાર એક કારભારી પાસેથી મેં એક ભૂરી નોટબુક મેળવી. મારે પોતાને હાથે તેમા પેન્સિલથી સીધી લીટીઓ દોરી લીધી અને તેમાં જ બાળપણના મોટામોટા શિખાઉ અક્ષરે કવિતાઓ ચીતરવા માંડી. નાના હરણને જ્યારે નવાં શીંગડાં આવે છે ત્યારે તે આમતેમ કૂદે નાચે છે ને શીંગડા ઘસે છે. કવિતાની ઉપાધિ તો મેં જાતે જ વહોરી લીધી હતી. તે લઇને મેં ધમાલ મચાવી મૂકી!

મારી કવિતા સાંભળવા માટે શ્રોતાજનોની શોધ કરવામાં તો મારા કરતા પણ મારા મોટાભાઇ જ્યોતીન્દ્ર વધારે ઉત્સાહ દાખવતા. એક દિવસ અમારા ઘરને ભોંયતળિયે આવેલી કચેરીમાં બેઠેલા અમારા કારભારીઓ પર કવિતા લઈને એક વિજયી હુમલો કરી અમે પાછા ફરતા હતા તેવામા 'નૅશનલ પેપર'ના અધિપતિ નવગોપાલ મિત્ર અમારા ઘરમાં દાખલ થયા. મારા ભાઈએ કાંઈ પણ ગરબડ કે વિધિ કર્યાં વગર તેમને પંજામાં લીધા: 'જુઓ, નવગોપાલ બાબુ! રવિએ



'નિશિદિશિ દાંડએ આછ માથાય લયે જટ,
છોટ છેલેટિ મને કિ પડે, ઓગો પ્રાચીન વટ?'
'હાય! તે વડનું ઝાડ આજે નથી.'
ચિત્રકાર: ગગનેન્દ્રનાથ ઠાકુર ('મૉડર્ન રિવ્યૂ'ના સૌજન્યથી)

કવિતા બનાવી છે, તે તમે નહિ સાંભળો?' એ હજી એમ કહી રહ્યા હતા એટલામાં તો મારું કવિતાનું વાચન પણ શરૂ થઈ ગયું હતું!

હજી સુધી મારી કવિતા થોકડાબંધ થઈ નહોતી. કવિ પોતાની બધી કૃતિઓ પોતાના ખિસ્સામાં જ લઇ જઈ શકે તેમ હતું. લેખક, પ્રકાશક કે છાપનાર, જેમાં જુઓ તેમાં હું એકલો જ હતો! મારી જાહેરખબર ફેલાવનાર મારા ભાઈ મારી જોડે સહકાર્યમાં રોકાએલા હતા! મેં કમળ ઉપર કવિતા બનાવી હતી તે ત્યાંની ત્યાં નવગોપાળ બાબુને સંભળાવી દીધી, અને તેનો છેવટનો ભાગ તો મારામાં જેટલું જોર હતુ તેટલા જોરથી ઊંચે સ્વરે ગાઈ બતાવ્યો. એમણે કવિતા સાંભળીને કહ્યું: 'સારી છે.' પણ હસતાહસતાં પૂછ્યું, દ્વિરેફ એટલે શું?' આ શબ્દ મેં ક્યાંથી ઝડપી લીધો હતો તે મને યાદ નથી; પણ આખા કાવ્યમાં મારી આશા મેં એ જ શબ્દ ઉપર બાંધી હતી. તે શબ્દને લીધે જ કારભારીઓ ઉપર પણ ધારી અસર થઈ હતી; પણ નવગોપાલ બાબુ તેમા સપડાયા નહિ એ ઘણું જ આશ્ચર્યકારક હતું. ઊલટું તે તો હસવા લાગ્યા. તે પરથી મારી ખાતરી થઈ કે નવગોપાલ બાબુ સમજુ અને કદરદાન માણસ નથી. ત્યાર પછી કોઈ પણ વાર મેં એમને કવિતા ગાઈ સંભળાવી ન હતી.

નૉર્મલ સ્કૂલના એક માસ્તરને અમને ઘેર ખાનગી અભ્યાસ કરાવવા માટે રાખ્યા હતા. તેનું શરીર પાતળુ સોટી જેવું હતું અને તેનો અવાજ ઘણો જ તીક્ષ્ણ હતો: જાણે નેતરની સોટીનો નમૂનો! અ-

મારો શીખવાનો સમય સવારના છથી સાડા નવ સુધીનો હતો, ને અમને શીખવવામાં આવતા વિષયો પણ ઘણા જુદાજુદા હતા. બંગાળી સાહિત્યશિક્ષિકા, લેખનમાળા, વિજ્ઞાનની પાઠમાળાઓ અને 'મેઘનાદવધ' જેવાં કાવ્યો પણ અમને શીખવવામાં આવતાં. અમારા ત્રીજા મોટા ભાઈ અમને વિવિધ જ્ઞાન આપવાને ઘણા જ આતુર હતા, તેથી નિશાળે થવું તેના કરતાં ઘણું જ વધારે ઘેર વાંચવું પડતું. સૂર્ય ઊગતાં પહેલાં, ધોતિયું બદન પહેરી અમારા કડાકૂટિયા લેસનની અમારે તૈયારીઓ કરવી પડતી. અમારા ધૂળભર્યા શરીર ઉપર અમે જલદી બદન પહેરી લેતા અને જેમતેમ કરી સાહિત્ય, ભૂગોળ, ગણિત, ઇતિહાસ વગેરે વાંચવા માંડતા. વળી નિશાળેથી અમે ઘેર આવીએ કે કસરત-શિક્ષક અને ડ્રૉઇંગ-શિક્ષક અમારે ઘેર હાજર જ હોય! સાંજે અઘોર બાબુ અમને અંગ્રેજી શીખવવા આવતા, એટલે અમે રાત્રે છેક નવ વાગ્યે છૂટા થતા.

રવિવારે વિષ્ણુ અમને સંગીત શીખવતો અને સીતાનાથ દત્ત લગભગ દર રવિવારે વિજ્ઞાનના પ્રયોગો કરી બતાવવા આવતા. તેમાંના છેલ્લા પ્રયોગો મને ઘણા જ રસભર્યા લાગ્યા હતા. જ્યારે તેમણે લાકડાના વહેરની જોડે પાણી મૂકીને ગરમી લગાડીને, ઉષ્માથી હલકું પાણી ઉપર અને ઠંડું પાણી નીચે કેવી રીતે આવજા કરી મૂકે તે બતાવ્યું ત્યારે મારું મન આશ્ચર્યની લાગણીઓથી પરિપૂર્ણ થઈ ગયું! વળી જ્યારે મને ખબર પડી કે પાણી એ દૂધમાંથી છૂટો પાડી શકાય એવો તેનો એક ભાગ છે ત્યારે મને ઘણો જ આનંદ થયો હતો.

વળી રવિવારે એક એવો પણ કલાક રાખવામાં આવ્યો હતો કે જેમાં કૅમ્પબેલ મેડિકલ સ્કૂલનો એક વિદ્યાર્થી આવીને અમને હાડપિંજર વિષે માહિતી આપતો. તેણે પોતાનો વિષય સારી રીતે સમજાવવાને તારથી બાંધેલું એક હાડપિંજર અમારા ભણવાના ઓરડામાં લટકાવી રાખ્યું હતું. પંડિત હેરમ્બ તત્ત્વરત્ન અમને સંસ્કૃત વ્યાકરણના નિયમો ગોખાવવાને આવતા. શરીરનાં હાડકાંના ક્લિષ્ટ નામો વધુ ડાચાં દુખાડનારાં હતાં કે સંસ્કૃત વ્યાકરણના પારિભાષિક શબ્દો વધારે ગૂંચવડિયા હતા તેની આજ તો મને ખાતરી નથી, પણ હું માનું છું કે સંસ્કૃત કૌમુદીના શબ્દો જ વધારે જડબાતોડ હતા!

〰

બંગાળી ભાષા દ્વારા અમે ઘણું જ્ઞાન મેળવ્યું અને ત્યાર પછી અમે અંગ્રેજી શીખવા માંડ્યું. અમારા અંગ્રેજીના શિક્ષક અઘોર બાબુ મેડિકલ કૉલેજમાં અભ્યાસ કરતા. અમારા એ વિદ્યાગુરુની તબિયત અમારે કમનસીબે એવી તો સારી રહેતી કે અમે ત્રણે વિદ્યાર્થીઓની અંતઃકરણપૂર્વકની પ્રાર્થનાઓ હોવા છતાં તે એક પણ દિવસ ગેરહાજર રહી શકતા નહિ! એક વાર મેડિકલ કૉલેજમાં હિંદુ અને ક્રિશ્ચિયન થઇ ગએલા વિદ્યાર્થીઓમાં એકબીજા વચ્ચે મારામારી થઇ તે વખતે તેમના ઉપર એક ખુરશી પડી હતી અને તેમનું માથું ફૂટ્યું હતું, ત્યારે જ માત્ર એક દિવસ માટે તે ગેરહાજર રહ્યા હતા! આ બનાવ ઘણો જ શોકજનક હોવા છતાં અમે અમારી પોતાની પીડાને લીધે એ વાત લેખામાં લીધી જ નહિ! ગમે તેમ હો, પણ તેની તબિયત અમે ધારી હતી તેના કરતા ઘણી જ જલદી સુધરી આવી!

સાંજ પડી હોય, વરસાદની ધારાઓ ભાલાનાં ઝાપટાંની પેઠે ઝડીઓબંધ પડી રહી હોય, અમારી ગલીમાં લગભગ ઘૂંટણપૂર પાણી વહી રહ્યું હોય, અમારું નાનું તળાવ છલાછલ ભરાઈને બાગમાં વહેવા માંડ્યું હોય, અમારો આખો આત્મા કદંબના પુષ્પની પેઠે વરસાદમાં પાનાની ધર્મીઓને આસપાસ પ્રસારી આનંદથી ઊભરાઇ જતો હોય, અમારા શિક્ષકના આવવાના સમય ઉપરાંત થોડી જ મિનિટો ગઈ હોય, માસ્તર આવશે કે નહિ તે હજી ખાતરીથી અમે કહી શકતા ન હોઈએ અને અમે તે ગલી તરફ દયાપાત્ર થઇને નજર નાખ્યા કરતા હોઈએ, એટલામાં ઓચિંતી અમારા હૃદયને ધક્કો આપતી, રોજની પરિચિત છત્રી, આવી ઋતુમાં પણ હાર્યા વગર દૃઢ થઈ અમારા ઘર તરફ આવતી જણાતી! અમારાં હૃદયો તે જોઈને ટમટમી રહેતાં. અમને સંદેહ થતો કે કદાચ કોઈ બીજું તો નહિ હોય? પરંતુ તેમ બનતું જ નહિ! તેના જેવો ચીવટવાળો આ વિશાળ જગતમાં બીજે ક્યાંક બીજો કોઇ મળી આવે, પણ અમારી ગલીમાં તો તેનો જોટો ક્યાંથી હોય!

〰

એક વખત જ્યારે કલકત્તામાં તાવનો ઘણો વાવર હતો ત્યારે અમારા બહોળા કુટુંબમાંના કેટલાક માણસો નદી પર આવેલા છાતુ બાબુના બાગવાળા બંગલામાં રહેવા ગયા. હું પણ તેમની સાથે ગયો હતો. એ વખતે હું પહેલવહેલો ઘરની બહાર નીકળ્યો. ગંગાનો કિનારો જાણે પૂર્વ જન્મનો સાથી હોય તેમ પોતાના ખોળામાં બેસવાને મને આમંત્રણ કરતો હોય તેમ લાગ્યું. એ બંગલામાં ચાકરોની ઓરડીઓની સામે જમરૂખીઓનાં વૃક્ષોનું ઝુંડ હતું અને એ જમરૂખીઓની છાયાના ઓટલા પર બેસીને ઝાડનાં થડની વચ્ચેથી આઘે વહેતી ગંગાનો પ્રવાહ નિહાળતાં નિહાળતાં મારા દિવસો વહી જતા. પ્રત્યેક નવો દિવસ જાણે સોનેરી કોરવાળું અને કાંઈ નવાઇભર્યા સમાચાર લઇને આવેલું પરબીડિયું ન હોય એવો મને લાગતો! કાગળ ઉઘાડતાં વાર જ તે સમાચાર મળશે એમ મનમાં થયા કરતું. તેમાંથી રખેને કાંઈ રહી જાય એવા બીકે હું મારું નહાવા-ધોવાનું જેમતેમ આટોપી લઇને ઝટ બહારની ખુરશી પર જઈ બેસતો. દરરોજ એની એ જુદીજુદી જાતનાં વહાણોની ભિન્ન ભિન્ન ગતિ! રોજ જમરૂખીના ઝુંડના પડછાયાઓનું પશ્ચિમથી પૂર્વ તરફ અવસરણ! રોજ ગંગાના સામા કિનારા પર આવેલાં વૃક્ષોની હારોની અંધકારવાળી ટોચ ઉપર સાયંકાળના આકાશની ભેદાએલી છાતીમાંથી સુવર્ણ રંગના શોણિતની રેલમછેલ!

વળી કેટલાક દિવસો તો સવારથી જ વાદળાંથી છવાએલા રહેતા. સામે કિનારે આવી રહેલાં વૃક્ષો પણ કાળાં દેખાતાં, અને નદીના પટ પર પણ કાળા પડછાયાઓ ઝૂલતા. જોતજોતાંમાં તો ઓચિંતી સુસવાટ સાથે વરસાદની ઝડીઓ આવવા માંડતી ને દૃષ્ટિમર્યાદાને છેક ઝાંખી કરી નાખતી. નદીની છાતી ડૂસકાં ખાતી ઊંચીનીચી થતી ને ભીનો પવન ઊંચાંઊંચાં વૃક્ષોનાં ઝુંડની ટોચ સાથે છૂટથી રમતો! થોડે સમયે અમે પાછા આવી ગયા અને મારા દિવસો નૉર્મલ સ્કૂલના વિશાળ મુખમાં જાણે કોળિયાઓ જતા હોય તેમ વહી ગયા!

〰

મારી પેલી ભૂરી નોટબુક આડીઅવળી લીટીઓની જાળીઓથી અને જાડાપાતળા અક્ષરોથી જાણે કોઈ જીવ કે જંતુનો મધપૂડો કે જાણું હોય તેમ જલદી ભરાઈ ગઈ! મારી કવિ તરીકે પ્રસરતી ખ્યાતિ પ્રત્યે હું તદ્દન બેદરકાર જ રહ્યો હતો એમ તો હું કહી શકતો નથી. સાતકરી દત્તબાબુ અમારા વર્ગના શિક્ષક નહોતા, છતાં તેનો મારા પ્રત્યે વધારે સ્નેહ હતો. તેણે મને એક દિવસ બોલાવ્યો અને પૂછ્યું: 'તું કવિતા લખે છે ખરું કે?' મેં તે વાતનો ઇન્કાર કર્યો નહિ. ત્યાર પછી કેટલીક વાર પોતાની બનાવેલી કવિતાઓનું ચોથું ચરણ તે મારી પાસે પુરાવતા.

અમારી નિશાળમાંનો ગોવિંદબાબુ ઘણો કાળો ને બટકો માણસ હતો, અને વધારામાં જાડો પણ હતો. તે કાળો પોશાક પહેરીને બીજે માળે તેના હિસાબનાં કાગળિયાં લઈ બેસતો. અમે બધા તેનાથી બહુ જ બીતા, કારણકે તે ચૌદમું રત્ન વાપરીને જ ઇન્સાફ કરતો. એક

દિવસ કેટલાક તોફાની છોકરાઓના હાથમાંથી છટકીને હું તેના ઓરડામાં પેસી ગયો. મારી પાછળ મને મારનારા પાંચ-છ મોટા છોકરાઓ હતા. મારાં આંસુ સિવાય મારી તરફેણમાં બીજો એક પણ મારો સાક્ષી હતો નહિ. છતાં હું મારો કેસ જીત્યો અને ત્યાર પછી ગોવિંદબાબુને મારે માટે સારી લાગણી રહેતી. એક દિવસ બપોરની છુટ્ટીના વખતમાં તેણે મને પોતાના ઓરડામાં બોલાવ્યો. હું બીતોબીતો ગયો. ઓરડામાં પગ મૂકતાંવાર જ તેણે મને પ્રશ્ન કર્યો: 'ત્યારે તું કવિતા લખે છે?' મેં કશી આનાકાની વગર તે વાત કબૂલી લીધી, એટલે તેણે મને નીતિના સિદ્ધાંત પર કવિતા લખવાનું સોંપ્યું. હાલ તે કવિતા મને યાદ નથી, પણ ગોવિંદબાબુ જેવા માણસ તરફથી આવી માગણી થાય એ કેટલી મહેરબાની અને કેટલી છૂટ ગણાય તેનો ખયાલ તો એક વાર જે લોકો તેના શિષ્ય થયા હોય તેને જ આવી શકે! બીજે દિવસે જ્યારે મેં કવિતા લખીને તેને આપી ત્યારે તે મને સીધી ઊંચા વર્ગમાં લઈ ગયા અને છોકરાઓ આગળ મને ઊભો કરી કહ્યું કે 'કવિતા ગાઈ સંભળાવ.' મેં મોટેથી કવિતા ગાઈ સંભળાવી. નીતિના એ કાવ્ય બાબત જાણવા જેવું કાંઈ પણ રહ્યું હોય તો એટલું જ કે તે જલદી ભુલાઈ ગયું અને નિશાળના એ વર્ગ ઉપર નીતિના બોધની બિલકુલ અસર ન થઈ, એ કાવ્ય સાંભળીને તેના કર્તા પ્રત્યે માનની લાગણી જરા પણ વધી નહિ. તેમાંના ઘણાખરા છોકરાઓની તો ખાતરી જ હતી કે એ કવિતા મારી બનાવેલી જ નહોતી! એક છોકરો તો મેં તે કવિતાનો જે પુસ્તકમાંથી ઉતારો કર્યો હતો તે સુદ્ધાં બતાવી આપવાને તૈયાર થઈ ગયો! પણ કોઇએ તેમ કરવાનો તેને આગ્રહ કર્યો નહિ કારણકે જે લોકને કોઈ પણ વાત જાતે માની જ લેવી છે તેમને સાબિત કરવાનો માર્ગ ઘણો જ કપરો થઈ પડે છે.

નૉર્મલ સ્કૂલનો અમારો અભ્યાસ ઓચિંતો જ બંધ કરવામાં આવ્યો અને તેના સંબંધમાં પણ એક બનાવ છે. અમારી નિશાળના એક શિક્ષકને અમારા ખાનગી પુસ્તકાલયમાંથી મારા દાદાજીનું જીવનચરિત્ર વાંચવા માટે જોઈતુ હતુ. મારા ભાણેજ સત્યાએ આ વાત મારા પિતા આગળ નિવેદિત કરવા જવાની હિંમત કરી. તેણે નિશ્ચય કર્યો કે મારા પિતાને એ વાત જણાવવા માટે સાધારણ બંગાળી ભાષા ચાલશે નહિ. એટલે એણે બંગાળી શૈલીમાં એવી તો જૂની અસલી અને ચોકસાઈવાળી શૈલીનો ઉપયોગ કર્યો કે મારા પિતાને જરૂર એમ લાગ્યા વગર રહ્યું નહિ હોય કે અમારો બંગાળી ભાષાનો અભ્યાસ જોઈએ તે કરતાં ઘણો વધારે થઈ ગયો છે અને તે હવે તો હદપાર જવાની ધાસ્તી હતી! પછી બીજે દિવસે રોજના નિયમ પ્રમાણે સવારના પહોરમાં દક્ષિણ બાજુના ઓટલા પર અમારું ટેબલ મૂકવામાં આવ્યું અને ભીંત પર એક ખીલા સાથે પાટિયું પણ લટકાવવામાં આવ્યું. નીલકમલબાબુ પાસે ભણવાનું શરૂ કરવાની બધી તૈયારીઓ થઈ ગઈ હતી, એટલામાં મારા પિતાએ અમને ત્રણે જણને એમની ઓરડીમાં બોલાવ્યા અને 'તમારે હવે બંગાળીનો અભ્યાસ કરવાની જરૂર નથી' એમ કહ્યું. અમારાં હૃદયો તો આનંદથી ઊભરાઇ ગયાં!

નીલકમલબાબુ નીચે વાટ જોતા બેઠા હતા. અમારી ચોપડીઓ ટેબલ પર ખુલ્લી પડેલી હતી. એમના મનમાં ફરીને 'મેઘનાદવધ' શીખવવાનો વિચાર ચાલી રહ્યો હશે. પણ અમારી મોટામા મોટી મુશ્કેલી હવે એ જ હતી કે આ સમાચાર નીલકમલબાબુને સભ્યતાપૂર્વક કેવી રીતે કહેવા? છેવટે ઘણુ જ અચકાતાં અને સંયમથી અમે તે કાર્ય પણ કર્યું. પાટિયા પરની ભૂમિતિની આકૃતિઓ અમારા તરફ આશ્ચર્યથી જોતી જ રહી અને 'મેઘનાદવધ'ની અનુપાસ વગરની પંક્તિઓ પણ અમારા તરફ ડોળા ફાડીને જોયા કરતી રહી!

અમારા શિક્ષક નીલકમલબાબુના છૂટા પડતી વખતના શબ્દો આ પ્રમાણે હતા: 'મારી ફરજ અદા કરતાં મેં કદાચ તમારા પર સખ્ત વર્તાવ ચલાવ્યો હશે, પણ તે તમે તમારા મનમાં રાખશો નહિ. મેં તમને જે શીખવ્યું છે તેની કિંમત તમને ભવિષ્યમાં જણાશે.'

ખરેખર! હવે તે કિંમત જણાઈ છે. માતૃભાષામાં શિક્ષણ મળેલ હોવાથી જ અમારાં મગજ તે જલદી ગ્રહણ કરતાં શીખ્યાં હતા.' (ચાલુ

ગણિત-ગમ્મત

૪૪૪મા અંકના 'છેલ્લા પાના'ની સાદી 'ગણિતગમ્મત' જોઈ આટલું લખવાનું સૂઝે છે. આવા પ્રશ્નોમાં પરસ્પર આધારિત એવા મુદ્દા ધ્યાનમાં રાખવાના હોય છે: (૧) કયા અંકથી શરૂઆત કરવાની છે, (૨) કેટલા અંકોનો સરવાળો કરવાનો છે, (૩) કેટલી હારોમાં અંકોને ગોઠવવાના છે, (૪) ગોઠવણી કેવી પદ્ધતિએ કરવાની છે અને (૫) દરેક ઊભી હારનો સરખો સરવાળો કેટલો લાવવાનો છે.

(૧) માત્ર ૧ થી જ શરૂઆત કરવી પડે એવું નથી; ગમે તે અંકથી શરૂઆત થઈ શકે છે. (૨) આડા અને ઊભી બધી હારો પૂરેપૂરી બંધાઈ રહે એટલા અંકો લેવાના હોય છે. (૩) ૪૪૪મા અંકની 'ગણિત ગમ્મત'માં છે એ સર્પાકાર પદ્ધતિએ અંકો ગોઠવવાના હોય તો આડી હારોની સંખ્યા બેકી જ રાખવી પડે છે; એટલે કે આડી હારોની સંખ્યા બે, ચાર, છ, આઠ... વગેરે વગેરે જ રાખવી પડે છે; ત્રણ, પાંચ, સાત, નવ, ...વગેરે, વગેરે ન ચાલે.

ગમે તે અંકથી શરૂ કરી, લેવાના અંકોની સંખ્યા ચાર, નવ, સોળ, પચ્ચીસ,..., વગેરે, વગેરે પૂર્ણવર્ગ સંખ્યા જ રાખીએ કે જેથી સરખા અંકોવાળી આડી અને ઊભી હારોની સંખ્યા પણ સરખી જ થાય, તો ઊભી હારોના સરખા સરવાળા માટે નીચેની બે પગથિયા પદ્ધતિએ ચોરસની ગોઠવણી થઇ શકે છે.

↓ ૬	૭	૮	૯
૧૩	↓ ૧૦	૧૧	૧૨
૧૬	૧૭	↓ ૧૪	૧૫
૧૯	૨૦	૨૧	↓ ૧૮
૫૪	૫૪	૫૪	૫૪

૫	૬	૭	૮	૯
૧૧	૧૨	૧૩	૧૪	↓ ૧૦
૧૭	૧૮	૧૯	↓ ૧૫	૧૬
૨૩	૨૪	↓ ૨૦	૨૧	૨૨
૨૯	↓ ૨૫	૨૬	૨૭	૨૮
૮૫	૮૫	૮૫	૮૫	૮૫

(૪) આડી હારોની સંખ્યા એકી રાખવાની હોય અને પૂર્ણવર્ગ અંકો જ ગોઠવવાના હોય, તો આ રીતે બે પગથિયા-પદ્ધતિઓ છે; અને આડી હારોની સંખ્યા બેકી રાખવાની હોય અને ગોઠવવાના અંકોની સંખ્યા એવી હોય કે ગોઠવણી સર્પાકાર પદ્ધતિએ તો થઈ જ શકે પણ બે પગથિયા-પદ્ધતિએ પણ થઇ શકે, તો એ ત્રણ પદ્ધતિઓ છે.

(૫) ઊભી દરેક હારનો સરખો સરવાળો અમુક જ લાવવા માટે, કયા અંકથી શરૂ કરી, કેટલા અંકો લઈ, કેટલી હારોમાં, કઈ પદ્ધતિએ ગોઠવવા જોઇએ એ પ્રશ્નનો ઉકેલ મેળવવા ઉપરના ચાર મુદ્દા ધ્યાનમા રાખવા પડે છે.

કનુ રા. ડાભી

અ થા ણું

મોટા માણસોની હળવી વાતો

ઇંગ્લંડનો વડો પ્રધાન લૉઈડ જ્યૉર્જ એક વાર ભાષણ આપતો હતો એવામાં સભામાંથી કોઇએ ટીખળથી પ્રશ્ન કર્યો: 'મિ. લૉઈડ જ્યૉર્જ, તમને શું યાદ નથી કે તમારા દાદા ગધેડાની ગાડી હાંકતા'તા?'

અરધી જ મિનિટમાં એ માણસને જવાબ આપતાં સભાને ઉદ્દેશીને તેણે કહ્યું: 'ભાઇઓ ને બહેનો, હું દિલગીર છું કે મારા દાદા હાંકતા હતા તે ગાડી કેવી હતી એ તો મને યાદ નથી રહ્યું, પણ એનો ગધેડો હજી જીવતો લાગે છે!'

અડપલાં

ચડાઇ ચીનની

જુદી રીતે જોઉં ચડાઇ ચીનની:
સીમા વિષે વિગ્રહ છો યથાવત્
પ્રવેશ તો ભારતની ગલીગલી
થઇ ચૂક્યો—એક 'સચિત્ર ચીને'
ટપાલીને ટહુ કરી મૂક્યા જુઓ!

પ્રિયકાન્ત મણિયાર

વ્યાખ્યા

'ગરીબી એ શું છે?'

'પડોશીની સાહ્યબી જોઇને ઉત્પન્ન થએલી મનોવૃત્તિ.'



'ઉપરથી ઉતારીને મારા નામનું બૉર્ડ નીચે કેમ ટાંગ્યું છે? મૂરખા, તને ખબર નથી કે એની નીચે વસતિગણતરીના નવા નંબરો ઢંકાઈ જાય છે? ઈ. ૧૯૫૮ના સેન્સસ ઍક્ટ પ્રમાણે એ ગુનો થાય છે એનું ભાન છે?' વકીલ સાહેબે ઑફિસે આવીને પોતાના પટાવાળા-ની કારીગરી જોઈ તેને તતડાવ્યો.

'પણ સાહેબ, આપણો નંબર તો જુઓ. લોકો આપનું નામ વાંચે છે કે 'શ્રી સત્યવક્તા બી. એ., એલએલ. બી.; વકીલ ૪૨૦.' હવે આપ જ કહો સાહેબ, કે એ વાંચીને કોઈ ઘરાક આપણો ઉંબરો ચડે ખરો?' પટાવાળે બચાવ રજૂ કર્યો. (લલિત બૂચ)



ગેટિસબર્ગના યુદ્ધક્ષેત્ર પર 'પિકેટ્સનો હુમલો': ચિત્રકાર ફિલિપ્પોટૉ

આ વર્ષે અમેરિકન ઇતિહાસના એક અગત્યના પ્રસંગની શતાબ્દી છે: અને આ જ માસ (એપ્રિલ)માં તેના આરંભ અને અંતની તારીખો આવે છે, તે સામેના પૃષ્ઠ પર આપેલા 'પ્રસંગવિશેષ' પરથી જણાશે. એ પ્રસંગ પરત્વે જેમણે ગુલામી નાબૂદીના સિદ્ધાન્ત પરત્વે મક્કમતા, પરંતુ એમાંથી ચાતરીને દુશ્મન બની બેઠેલા દેશબાંધવો પ્રત્યે માનવતાભરી કરુણા દાખવી તે અમેરિકાના ત્યારના પ્રમુખ અબ્રાહમ લિંકનનો જન્મદિન પણ હમણાં બે માસ પર ૧૨મી ફેબ્રુઆરીએ ગયો. એ પ્રસંગવિશેષ અને વ્યક્તિવિશેષ બંનેનું સ્મરણ કરાવતું આ ચિત્રનું પણ બેવડું ઔચિત્ય છે. અમેરિકન આંતરવિગ્રહનું કદાચ આકરામાં આકરું યુદ્ધ તે આ 'ગેટિસબર્ગનું યુદ્ધ' હતું. એમાં દક્ષિણના સબળ સેનાપતિ જનરલ લીએ ૧૫૦૦૦ની મજબૂત સેના સાથે જનરલ પિકેટને સંયુક્ત લશ્કરની હરોળ તોડવા મોકલેલો. અમેરિકન ઇતિહાસમાં 'પિકેટ્સ ચાર્જ'ને નામે ઓળખાતા એ ભયંકર હુમલા સામે ત્રણત્રણ દિવસ સુધી ટક્કર ઝીલીને સંયુક્ત લશ્કરે અંતે પિકેટસને હાર આપી જેમાં ૫૦૦૦ માણસોની ખુવારી થઈ. ગેટિસબર્ગનું બીજું મહત્ત્વ એ છે કે થોડા જ માસ બાદ લિંકને એ યુદ્ધક્ષેત્રનો અમુક ભાગ આંતરવિગ્રહોમાં મરાએલાઓની ખાંભીઓ માટે 'રાષ્ટ્રીય સ્મશાનભૂમિ' તરીકે અર્પણ કર્યો. એ પ્રસંગે લિંકને કરેલું પ્રવચન અંગ્રેજી સાહિત્યમાં રત્ન સમ ગણાય છે.

આ માસ (એપ્રિલ) ઇતિહાસમાં : વ્યક્તિવિશેષ · દિનવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : વિલિયમ હાર્વે

"માનવહૃદયના બે ભાગ છે; ને તે બંનેમાં પણ બબ્બે ભાગ છે, જેમાં હોજરીમાંથી બનેલું લોહી સંઘરાય છે અને શરીરમાં વહે છે. એ લોહીના પણ બે પ્રકાર છે." આવી આવી



કંઇક માન્યતાઓ સોળમી સદીના વૈદક વિજ્ઞાનમાં પ્રવર્તતી હતી. પણ નિરીક્ષણો પરથી હાર્વેને એ ગલત લાગવા માંડી હતી.

ઈંગ્લંડમાં ફૉકસ્ટોન ગામના વેપારીનો એ પુત્ર વિલિયમ હાર્વે ૧લી એપ્રિલે જન્મેલો. પ્રથમ કિંગ્સ સ્કૂલમાં, પછી કેન્ટરબરીમાં ને છેવટે કૅમ્બ્રિજમાં અભ્યાસ કરી એ પાડુઆ (ઇટલી) ગયો ને ત્યાં ફેબ્રિસિયસ નામના તે કાળના નામાંકિત શરીરશાસ્ત્રી પાસે ભણ્યો. એ ફેબ્રિસિયસે લોહીની નસોમાં પડદા હોવાનું શોધી કાઢેલું.

પાડુઆથી દાક્તર બનીને કૅમ્બ્રિજ આવી હાર્વેએ ત્યાં પણ દાક્તરીનું પ્રમાણપત્ર મેળવ્યું અને લંડનમાં ધંધો શરૂ કર્યો. આ દરમ્યાન જ એ રાણી એલિઝાબેથના ખાસ દાક્તર લૅન્સીલૉટ બ્રાઉનની પુત્રી એલિઝાબેથ બ્રાઉનના પરિચયમાં આવ્યો અને તેની સાથે તેણે લગ્ન કર્યું. આ લગ્નથી રાજદરબારમાં પણ તેનો પ્રવેશ સરળ બન્યો અને ઈ. ૧૬૦૯માં સેન્ટ બાર્થોલોમ્યુ હૉસ્પિતાલના દાક્તર તરીકે એની નિમણૂક થઈ. અહીંના દર્દીઓના અભ્યાસથી એને લાગવા માંડ્યું કે લોહીના ફરવા વિષેની પ્રચલિત માન્યતામાં જરૂર કૈંક ભૂલ છે. અને એ શોધવા એણે માણસ, જાનવર, પક્ષી, દેડકાં, સાપ, સસલાં જે મળે તેના શરીરનું છેદન કરીકરીને નિરીક્ષણો કરવા તથા નોંધવા માંડ્યાં. પરિણામે એની નિજી માન્યતા સ્થપાવા લાગી.

નિરીક્ષણોમાં એણે જોયું કે શરીરની શિરાઓમાંના પડદા લોહીને એક તરફ જ જવા પ્રેરે છે. એણે એ પણ જોયું કે હૃદય લોહી સંઘરવાની નહિ પણ લોહીને શરીરમાં ધકેલવાની કામગીરી કરે છે. એને વળી એ પણ ખાતરી થઇ કે લોહી બે નહિ પણ એક જ પ્રકારનું હોય છે ને તે જ આખા શરીરમાં ફરતું રહે છે. ટૂંકમાં તેણે રુધિરાભિસરણના મહાન સિદ્ધાંતની શોધ કરી.

પણ શોધ કર્યા પછી છેક બાર વર્ષે ૧૬૨૮માં એણે પોતાનું પ્રતીતિકારક પુસ્તક પ્રકટ કર્યું. ત્યારે વૈદક જગતમાં ભારે હલચલ મચી ગઇ. વિરોધ પણ મોટો થયો. પણ આખરે સત્યની જીત થઈ. દરબારમાં તેનું માન વધી ગયું. રાજા ચાર્લ્સનો એ ખાસ દાક્તર નિમાયો. ચાર્લ્સ પોતે પણ તેના સંશોધનમાં ઊંડો રસ લઈ તેને જોઇતી બધી સગવડ આપતો. એવામાં ઈંગ્લંડનો આંતરવિગ્રહ આવ્યો. હાર્વેને તો રાજકારણમાં રસ હતો નહિ, પણ વફાદારી ખાતર એ ચાર્લ્સ સાથે લંડન છોડી ગયો.

બીજે વર્ષે રાજા ઑક્સફર્ડ આવ્યો ત્યારે તે ખુશ થઈ ગયો ને એણે પોતાનું કાર્ય વધાર્યું. પણ રાજા પ્રત્યેની વફાદારીને કારણે એ ઠીકઠીક હેરાન થયો. એના ઘર પર ધાડ પડી ને એનાં ઘણાં કીમતી લખાણોનો નાશ થયો, છતાં એણે પોતાનું કાર્ય તો ચલાવ્યું જ. હવે એણે અનુવંશ વિષે પણ સંશોધનો કર્યાં અને જો એ કાળે આજના જેવાં સાધનો એને મળ્યાં હોત તો કદાચ એ વિષય પર તે કોઈ ક્રાંતિકારી શોધ અચૂક જાહેર કરત.

ઑક્સફર્ડથી એ લંડન ગયો ને ત્યાં પોતાના વેપારી ભાઇઓ સાથે રહીને નિવૃત્ત જીવન ગાળવા લાગ્યો. તબિયત પણ હવે લથડી હતી. પત્ની ક્યારની અવસાન પામી હતી. કંઈ સંતાન પણ હતું નહિ. એવામાં ઈ. ૧૬૫૭ના ૩જી જૂને તેના પર પક્ષઘાતનો હુમલો થયો. પોતાની અંગત ચીજવસ્તુઓ પોતાના ભત્રીજાને અને પોતાની જાગીર, બ્યુરર્ચોશ, સસેકસ અને રૉયલ કૉલેજ ઑવ ફિઝિશિયનને સોંપી એ અવસાન પામ્યો. વાર્ષિક વ્યાખ્યાનો માટે એણે આપેલી મોટી રકમમાંથી હજી પણ દર વર્ષે હાર્વે લેક્ચર અપાય છે.

ઓછામાં ઓછાં સાધનો છતાં એણે શરીરવિજ્ઞાનમાં રક્તાભિસરણની જે શોધ કરી એણે શરીરવિજ્ઞાનમાં ઘણી મોટી ક્રાંતિ આણી.

દિનવિશેષ

તા. ૧ ભારતમાં પહેલવહેલી પોસ્ટલ સેવિંગ્સ બૅંકની પ્રથાનો આરંભ થયો, ૧૮૮૨.
તા. ૩ હિમાલયના સર્વોચ્ચ શિખર એવરેસ્ટ પરથી પ્રથમ હવાઇ વિમાનનું ઉડ્ડયન, ૧૯૩૩.
તા. ૪ યુનાઇટેડ સ્ટેટ્સનો તારાંકિત અને પટાદાર રાષ્ટ્રધ્વજ અસ્તિત્વમાં આવ્યો, ૧૮૧૮.
તા. ૬ ગ્રીસમાં ઑલિમ્પિક રમતો આંતરરાષ્ટ્રીય ધોરણે રમાવાની શરૂઆત થઈ, ૧૮૯૬.
તા. ૯ ઇંગ્લંડના સમૃદ્ધ રાષ્ટ્રીય કલાસંગ્રહાલય નૅશનલ ગૅલેરીનું ઉદ્‌ઘાટન થયું, ૧૮૩૮.
તા. ૧૦ વેદધર્મમાં ચેતના આણવા મહર્ષિ દયાનંદે 'આર્યસમાજ'ની સ્થાપના કરી, ૧૮૭૫.
તા. ૧૨ અમેરિકન રેડક્રૉસની સ્થાપક ક્લૅરા બાર્ટનનું મેરીલૅન્ડ ખાતે અવસાન થયું, ૧૯૧૨.
તા. ૧૮ ૧૮૫૭ના બળવાના છેલ્લા વીર તાત્યા ટોપેને સિપ્રી મુકામે ફાંસી અપાઈ, ૧૮૫૯.
તા. ૨૨ પહેલા મહાયુદ્ધમાં ભીષણ ઝેરી વાયુનો જર્મનોએ સૌ પ્રથમ પ્રયોગ કર્યો, ૧૯૧૫.
તા. ૨૪ યુરોપનો સૌથી લાંબો બુગદો સ્વિટ્ઝર્લાંડનો 'સિંપ્લન પાસ' ખુલ્લો મુકાયો, ૧૯૦૫.
તા. ૩૦ જ્યૉર્જ વૉશિંગ્ટન સ્વતંત્ર અમેરિકાના સૌ પ્રથમ રાષ્ટ્રપ્રમુખ ચૂંટાયા, ૧૭૮૯.

પ્રસંગવિશેષ : અમેરિકાના આંતરવિગ્રહનો આરંભ (૧૨મી એપ્રિલ ૧૮૬૧) અને અંત (૭મી એપ્રિલ ૧૮૬૫)

સ્વતંત્ર થએલાં અમેરિકન સંયુક્ત રાજ્યોની પ્રગતિમાંથી ભિન્ન અને કંઈક અંશે પરસ્પર વિરોધી આર્થિક હિતો ઊભાં થવા માંડ્યાં અને તેમનામાં ઉત્તર અને દક્ષિણ એવા બે વિભાગો પડી ગયા. દક્ષિણનાં રાજ્યો ખેતીપ્રધાન રહ્યાં અને એમની ખેતીનો ને સમૃદ્ધિનો બધો આધાર આફ્રિકન ગુલામોની કાળી મજૂરી પર હતો. પણ બીજાં બધાં રાજ્યોમાં ગુલામી વિરુદ્ધ મત કેળવાતો જઈ એ માટે કાયદા પણ ઘડાવા લાગ્યા હતા. એમાં મુખ્યત્વે ઉત્તરનાં રાજ્યો હોઈ દક્ષિણે તેમનાથી છૂટા થવા વિચાર્યું. ઐક્યમાં જ સૌનો ઉદ્ધાર જોનારા ત્યારના પ્રમુખ લિંકનને એ મંજૂર ન હતુ અને એ માટે એ વધુમાં વધુ ઉદાર થવા તૈયાર હતો. છતાં દક્ષિણનાં અગિયાર રાજ્યોએ ઉત્તર સાથેનું ઐક્ય ફગાવી દીધું. આમાંથી ઈ. ૧૮૬૧ની ૧૨મી એપ્રિલે આંતર-વિગ્રહ શરૂ થયો. શરૂમાં તો દક્ષિણે વિજયો મેળવ્યા, પણ તેમનો સમુદ્રમાર્ગ ઉત્તરે રૂંધી દેતાં અને ઈ. ૧૮૬૩થી અમેરિકન રાજ્યોમાંના બધા ગુલામોને લિંકને મુક્ત જાહેર કરતાં દક્ષિણ ઢીલું પડવા લાગ્યું અને આખરે નમી પડ્યું. ૧૮૬૫ની ૭મી એપ્રિલે આ આંતર-વિગ્રહનો અંત આવ્યો. પણ બળથી સ્થાપેલા ઐક્યની કંઈ કિંમત નથી એમ માનનારા લિંકને હારેલા દક્ષિણ તરફ ઘણું ઉદાર વલણ દાખવવા માંડ્યું. અને એમ એણે પુનઃ સ્થાપિત કરેલા એ ઐક્યથી આખરે અમેરિકાનાં એ સંયુક્ત રાજ્યોએ જે સિદ્ધિ અને સમૃદ્ધિ મેળવી તેના તો આપણે સાક્ષી છીએ.

ઊંચાનીચા ડુંગરા વચમાં વંકી પ્રો,
હાલીતલ હરમત ધરે, હૂકયા ભાળે લો.

—તનસુખ ભટ્ટ—

પોતાના ભત્રીજાના ખૂની રાઘોબા પેશ્વાને એ વિષયમાં એકમાત્ર વસવસો હતો તેના સત્યનિષ્ઠ ને ઉચ્ચચારિત્ર્ય ન્યાયમૂર્તિ રામશાસ્ત્રી પ્રભુણેનો. રાઘોબાનાં રાણીએ તેમને બોલાવીને 'સમજાવી લેવાનો' પ્રયત્ન કર્યો ત્યારે સ્પષ્ટ ઉત્તર મળ્યો કે પ્રાણ લેવાનો મારો ઇન્સાફ 'ન્યાયાસન ઉપરથી પ્રાણદંડ જ થશે.'

એ સાંભળી રાણીએ જ્યારે આંખ ફેરવીને ધમકી આપી કે 'અમે ધારીએ તો તમારી જીભ કાપી નાખીએ કે જીવતા ભંડારી દઇએ એ જાણો છો?' ત્યારે ન્યાયમૂર્તિનો શાન્ત ને નિશ્ચલ જવાબ મળ્યો : 'જીવ ખોવાના ડરથી આ જીભે અન્યાયી ચુકાદો નીકળે તેના કરતાં બહેતર છે કે એ જીભ જ કપાઇ જાય.'

કહેવતોના અર્થ : 'વા ઉપર વાવટા ને ભૂત ઉપર ચિઠ્ઠી'—બંને નકામાં. અનિશ્ચિત, અશક્ય, કે નિરર્થક વાત, પ્રયોગ, કાર્ય કે હિલચાલ દર્શાવવા માટે વપરાતી આ કહેવતને કાંઈક મળતી બીજી કહેવત : 'ગાંડી માથે બેડું.'

ગણિતગમ્મત : નીચેની રકમોમાં ૦ થી ૯ સુધીના આંકડા એક વખત આવી ગુણાકાર પૂરો બનાવે છે. તમે એવી બીજી સંખ્યા શોધી કાઢશો?

૮૧૬૯ × ૩ = ૨૪૫૦૭
૩૦૯૪ × ૭ = ૨૧૬૫૮
૫૮૧૭ × ૬ = ૩૪૯૦૨
૬૮૧૯ × ૩ = ૨૦૪૫૭

અનેકાર્થી શબ્દ : છડ = છોડું, પડ, ફોતરું; છડવું તે; ઝાડની છાલ; તાણ, પ્રવાહનું જોર; તોર, ખુમારી; દાડો; ફેલ, અહંકાર; બરુની સોટી, લાંબો બરુ; વાંસ, લાંબો વાંસ; માછલાં પકડવાની લાકડી; લાકડી, સોટી, છડી, સળિયો; ઘાસ સમું, સોટી, સોટી જેવું એક ઝાડ; ભાલાનો દાંડો કે હાથો; વળમાડ; તપસ્વિની; જટિલા; બરછી.



કુદરતની અજબ સૂરત : માત્ર ત્રણેક ઇંચના કદની 'દરિયાઈ ઘોડો' નામની આ માછલીની ડોક છટા જમીનના ઘોડાને આબાદ મળતી છે.

Certainly Shivaji was Aurangzeb's enemy yet he kept away from destroying mosques till expiration.

ઉપરનું વાક્ય ખરું છે ને સત્ય છે. એમાં એકે 'આર્ટિકલ' નથી; અને વધુ ખૂબી એ છે કે એમાં છવ્વીસે અંગ્રેજી મૂળાક્ષરો આવી જાય છે. (અં. રૂ. નાયક)

ચોપગાં પ્રાણીઓના ગર્ભવાસની મુદત

નામ	દિવસ
બિલાડી	૫૦
કુતરો	૬૦
ડુક્કર	૧૧૫
બકરું તથા ઘેટું	૧૫૦
ગાય	૨૮૫
ભેંસ	૩૧૦
ઘોડો	૩૪૫
ગધેડું	૩૮૦
હાથી	૬૧૫

(સંકલિત) ત્રિ. વો. દે.

સિત્તેર વર્ષ સુધીની ઉંમરમાં સરેરાશ મનુષ્યના નખ ૭ ફૂટ ૯ ઇંચ વધ્યા હોય.

અન્ન વસ્ત્ર ને ઊંઘ

તમારે અન્નનો સાચો સ્વાદ માણવો હોય તો તે ખાતાં પહેલાં મજૂરી કરો; કપડાંની ખરી મઝા માણવી હોય તો તે પહેરતાં પહેલાં તેનું મૂલ્ય ચૂકવો; ગાઢ નિદ્રા માણવી હોય તો સાફ અંતરાત્મા લઇને પથારીમાં પ્રવેશો.

(બેન્જામિન ફ્રાંકલિન)



કલાકણિકા : સુશોભિત ઘાટ અને ભાતનાં પાત્રોના અનેક નમૂનાઓમાં ગ્રીસનું એક વધુ પાત્ર




કલાકણિકા : છેક છાપરાની કિનાર સુધી પણ માનવીએ કલાનો સંસ્પર્શ પહોંચાડયો છે. લંકાના એવા બે અંતર્દેશીય સુશોભન, જે પૈકી એકમાં સિંહ ને બીજામાં હંસનું નિરૂપણ છે.



અંતરીક્ષમાં ઊડનારાં : ડાબી બાજુ રશિયન શ્વાન જેતાજેતરમાં અંતરીક્ષમાં ઊડીને પાછું આવ્યું છે. અને હવે અમેરિકામાં રૉકેટ લઇને ઊડનાર આ ત્રણ પૈકી એક કદાચ ચૂંટાશે. એમનાં નામ છે (ડાબી બાજુથી) વિમાની દળના કૅપ્ટન વર્જિલ ગ્રિસન, મરીન લૅફ્ટેનન્ટ કર્નલ જૉન ગ્લૅન અને નૌકા કમાન્ડર ઍલન શેપર્ડ.


દારૂબંધી અને નાની બચત
સમૃદ્ધિનો પાયો







ડાબી બાજુથી (૧) 'શણગાર' (દિલ્હીની નૅશનલ ગૅલેરીના સંગ્રહમાં); (૨) બીજાપુર (દક્ખણ)ની રાણી 'રંભાવતી'–મુંબાઈ આર્ટ સોસાએટીનો રૌપ્ય ચન્દ્રક મેળવનારું અને સ્વિટ્ઝર્લૅન્ડમાં રૂ. ૧૨૦૦ની કિંમતે ગએલું ચિત્ર; (૩) 'કૃષ્ણ-જસોદા'–લલિતકલા અકાદમીનું રૂ. ૧૦૦૦નું ઈનામ મેળવનાર ચિત્ર (દિલ્હીની નૅશનલ ગૅલેરીના સંગ્રહમાં).







સૌરાષ્ટ્રનાં દશ્યો : મથાળેથી : 'રબારી'; 'દહેરાં દહેરી'; 'ગામડાની શેરી'.

સર્વ ચિત્રોના કલાકાર
અબ્દુરહીમ આપાભાઈ આલમેલકર
એમના પરિચય માટે જુઓ 'કલાવાર્તા'

વાચકો લખે છે

એક વાર 'કુમાર'માં આવ્યું હતું કે નાયડુએ એક ઇનિંગ્ઝમાં ૧૧ છક્કા મારી જગત-વિક્રમ તોડયો હતો. આ વાત ખોટી હતી. તે વખતે વિક્રમ ૧૩ છક્કાનો હતો. હવે વૉરિકશાયરના જિમ સ્ટુઅર્ટે ૧૯૫૯માં બ્લૅકપૂલ ખાતે લૅંકેશાયર સામે ૧૭ છક્કા મારી દુનિયાનો વિક્રમ નોંધાવ્યો છે. મૅચ ફર્સ્ટ ક્લાસ કાઉંટી મૅચ હતી.

(સાન્ટાક્રુઝ) —ધનસુખલાલ મહેતા

'બસ-સ્ટૉપ'નું ભાષાંતર 'બસ-થોભો' એ અરધું છે; આખું તો 'ખટારો-થોભો' થાય. પણ 'બસ' આપણે રાખ્યું છે; એટલે મેં વડોદરા તેમજ અમદાવાદ મ્યુનિસિપાલિટીના વિદ્વાનોને લખી જણાવ્યું હતું (બહુ વખત પહેલાં) કે 'બસ' રાખો છો તો 'સ્ટૉપ'નું અપભ્રંશ 'થોભ' બનાવો—'બસ-થોભ'.

(વડોદરા) —ચન્દ્રવદન મહેતા

ફાઉન્ટન પેનની નવી ટાંક બરોબર ન ચાલતી હોય તો અરીસાના કે લીસા કાચ પર ૨ કે ૩ મિનિટ સુધી લીટા કરવાથી તે ટાંક લીસી અને લખવામાં સરળ થશે.

(સુરેન્દ્રનગર) —નરેન્દ્ર મહેતા

૪૩૯મા અંકમાં છેલ્લા પાના પર કલાકણિકાની નીચે લખ્યું છે કે 'અંક ૪૬૬માં આપેલા નમૂનામાં ઉમેરો કરતી કલાકૃતિ' પણ તે અંક ૪૬૬ નહિ પણ ૪૩૬ જોઇએ.

(ભાવનગર) —જનક એચ. પટેલ

ડિસેમ્બર અંકમાં જણાવેલો શ્રી યોગેશ પંડયાનો ખરજવાનો નુખસો મને સંપૂર્ણ રીતે સફળ થયો છે અને તે માટે હું શ્રી યોગેશ પંડયાનો તથા તમારો ઘણો જ આભાર માનું છું.

—જનક પંચોલી

તમારા લેખોમાં સામાન્ય લોકભાષા કરતાં ઊંચા શબ્દો આવે છે જે સામાન્ય વેપારી લાઈનના માણસોને સમજવામાં મુશ્કેલી પડે છે. અને દરેક માણસ શબ્દકોષ લઈને જોવા બેસે નહિ. તેના અર્થ આપતો વિભાગ શરૂ કરો તો મને લાગે છે કે ઘણાને ઉપયોગી થઈ પડશે.

(મુંબઇ) —જયંતિલાલ. પી. શેઠ